વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૬મું
ઓક્ટોબર - ૨૦૨૧
અંક - ૫૨૧


(કુલ પાના : ૬૦)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

માસ્ક પહેરો ● હાથને વારંવાર સાફ કરો ● પરસ્પરનું અંતર જાળવો ● કોરોના વેક્સિન અભિયાનને સફળ બનાવો

## ગુજરાતની અસ્મિતા : રાસ-ગરબા





જય આદ્યાશક્તિ મા, જય આદ્યાશક્તિ
અખંડ બ્રહ્માંડ ઉપજાવ્યા (૨) પડવે પંડે મા,
ૐ જયો જયો મા જગદંબે....

**હેપી દશેરા**

દશમી દશ અવતાર,
જય વિજયા દશમી મા, જય (૨)....

તંત્રી મંડળ :
પ્રતાપ નારણજી દંડ - મુખ્ય તંત્રી
દિનેશ આર. મહેતા - સહતંત્રી

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથરીવાળા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6001, 4890 6002, 4890 6003, 4890 6004
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

*સંચાલિત*

# NAVNEET® નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

*અને*

## કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ O. P. D. સેન્ટર

*તથા*

## દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર

**૨જો અને ૩જો માળ, ગાલા હબ એનેક્ષ, બસંત બહાર-૧ની બાજુમાં, ગાલા જીમખાના રોડ, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮**

**ફોન નં. : ૯૮૨૪ ૮૮ ૦૩૦૩, ૯૮૨૪ ૮૮ ૦૪૦૪ | Email: kjssmedicalbopal@gmail.com**
















છેલ્લા ૪૫ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**
**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**
- શિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક નવી દિશા. ........ **દિનેશ આર. મહેતા** ...... ૫

**દીપશીખા**
- શિષ્ટાચાર અને શાલીનતા ● વધુ શિષ્ટાચાર અહંકાર લાવે છે
- નકારાત્મકતા ઉપર વિજયી બનો ........ **ડૉ. પૂજા કોટક** ...... ૬

**અસ્મિતા**
- ગરબી, ગરબા અને બેઠાં ગરબા ........ **પારૂલ દેસાઇ** ...... ૭
- પાવન પર્વ : નવરાત્રિ ........ **ડૉ. એમ.પી. કાકડિયા** ...... ૮
- બાળા ભવાની, બાળા સુંદરી, બાળા ત્રિપુરારી : "આઈ બહુચર" ........ **ભૂપતરાય ઠાકર 'ઉપાસક'** ...... ૯

**'મા' વિષયક વિશેષ : કાવ્યો / ગીત સૃષ્ટિ**
- મા તારી પ્રાર્થનામાં : **પારૂલ બારોટ** ● વાત્સલ્યમૂર્તિ : **ઉમેશ જોષી** ........ ૧૧
- મા : **રતિલાલ સોલંકી** ● મા – મહિમા : **બકુલેશ દેસાઇ** ........ ૧૧
- મા : **ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા 'નટવર'** ● અમૃતનું રસ-પાન : **હરીશ પંડ્યા** ........ ૧૨
- મીઠી માવડી : **હસમુખ શાહ 'બેઝાર'** ● મા : **ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'** ........ ૧૨

**લેખ**

**પ્રાસંગિક**
- ૨ ઓક્ટોબર : ગાંધી જયંતી "આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ" ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૧૩
- વિચાર – કર્મ – આદત ........ **જસ્મીન દેસાઇ 'દર્પણ'** ..... ૧૬

**આયામ**
- માનવ મસ્તિષ્ક અને માતૃભાષા ........ **ડૉ. નાનક ભટ્ટ** ..... ૧૭
- સફળ થવું અઘરું નથી ........ **બાલેન્દુશેખર જાની** ..... ૧૮

**ગુલશન (ચાલુ શ્રેણી) (મણકો-૧૧)**
- ભાવ-ઊર્મિના વાહક : આબિદ ભટ્ટ ........ **ચંદ્રકાંત પટેલ 'સરલ', સાહિત્યકાર** ..... ૧૯

**નારી ગૌરવગાથા (મણકો-૭)**
- સ્વાસ્થ્ય - સૌષ્ઠવ - સફળતાનો ત્રિવેણી સંગમ : જસવંતી સુવાગિયા ........ **ડૉ. શીલા વ્યાસ** ..... ૨૩

**સુમિરે... બલબીરા, સ્મૃતિપટ પર સંભારણાં (સંકલન : બલવીરસિંહ જાડેજા)**
- ગમતાનો કરીએ ગુલાલ .......... **સૌજન્ય : પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર, પૂર્વ નિયામક, લોકભારતી** ..... ૨૪
- પરદેશમાં પ્રામાણિકતા ........ **સૌજન્ય : તુષારભાઈ દેસાઈ** ..... ૨૫
- ભૂકંપ ........ **સૌજન્ય : ડૉ. મહિમનસિંહ ગોહિલ** ..... ૨૫

**તકાદો**
- આકરી ઉઘરાણી ........ **ગોરધનદાસ ભેસાણિયા** ..... ૨૬

**દીદાર**
- દીપંકર શ્રીજ્ઞાન ........ **ડૉ. અનિલ આર. દ્વિવેદી** ..... ૨૮

**કચ્છ**
- 'બેટી બચાઓ, બેટી પઢાઓ'ની કામગીરીમાં અગ્રેસર કચ્છ ........... **ડૉ. પૂર્વી ગોસ્વામી** ..... ૨૯

**સ્વાસ્થ્ય**
- મને વારંવાર માથાનો દુઃખાવો (માઈગ્રેન) થાય છે–(૩) .... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૩૦
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


**શ્રદ્ધા**
- વારસદાર ........ **એમ. ડી. સોલંકી** ..... ૩૨

**પર્યટન**
- દેવોની મનોહર ભૂમિ : દેવઘાટ! ........ **રમેશ પટેલ** ..... ૩૪

**જીવનસાથી**
- અધૂરો પ્રેમ (સત્ય ઘટના પર આધારિત) ........ **સુનિતા શાહ** ..... ૩૫

**વાર્તા**
- ખારાની ખોડિયાર ........ **મહેન્દ્રભાઈ સી. જોષી** ..... ૩૮

**વિકાસ**
- પ્રત્યેક ઘેર નળ લાવે જળ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૪૦

**સાંપ્રત ચિંતન**
- આજે માતા-પિતાનો કર્તવ્ય ધર્મ ........ **નટવર આહલપરા** ..... ૪૧
- મન ........ **હરીશ પંડ્યા** ..... ૪૨

**નોલેજ બેંક**
- ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૫) : વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ... **રમેશ પટેલ** ..... ૪૩

**કારકિર્દી**
- જિલ્લા કલેક્ટરની અતુલ્ય ભૂમિકા ........ **હીરેન દવે** ..... ૪૪

**ગઝલ / કાવ્ય સૃષ્ટિ**
- અડપલું થયું : **પરિગ્રહી માંડલિયા** ● ફોટોગ્રાફ (મોનો ઈમેજ) : **રમેશ પટેલ** ........ ૪૫
- ગઝલ : **હસમુખ શાહ 'બેઝાર'** ........ ૪૫

**YOUTH CLUB**
- Some Golden Thoughts ........ Presentation : Dinesh R. Mehta ....... ૪૬

**માહિતી**
- ધૂમકેતુ વિશે જાણો ● ડ્રોન વિમાન ........ ૪૭
- વિશ્વનું સૌથી મોટું વૃક્ષ : કોલકાતા બોટાનિકલ ગાર્ડનનો વડલો ● કોમ્પ્યુટર નેટવર્ક વિશે જાણો....... ૪૭

**વૈવિધ્ય**
- આંજો કાગર ........ ૪૮
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૫૦
- એક અનોખો તહેવાર ........ **ડૉ. મેહા સંઘવી** ..... ૫૧
- યુગ પ્રવર્તક સ્વામી વિવેકાનંદ ........ **બી. જી. કાનાણી** ..... ૫૧

**ગેમ્સ ગેલેરી**
- શુભ નવરાત્રી ગેમ : **ભાવના એ. ઝવેરી** ● પાણી ઉપર કહેવતો ........ ૫૨

**નિયમિત વિભાગો**
- *Nano Nine* શબ્દ રમત-૧૭૫ ● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૩૩) ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૫૩

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**સંસ્થા સમાચાર**
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૩૩મી અને ૩૪મી વાર્ષિક સભાનો અહેવાલ.... ૫૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ ........ ૫૬
- ઓર્ગેનિક આહાર : "વેલ્યુ ફોર મની" ........ ૫૭



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**



તંત્રી લેખ

# શિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક નવી દિશા....



દિનેશ આર. મહેતા

કોરોના મહામારીના સમય દરમિયાનથી વિશ્વમાં શિક્ષણની રીત જ બદલાઈ ગઈ છે. દરેક સ્તરનું શિક્ષણ હાલે ઈન્ટરનેટ - ઓનલાઈન થઈ ગયું છે. ભારતમાં થોડા સમય અગાઉ એટલે કે કોરોનાની મહામારીના વચ્ચે પ્રથમ સી.બી.એસ.ઇ. અને પછી ગુજરાત સહિતના અનેક રાજ્યોના બોર્ડે દસમા ધોરણની વાર્ષિક પરીક્ષા રદ કરી. એ પહેલાનાં બધા ધોરણોના છાત્રો પણ પરીક્ષા આપ્યા વિના પાસ થઈ ગયા. છાત્રોની સાથે તેમના મા-બાપની ચિંતા ઓછી થઈ. હકીકતમાં કોઈપણ છાત્રોને ભણવાનો કંટાળો હોતો નથી પરંતુ પરીક્ષાનો 'હાઉ' હોય છે. છાત્રોનું ભણતર કેવું છે, તે માટે ત્રણ કલાકની પરીક્ષા યોગ્ય વ્યવસ્થા કહી શકાય કે કેમ? આ પણ એક યક્ષ સવાલ છે. **વર્ષોથી પરીક્ષા પદ્ધતિનું માળખું એટલું સજ્જડ રીતે ગોઠવાઈ ગયું છે કે, છાત્રો કે તેમનાં મા-બાપ શિક્ષણ પર નહીં પરંતુ માત્ર માર્કસ કે ગ્રેડ પર ધ્યાન કેન્દ્રિત કરતા હોય છે.**

હવે આ પ્રથામાં પરિવર્તનની હવા ચાલી રહી છે. **વૈશ્વિક સ્તરની યુનિવર્સિટીઝ પોતાના અભ્યાસક્રમના કોર્સિસ ઇન્ટરનેટ પર ઉપલબ્ધ કરવા લાગી છે.** આ પ્રકારની અનેક ઓનલાઈન એકેડેમી ખૂલી છે. જેમાં જોડાઈને છાત્રો વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટી કે ઇન્સ્ટિટ્યૂટના કોર્સનો લાભ સહેલાઈથી લઈ શકે છે. આ રીતે કોર્સ તૈયાર કરવામાં કેટલીક કંપનીઓ - કોર્પોરેટ પણ જોડાયા છે. જે પોતાની જરૂરિયાત મુજબ સંબંધકર્તાઓને શિક્ષણ આપવા ઈચ્છા રાખે છે. થોડા સમયથી એક્ટિવિટી તથા પ્રોજેક્ટ્સ પર આધારિત શિક્ષણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. એમાંના ઘણા કોર્સ તો બિલકુલ ફ્રી હોય છે. અગર કોર્સ પાસ કર્યાનું સર્ટિફિકેટ જોઈતું હોય તો તેનો માત્ર ચાર્જ આપવાનો રહે. બાકી સર્ટિફિકેટ વિના અભ્યાસ ફ્રી. **આવા કોર્સ હાલની સ્કૂલ - કોલેજનું સ્થાન લઇ લેશે એવો સમય આવી જશે. વિશ્વ આખું એ તરફ આગળ વધી રહ્યું છે.** આજના માહોલમાં અનેક ક્ષેત્રોના માળખામાં ફેરફાર થયા છે, તેવી રીતે શિક્ષણ ક્ષેત્રે પણ આ એક પરિવર્તન છે.

આ પ્રકારના અભ્યાસક્રમમાં મુખ્ય ત્રણ વિભાગો હોય છે. પ્રથમ વિભાગ નાના બાળકો માટે, બીજા વિભાગમાં ખાસ કરીને ટેકનોલોજી સાથે પ્રોગ્રામિંગ અંગે શિક્ષણ અપાય છે અને ત્રીજો વિભાગ કોલેજમાં પહોંચેલા અથવા તો સર્વિસ કરનાર માટે છે. આ રીતે દરેક સ્તરે પોતાનું જ્ઞાન વિસ્તારવાની તક પ્રાપ્ત થાય છે.

આ પ્રકારની શિક્ષા કોરોનાકાળથી શરૂ નથી થઈ. વૈશ્વિક સ્તરે આ રીતનું ઓનલાઇન એજ્યુકેશન લાંબા સમયથી ચાલી રહ્યું છે. આ શિક્ષણ રોજિંદા શિક્ષણની સમાંતર ચાલે છે. તેમાં આપણે પોતાની ગતિ અને અનુકૂળતાએ આગળ વધી શકીએ, એવા કોર્સ ઉપલબ્ધ હોય છે. **તેમાં પોતાની ધગશ અનુસાર સ્વશિસ્તથી શિક્ષા લેવામાં આવે તો જીવનની કારકિર્દી ઉજળી બની શકે છે.**

*૩૦૨, મર્લિન અર્હમ્, ૧૧, વિશ્વકુંજ સોસાયટી, નારાયણનગર રોડ,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.* ● *મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮*

## શિષ્ટાચાર અને શાલીનતા

વર્ષો પહેલા એક ઘટના અમેરિકામાં બની હતી. આ પ્રસંગ છે : રૂઝવેલ્ટ અમેરિકાના રાષ્ટ્રપતિ ચૂંટાયા હતા તે પદ સંભાળ્યા પહેલા વ્હાઇટ હાઉસ (અમેરિકાના પ્રમુખનું નિવાસ સ્થાન)માં તેમના આગમનની તૈયારીઓ શરૂ કરવામાં આવી. સંબંધિત અધિકારીઓએ રૂઝવેલ્ટની પસંદ વિશે શ્રીમતી રૂઝવેલ્ટ પાસેથી જાણકારીના પ્રયત્નો કર્યા, તો તેમણે વિનમ્રતાથી વ્હાઇટ હાઉસ જાતે શણગારવાની જવાબદારી લીધી. ત્યાર પછી પોતાના પતિની પસંદ અનુસાર તે ભવનને શણગાર્યું. જ્યારે તેણે રૂઝવેલ્ટના કાર્યાલયને સરખું કરી દીધું પછી તેઓ તેમના કામકાજમાં પણ મદદ કરવા લાગ્યા. એક વખત અમેરિકાના જાણીતા અખબારના સંપાદકનો ફોન આવ્યો, જે શ્રીમતી રૂઝવેલ્ટે ઉપાડ્યો. સંપાદકે રાષ્ટ્ર પ્રમુખના અંગત સચિવ મિસ મીલવીની સાથે વાત કરવી છે તેમ પરિચય સહ જણાવ્યું ત્યારે શ્રીમતી રૂઝવેલ્ટે જણાવ્યું કે PA શ્રીમતી મીલવી રજા ઉપર છે. તેમની જગ્યા પર આજે પોતે છે. તો જે કંઈ કામ હોય તે જણાવવા શાલીનતાથી કહ્યું. સંપાદકે ઓળખાણ માંગી તો શ્રીમતી રૂઝવેલ્ટ પોતે ફરજ પર છે તેમ કહ્યું. તેથી સંપાદક તો અભિભૂત થયો. 'નારદ પુરાણ'માં મોટાઈની વ્યાખ્યા છે કે **કોઈ કાર્યને નાનું ન સમજીએ તથા સમદૃષ્ટિ કેળવીએ. અત્રે સાર એ છે કે ખરી મોટાઇ તો શાલીનતા અને શિષ્ટતામાં છે.** પદ કે હોદ્દાના દંભ અને નિરર્થકતામાં કે તેની અક્કડતામાં નથી. શિષ્ટાચાર, શાલીનતા વધુ શોભે છે.

## વધુ શિષ્ટાચાર અહંકાર લાવે છે

જીવનમાં સંસ્કાર અને શિષ્ટાચારનું ખૂબ મહત્ત્વ છે. આમ જોવા જઈએ તો સંસ્કાર અને શિષ્ટાચાર વચ્ચે અંતર છે. **સંસ્કાર જન્મજાતથી અને શિક્ષણથી મળે છે, શિષ્ટાચાર ઘડતર અને તાલીમથી મળે છે.** શિષ્ટાચાર ફક્ત બાહ્ય સ્વરૂપ ધરાવે છે, જ્યારે સંસ્કાર અંતરાત્મા સાથે સંલગ્ન છે.

હવે માનવીય જીવનમાં આ બંનેનું સ્વરૂપ બદલાયેલું જોવા મળે છે. શિષ્ટાચાર ધંધાનો ગુણ બન્યો છે. જ્યાં કંઈક મેળવવું હોય ત્યાં જ હવે સભ્ય વર્તન થાય છે, અન્યત્રને 'સાઇડ ટ્રેક' કરવામાં આવે છે. હવે એવી માન્યતા છે કે કારણ વિના શિષ્ટાચાર દર્શાવવાને નબળાઈ ગણી લેવાય છે, પણ જ્યાં કંઈક પ્રાપ્તિની અપેક્ષા છે કે કંઈક મેળવવું છે ત્યાં વધુ પડતો શિષ્ટાચાર દર્શાવાય છે. શારીરિક હાવભાવ (બોડી લેંગ્વેજ)થી વધુ પડતા આભારી થવું કે વધુ સ્વાગત થાય, વસ્તુના આદાન પ્રદાનમાં વિવેકભાવ ન રહે, ભોજનનું પ્રસંગ વિના આમંત્રણ અને વાનગીનો રસથાળ ધરવો, ભેટો આપવી વગેરે બાબતો સંસ્કારગત 'શિષ્ટાચાર' નથી. આના થકી આપણી જાતને છેતરતા હોવાનું બને છે. આથી તો શિષ્ટાચાર અને સંસ્કાર એટલે કે શરીર અને આત્મા બંને દુભાય છે. વિનમ્રતા અહંકારનો મુખવટો બની જાય છે. **તેથી વધુ પડતો કે સ્વાર્થવાળો શોભાયમાન શિષ્ટાચાર ટાળવો જોઈએ.** જો તે આડંબરયુક્ત બને અને નિષ્ફળતા મળે તો ગુસ્સાથી સિદ્ધાંતોની પ્રતિક્રિયા થાય છે અને અશાંતિ સર્જાય છે. તેથી જીવન, કારકિર્દી, સામાજિક માહોલમાં સમરસતા કેળવવી જોઈએ અને આવી બાબતોનો અતિરેક ટાળવો જોઈએ.

## નકારાત્મક્તા ઉપર વિજયી બનો


જીવનમાં આપણા ઉપર ઘણી વખત કોઈ અદૃશ્ય વૈચારિક શક્તિ હાવી બની જાય છે. આને નકારાત્મક્તાનો પડછાયો કહી શકાય! આપણાથી આ ન થાય, મારું આ કામ નહીં! ગુજ્જુનું IAS પરીક્ષામાં કામ નહીં! વગેરે. આ અદૃશ્ય વિચાર આપણા મનમાં ભય પેદા કરે છે. **નિષ્ફળતાના ભયથી આપણે મર્યાદિતતા લાવવી જોઈએ.** તેનાથી આળસ અને અનિર્ણાયકતા આવે છે. સ્વતંત્ર વિચાર શક્તિ હણાઈ જાય છે, નિષ્ક્રિય બનીએ છીએ. આ એક માનસિક જાળ છે અને તેમાંથી છુટકારો મેળવવો પડે છે. નિષ્ક્રિયતા એક રોગ છે.

આપણે પ્રકૃતિના નિયમો જોઈએ તો તે કેટલી નિયમિત છે. રાત્રિ કે સવારની અંધકારમયતા વચ્ચે પણ કુદરતી પ્રવૃત્તિ કે કરિશ્મા ચાલુ છે. તેની ઘડિયાળ સતત ચાલુ છે તે 24 X 7 જ છે. **આપણે પણ નકારાત્મક્તા ઉપર વિજય મેળવવા સતત નિયમિતપણે પ્રવૃત્તિ ચાલુ રાખવી પડે. નિષ્ફળતાઓ હોય છે. તેનાથી નિષ્ક્રિયતા ન લવાય.** આપણી શક્તિ કેળવીએ. શ્રદ્ધા અને સબૂરી, સફળતાનો સ્તંભ છે. ગમે તે ઋતુ કે માહોલમાં સૂર્યોદય, સૂર્યાસ્ત થાય છે તેને કોઈ વાતાવરણની અસર પડતી નથી, તેમ વિદ્યાર્થી, યુવાનોએ અડગ મનોબળથી 'નેગેટિવ' બાબતોથી દૂર રહી કાર્ય કરવું પડે છે.

જો આપણી ખામીઓ ચાલુ રાખીશું તો પેલું નકારાત્મક 'ભૂત' ખુશ થશે અને આપણી પ્રગતિમાં રૂકાવટ લાવશે. **પરીક્ષામાં જેમ 'નેગેટિવ માર્કિંગ' પદ્ધતિથી દૂર રહી આપણે સાચા જ જવાબો લખી સફળતા મેળવીએ છીએ તેમ જીવનમાં પણ કરી શકાય છે.**

*– ડૉ. પૂજા કોટક*

*થાય એટલું કામ કરીએ અને કરીએ એટલું કામ થાય.*
*– આ બંને વાક્યોનો તફાવત*
*જેને સમજાય તેની પ્રગતિ થાય!!*



અસ્મિતા

# ગરબી, ગરબા અને બેઠાં ગરબા...



પારૂલ દેસાઈ

*'મેં તો જુવારા'ને માટીનાં જતન કર્યા,*
*મેં તો લીલુડી ધરતીમાં રતન ધર્યા...*
*હવે રે માડી કુમકુમ પગલે...*

નવરાત્રિ સમયે શ્રીમતી કામિનીબેન ઝાલાની કાવ્ય પંક્તિઓ ગાઇને મા ને આમંત્રણ આપવું ગમે.

**આદ્ય શક્તિ આરાધનાનું પર્વ એટલે નોરતા.** મા શક્તિની ભક્તિ અર્થે વર્ષ દરમિયાન ચાર નવરાત્રિની ઉજવણી થાય : (૧) માઘી નવરાત્રિ, (૨) ચૈત્રી કે વાસંતી નવરાત્રિ, (૩) અષાઢી નવરાત્રિ, (૪) આસો નવરાત્રિ. નવદુર્ગાના પૂજન અર્ચન સાથે નૃત્ય અને ગાયનરૂપી ભક્તિ રસનો મહિમા આસો નવરાત્રિમાં સવિશેષ છે. જેમાં ગરબી, ગરબા અને બેઠા ગરબાનો સમાવેશ થાય છે.

**'ગરબી' એટલે લહેકાવીને ગાવાનું પદ્ય.** સામાન્ય રીતે ગરબી પુરુષો દ્વારા ગાવામાં આવે અને માતાનું સ્વરૂપ એવી ટબુકડી બાળાઓ શૃંગાર સજી ગરબે ઘૂમે. દેવી માટે બનાવેલું લાકડાં કે ધાતુના ચોકઠાંને પણ 'ગરબી' કહેવાય. આ ગરબી ફરતે ગરબા રમાય. જે સ્થળે ગરબીનું આયોજન થાય તેને 'ગરબી ચોક' કહેવાય. **આસો નવરાત્રિ વખતે થતા ગરબીના આયોજનમાં સૌરાષ્ટ્ર આગળ હતું અને અત્યારે પણ છે.**

નવરાત્રિમાં બાળાઓ એકઠી થઇ રોજ રાતે માતાજીના સ્થાપન ફરતે ગરબે રમે. જેને સામાન્ય ભાષામાં **'શેરી ગરબી'** કહેવાય. દરેક જગ્યાએ 'ગરબી'ની પ્રેક્ટિસ એકાદ મહિના અગાઉ શરૂ કરાવી, વ્યવસ્થિત ગ્રુપ પાડી, ઉંમર પ્રમાણે બે તાળી, ત્રણ તાળી તેમજ દીવા, ટીપ્પણી, ઘડા, ગરબા, માંડવડી, દાંડિયા એમ વિવિધ વસ્તુઓ સાથે ગરબા રમાય. 'ગરબી'માં બાળાઓને ભેટરૂપે લહાણી આપવામાં આવે. કવિ દયારામની 'ગરબે રમવાને નીસર્યા રે લોલ...', 'શ્યામ રંગ સમીપે ન જાવું...', 'હવે સખી નહીં બોલું, નહીં બોલું...' તેમજ કવિ દલપતરામની બે જૂના જોગી રે, કહે સૈયર તે કોણ હશે? જેવી ગરબીઓ પ્રચલિત છે.

**ગરબા, એ લોક સંસ્કૃતિ છે. લોક નૃત્યોમાં સૌથી વધુ જોમ જુસ્સાવાળું ડાન્સ ફોર્મ છે. વિશ્વમાં ગુજરાતની આગવી ઓળખાણ તે રાસ ગરબા.** શૃંગાર સજી સ્ત્રીઓ, હીંચ, હુડો, પંચિયા રમે. તો પુરુષો મેરુ રાસ, અઠીંગો, અશ્વ રાસ, મણિયારો રાસ, દાંડિયા કે ઢોલ - તલવારના કરતરબ બતાવે. **આમ, શૃંગાર અને શૌર્ય રસનો સમન્વય નવરાત્રિને નવરંગી બનાવે.** છેલ્લા થોડાં વર્ષોથી પાર્ટી પ્લોટમાં અનેક સ્ટાઇલમાં ગરબા રમવાનું મહત્ત્વ વધ્યું છે. જેનાં પરિણામે મૂળ સંસ્કૃતિ વિસરાતી જઈ અમુક દૂષણોએ પગપેસારો કર્યો છે. જો કે બે વર્ષથી કોરોના મહામારીના કારણે ફરી પાછી શેરી ગરબાની શૈલી અમલમાં આવી ગઈ છે.

**ઘરના ગોખમાં પ્રગટ થયેલા માતાજીની પૂજા - ભક્તિ અર્થે ઊભા રહીને માતાજીના દર્શન થઈ ન શકે માટે બેસીને તેની સમક્ષ 'બેઠા ગરબા' ગાવાની શરૂઆત થઇ હશે** એમ માનવામાં આવે છે. પ્રાચીન વારસા સમા 'બેઠા ગરબા' એ નાગર જ્ઞાતિની ઓળખ બની ગયા છે. મા અંબા અને બહુચરના સ્થાપન સમક્ષ બેસીને તેના ગુણગાન ભક્તિ પ્રદર્શિત કરવાની કળા છે. **જેને 'આરાસુરી ગરબા' પણ કહેવાય.** રાગ, ઢાળ, તાલ દ્વારા કરાતી સ્તુતિ. નવરાત્રિ દરમ્યાન સાંજે - રાતે નવ દિવસ ઘેર-ઘેર અથવા મંદિરે કે સ્થાપન સ્થળે માતાના સાંનિધ્યમાં 'બેઠા ગરબા' ગાવામાં આવે. કવિશ્રીઓ માઇ કલાપી, વલ્લભ ભટ્ટ, વીનુ સુમંત, હિમાંશુ, યોગેન ભટ્ટ જેવા ગરબાના પ્રખર રચયિતાના ગરબાની રમઝટ વાતાવરણને ભક્તિમય બનાવે. 'અલબેલી અંબે માત... જોવાને જઇએ...', 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો...', 'માડી તારો હિંડોળો ઝાકમઝોળ', 'હવે મંદિરના બારણાં ઉઘાડો મોરી મા' જેવા અનેક કર્ણપ્રિય ગરબા ઢોલક, તબલા, હાર્મોનિયમ કે ઝાંઝના સથવારે અથવા કોઈપણ વાદ્ય સૂર-લય-તાલમાં ગવાય ત્યારે સાક્ષાત મા સરસ્વતીનો કંઠ આધ્યાત્મિક વાતાવરણ સર્જાતો હોય તેવું લાગે. **રાજકોટના 'માઇ કલાપી મંદિર' અને જૂનાગઢના 'પથુભાઈ મંડળ' એ બેઠા ગરબાનું ગૌરવ છે.** બેઠા ગરબાનું એક સ્વરૂપ 'તેર કવચ' સ્ત્રી-પુરુષના સહિયારા પ્રયાસે પણ ગાવામાં આવે. બાળકો શેરી ગલીઓમાં જઇને ગરબા ગાઈ અને માટીના ગરબામાં તેલ પૂરાવે.

આ નવરાત્રિએ પૂર્ણ શ્રદ્ધાપૂર્વક ગરબી, ગરબા અને બેઠાં ગરબાની પરંપરાનું લહાવો લઇ આદ્યશક્તિની ભક્તિ કરી મા ના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવો તેવી શુભકામના.

*"નીલયમ", સહકાર નગર મેઇન રોડ, મહિલા કોલેજ પાછળ,*
*એસ.બી.એસ. સોસાયટી, રાજકોટ. ● મો. ૯૪૨૯૫ ૦૨૧૮૦*



અસ્મિતા

# પાવન પર્વ : નવરાત્રિ



ડૉ. એમ.પી. કાકડિયા

અશ્વિન માસનો શુક્લ પક્ષ, શારદીય રમ્ય વાતાવરણ, રળિયામણી રાત. ચોતરફ લહેરાતા લીલાછમ ખેતર. વર્ષારાણીથી તૃપ્ત ધરા, નીલવર્ણું શુભ્ર નભોમંડળ, મંદ મંદ વહેતો શીતળ વાયુ, ફૂલગુલાબી ઠંડક – **પ્રકૃતિમાં આ સર્વનો શુભ યોગ એટલે શારદીય નવરાત્રિ પર્વ.** એ તો સૌ કોઈ આબાલ વૃધ્ધને બલાત્ આકર્ષે. આહ્લાદક એવી રઢિયાળી રાત ઉપાસના, આરાધના અને ભક્તિનો સંદેશ લઈને સૃષ્ટિમાં વિસ્તરે. શક્તિના શરણે આવેલાને મા વહાલ વરસાવે. કઠોર સાધના, ઉપાસના, આરાધના, પૂજા-અર્ચનાથી ભક્તનું ચિત્ત ભાવઉર્મિથી સભર થાય. પ્રસન્નતાથી પુલકિત થઈ ઉઠે. શક્તિમય હૈયામાં માની આરાધનાનો અપ્રતિમ તલસાટ ઉભરે. રહ્યું રહેવાય નહીં. કૃષ્ણ સાથે રાસ રમવા ઘેલી ગોપીઓ દોડી આવે તેમ માનો ઉપાસક ભક્ત રાસ-ગરબે ઝુમવા લાગે. ઉલ્લાસ અને ઉમંગ તેના કણકણમાં અનુભવાય. શક્તિના શરણે ગયેલા ભક્ત માટે અનુપમ લહાવો. આ અનુભૂતિ ભક્તને ધન્ય ધન્ય કરી મૂકે. તેની આરત પૂર્ણ થાય. દેવીને ભજ્યાના ભાવથી પોતાને પરિતૃપ્ત ગણે.

**સમય બદલાયો. વૈદિક અને પુરાણકાળ યુગ પૂરો થયો.** તત્કાલીન ભાવનાની પ્રબળતા ઉપર અસર ઝીલાણી. તંત્રશાસ્ત્ર કથિત કઠોર સાધનાનું બળ ઘટ્યું. યથાશક્તિ ઉપાસનાનો માર્ગ મોકળો થયો. **ક્યાંક તો રાતે લેવાતા રાસ-ગરબામાં ભાવના સમેટાઈને રહી ગઈ. ઉપાસનાનો આ માર્ગ પણ પ્રશસ્ત રહ્યો.** સાધનાનો તે સુકોમળ માર્ગ ગણાયો. આ કાળે કેટલાક સાધકો મક્કમતાથી સાધના સાથે જોડાયેલાં રહ્યાં તો કેટલાકે નવરાત્રિને ઉલ્લાસ અને ઉમંગની અભિવ્યક્તિનું પર્વ ગણ્યું. ક્લબ, મંડળ કે પાર્ટી પ્લોટ તેના આયોજનના ભવ્ય કેન્દ્રો બન્યા. યુવા ખેલૈયાથી મેદાન ઉભરાતા થયા. મનભર રાસ-ગરબાની રમઝટ લાગી. દેવી ઉપાસનાનો ભાવ હૈયે ધરી ભાવથી રમતા થયા. **આ છે તો શક્તિ ઉપાસનાનો જ માર્ગ પરંતુ સાધનાનું તત્ત્વ છૂટી ગયું.** સાધકના રૂપમાં શક્તિપૂજા તેમાં ઉમેરાય તો સોનામાં સુગંધ ભળે. માનો ભક્ત સાધના કે પૂજા-અર્ચના કરે એટલે સ્વયં તેનું હૈયું ઝૂમી ઊઠે. તેનાથી રહ્યું ન રહેવાય. માના ગુણગાન ગાવા થનગને. ખલૈયાનું રૂપ ધરી ભાવોર્મિની અભિવ્યક્તિ કરવા ચોકમાં નીસરી પડે. મનભર માને હૈયે રાખી ગરબે ઘૂમે. ભક્તના હૈયામાંથી ઊઠતો ઊભરો ઉલ્લાસ અને ઉમંગનું રૂપ ધરી નવરાત્રિમાં રેલાય.

શક્તિપૂજા કે ઉપાસના તો જગજૂની છે. વેદકાળના ઋષિ તેનાથી પરિચિત હતા. વેદનું રાત્રિસૂક્ત તેનું પ્રમાણ છે તો કેન ઉપનિષદમાં મળતું ઉમા-હેમવતી આખ્યાન આ તરફ જ સંકેત કરે છે. શક્તિપૂજાને વિશેષ મહાત્મ્ય પુરાણકાળમાં મળ્યું. માર્કંડેય પુરાણમાં પ્રાપ્ત ચંડીપાઠ અર્થાત્ દુર્ગા શપ્તશતી શક્તિપૂજાને અધિક મહાત્મ્ય આપે છે. મૂળ રૂપમાં તો તંત્ર ગ્રંથ પણ શક્તિની ઉપાસના કરનારા માટે અતિ પ્રમાણભૂત મનાય છે. શક્તિપૂજા કરવા માટે પૂર્ણ વિધાન અહીં મળી રહે છે. દેવી દુર્ગાના વિવિધ સ્વરૂપો ભલીભાંતી ઉજાગર થયા છે. દેવીનું પ્રાગટ્ય સંસારના કલ્યાણ માટે કહેવાય છે. યાદ રહે કે સાધકનું હૃદય જન્મ જન્માંતરથી અનેક વિકૃતિઓથી ભરેલું હોય છે. તેની અભિવ્યક્તિ કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, દ્વેષ, ઈર્ષ્યા વગેરેના રૂપમાં નિરંતર થઇ આવે છે, જે આવકાર્ય નથી. તેને નિર્મૂળ કરવામાં જ કલ્યાણ છે. આ વિકૃતિ આપણામાં ઘર કરીને પડી પાથરી છે. દેવીએ હણેલા રાક્ષસો મધુ, કૈટભ, મહિષાસુર, શુંભ, નિશુંભ વગેરે આપણામાં રહેલી આસૂરી વૃત્તિના જ પરિચાયક છે. નવરાત્રિ પર્વ આપણામાં પડેલી આવી વૃત્તિને શક્તિપૂજાના બળે હણવાનો સંકેત છે. એના ઉપર વિજય મેળવવાનો ભાવ છે. **આસૂરી વૃત્તિથી છૂટ્યા એટલે દેવીની અનહદ કૃપા ભક્ત ઉપર વરસે.** તેનામાં ઉદારતા, નમ્રતા, દાનશીલતા, શુદ્ધતા, નિશ્ચલતા, પ્રબુદ્ધતા વગેરે માનવીય ગુણો આવિર્ભુત થવા લાગે. નવરાત્રિ પર્વનો પણ આ જ ઉદ્દેશ્ય રહ્યો છે. **આ કારણે જ તેને આસૂરી વૃત્તિઓ અને વિકૃતિઓ ઉપર વિજય મેળવવાનું શુભ પર્વ ગણ્યું.** આપણામાં નિહિત દેવી શક્તિને ઉજાગર કરી આસૂરી વૃત્તિનું હનન કરતું પાવન પર્વ કહેવાયું. તેને ચરિતાર્થ કરતી શક્તિપૂજા એ જ નવરાત્રિની ખરી ફલશ્રુતિ.

*'માતરમ્', ૧, શિવમ સોસાયટી,*
*સત્યમ કોલોની પાસે, એરફોર્સ-૨ રોડ,*
*જામનગર-૩૬૪ ૦૦૧. ● મો. ૯૮૨૪૦ ૩૦૨૦૩*

*સરસ અને સમજવા જેવું : "મનુષ્યને બોલવાનું શીખતા લગભગ બે વરસ લાગે છે. પણ શીખ્યા પછી શું બોલવું એ શીખતા આખી જિંદગી વીતી જાય છે."*



અસ્મિતા

# બાળા ભવાની, બાળા સુંદરી, બાળા ત્રિપુરારી : "આઇ બહુચર"



ભૂપતરાય ઠાકર 'ઉપાસક'

ગુજરાતનું ગૌરવ છે કે ત્રણ ત્રણ શક્તિપીઠ આવેલી છે : આબુ - અંબાજી, પાવાગઢ - મહાકાળી અને શંખલપુર - બહુચરાજી મા.

*શંખલપુર સોહામણું ગામ,*
*ટોડાવાળી તારું ધામ;*
*વરખડીવાળું તારું સ્થાન,*
*મા બહુચર છે તુ જ નામ.*

પુરાણકાળમાં દંઢાસુર (દેત્રોજ), જે દૈવ્ય રાજપુર કહેવાતું, તેનો ગાદીપતિ દંઢાસુર હતો. દૈત્ય રાજપુર બૌરુવનમાં આવેલું છે. બૌરીવન આમ ચુંવાળ નામે ઓળખાય છે.




દંઢાસુર રાક્ષસ ધુમ્રલોચન રાક્ષસનો વંશજ હતો. ધુમ્રલોચન મા જગદંબા સામે યુધ્ધે ચડેલો. જગદંબાએ તેને હણ્યો તેથી તેના વંશજ દંઢાસુરને મા સામે વેર લેવું હતું. તપ કર્યું. 'જે સ્ત્રીએ મારા પૂર્વજને હણ્યો તેને મારી નજર સમક્ષ લાવો.' શિવ પાસે વરદાન માગ્યું. શિવજીએ કહ્યું, 'તે બાળારૂપે પ્રગટ થશે.'

વરદાન મળ્યા પછી ઈન્દ્ર પર ચઢાઈ કરી. દેવો પોતાના સ્થાન છોડવા લાગ્યા. ઈન્દ્ર પરાંબાને મળ્યા, રક્ષા માટે આજીજી કરી.

દંઢાસુરનો અંત નજીક છે. શંકર પ્રભુના વચન પ્રમાણે હું બાલારૂપે પ્રગટ થઈશ. પૂર્વે દક્ષની કન્યા સતીના હાથનો અવયવ જ્યાં પડ્યો હતો તે ધર્મારણ્યમાં મારું સ્થાન હશે.

હું બાળા બહુચર નામથી પ્રગટ થઈશ. દંઢાસુરે બાલારૂપે પ્રગટ થયેલ બાલિકાને વરખડીના ઝાડ નીચે બેઠેલી જોઈ. બાલિકાનું સ્વરૂપ અલૌકિક હતું. દંઢાસુરે પ્રશ્નો પૂછ્યા. માએ કહ્યું, 'દેવો સ્વર્ગ છોડી ગયા તેથી હું એકલી છું.'

'તું મારી સાથે ચાલ. પુત્રી તરીકે રાખીશ.' બાળા ચાલી નીકળ્યા.

દંઢાસુરની મતિ ભ્રષ્ટ થઈ. લગ્ન કરવા તૈયાર થયો. 'પિતા સમાન થઈ, દીકરી સાથે લગ્ન કરવા ઈચ્છે છે? સાંભળ... હું તને તારા કાળરૂપે હણવા માટે બાલા ત્રિપુરાદેવી થઈ પ્રગટ થઈ છું.'

બાલા ત્રિપુરા માએ ઉગ્રરૂપ ધારણ કર્યું. 'તારા પૂર્વજ ધૂમ્રલોચનનો સંહાર મારા હાથમાં જ થયો છે.' બંને લડ્યા. ત્રિશુલથી રાક્ષસનો નાશ કર્યો.

બાળા બહુચરા શંખલપુરમાં વરખડીના વનમાં આવી પોતાનું ઉગ્રરૂપ સમાવી લીધું. **હાલ શંખલપુરે શ્રી માતાજીના પગલાનું પૂજન થાય છે.**

'આનંદના ગરબા' ગાયક - રચયિતા મેવાડા પરિવારમાં, પિતા હરિ ભટ્ટને ત્યાં જનમ્યા.

માતાજીના પરમ ઉપાસક દંપતીએ માતાજી પાસે પુત્ર માંગ્યો. જોડકાં પુત્રોનો જન્મ, માના આશિષથી થયો. બંને માત્ર — ને માત્ર બીજા અક્ષર — ૐ હ્રીં અં ક્લીં બોલ્યા / જપ્યા કરતા હતા. ભણ્યા નહીં. વલ્લભ ધોળા, બીજ મંત્ર - પાંચ વરસ, પાંચ માસ, પાંચ દિવસ કર્યા. મા એ દર્શન આપ્યા. **મા એ આ અભણ બાળકને 'આનંદનો ગરબો' રચવા આજ્ઞા કરી.**

**મા જીભ પર વસ્યા ને આપણને 'આનંદનો ગરબો' મળ્યો.**

*આજ મને આનંદ વાધ્યો, અતિ ઘણો મા ।*
*ગાવા ગરબા છંદ બહુચર માત તણો મા ॥*

૧૧૮ છંદ સમૂહ સંકલિત ગરબો સંવત ૧૭૦૯ ફાગણ સુદ ત્રીજને બુધવારે ગરબો પૂર્ણ થયો.

*સંવત શત દસ સાત નવ ફાલ્ગુન સુદે મા ।*
*તિથિ તૃતીયા વિખ્યાત શુભ વાસર બુધે મા ॥*

એકવાર વલ્લભ શ્રીનાથજીના દર્શને ગયા. ૧૭૫૩. શ્રીનાથજીએ વલ્લભને શક્તિરૂપે નાકમાં નથણી સાથે દર્શન દીધા. વલ્લભ ભટ્ટના ઈષ્ટદેવ એકલિંગજી હોવા છતાં, મા રૂપે દર્શન દીધા અને ભટ્ટજી માના ઉપાસક - આરાધક બન્યા.

૧૧૧ વર્ષ જીવ્યા ભટ્ટજી. ૧૮૦૭માં દેહ ત્યાગી, મા પાસે ગયા.

માએ જે વરખડીના ઝાડ નીચે આરામ - સમાધિસ્થ થયા. માને પુનઃ પ્રગટ થવાની ઈચ્છા થઈ. એક ગોવાળ વરખડીના ઝાડ નીચે સૂઈ ગયો. "બાળક ઉઠ, આ બૌરૂવન છે. અહીં જળાશય છે. ઝાડ નીચે ત્રિશુલ છે ત્યાં મારૂં સ્થાપન કરજે." આટલું કહી, મા સ્વપ્નમાં અદશ્ય થયા.

નિશાનીઓ મળી. ગોખ બનાવ્યો. નૈવેદ્ય વિચાર્યું.

*તાંદુલ બાફો કૂલડી મહીં,*
*બાળા બહુચર જમશે ભાવ ધરી.*

કુલડીમાં તાંદુલ મૂકી, લાકડાં વીણવા ગયા. એ સમયે રાજા કટક સાથે ત્યાં આવ્યા. "તમારા કુળદેવી બહુચરાજી ખરા હોય તો તાંદુલથી આખા કટકને જમાડો." રાજાને પરીક્ષા લેવાનું મન થયું. આખા કટકને પ્રસાદ જમાડ્યો.

*બ્રહ્મ ભટ્ટ કુળ અવતર્યો, મૌન રહ્યો વર્ષ તેર રે,*
*મા સાનિધ્યે દહેરે રહ્યો, કવિ કીધો કુબેર રે.*

માનાજી ગાયકવાડે સંવત ૧૮૯૨માં ગરબાની રચના અને ૧૮૩૬માં મંદિર બંધાવ્યું.

- **દીકરીનો દીકરો :**

કાલરી ગામનો રાજા વજેસિંહ ચુંવાળના ૧૦૮ ગામનો ધણી હતો. આ રાજનું લગ્ન વીજાપુર તાલુકાના વસઈ ગામની વાઘેલાની કુંવરી સાથે થયું. વજેસિંહને બીજી રાણીઓ હતી. પુત્ર રત્ન પ્રાપ્ત થયું નહીં.

વાઘેલા રાણીને એક રાત્રે બાળક જનમ્યું. પુત્ર નહીં પુત્રી હતી. રાણીએ વૃદ્ધ રાજવીને, પુત્ર અવતર્યાનું જણાવ્યું. રાજાજી ખુશ થયા. પિતરાઈ ભાઈઓ ગાદી લે તેનો ભય હવે રહ્યો નહીં. પુત્રના પિતા થયાનો આનંદ આનંદ થયો.

કુંવરી (જેને કુંવર) કહ્યો તેને પુરુષના કપડાં પહેરાવ્યા. નામ રાખ્યું – તેજપાલ.

તેજપાલનું સગપણ પાટણના રાજા ચાવડાની પુત્રી સાથે કરવામાં આવ્યું.

મિલન રાત્રિએ કન્યાનો ભરમ ભાંગી ગયો. સ્ત્રી સાથે લગ્ન થયાની જાણ થઈ. કન્યા પિયર ચાલી ગઈ. માએ દીકરીને પૂછ્યું ત્યારે દીકરીએ ખુલાસો કર્યો.

ચાવડા રાજાએ જમાઈને પોતાના ઘેર આમંત્રણ આપ્યું. ઘરેણાં પહેરાવી, બખ્તર ચઢાવી સૌ પાટણ ગયા.

'સ્નાન કરી લો, પછી જમવા બેસીએ.' ચાવડા સસરાએ કહ્યું. 'હું કન્યા છું, પુરુષ નથી. વસ્ત્રો ઉતારીશ તો ભેદ ખૂલી જશે' એમ તેજપાલે કહ્યું.

તેજપાલ બહાર દોડી જઈ પોતાની ઘોડી પર સવાર થઈ ભાગવા માંડ્યા. પાટણનો દરવાજો કૂદી ઘોડી દોડતી રહી.

તેજપાલ બૌરુવનમાં, માના સ્થાનકે આવી ચડ્યો. જળાશયમાં કૂતરી પાણી પીવા ઉતરી, કૂતરી જળમાં પડી તો કૂતરો થઈ ગયો. પોતે ચારે તરફ જોઈ, જળાશયમાં સ્નાન કર્યું. સ્ત્રીના ચિહ્નો જતા રહ્યા. મૂછો ફૂટી. નારીમાંથી નર થયા. ઘોડીનો ઘોડો થયો.


ચાવડા કન્યાએ સમાચાર જાણ્યા. હર્ષ થયો. દીકરી વળાવી. ચાવડાને સ્વપ્નમાં મા બહુચરે વાત કહી. રાજા ખુશ થયા.

જમાઈ-સસરા ત્યાં આવ્યા જ્યાં ત્રિશુલનું ચિહ્ન જોયું. સોલંકી રાજાએ માતાજીનો ગોખ બનાવી, મૂર્તિ પધરાવી.

આજે તો બહુચરમાનું અતિ ભવ્ય, ઊંચું, આરસનું મંદિર છે. આ શક્તિપીઠ છે જ્યાં લાખો ભક્તો - યાત્રીકો દર્શને આવે છે. મા મનવાંછિત ફળ આપે છે.

*કળી કલ્પતરુ ઝાડ, જે જાણે તેને મા ।*
*ભક્ત લડાવે લાડ, પાડ વિના કેમે મા ।।*

*'બહુચરાશિષ', ૮, રઘુવીર નગર,*
*ધ્રાંગધ્રા-૩૬૩ ૩૧૦. • મો. ૯૯૨૫૫ ૬૬૨૯૮*



# 'મા' વિષયક વિશેષ : કાવ્યો/ગીત સૃષ્ટિ

## મા તારી પ્રાર્થનામાં

છંદ બંધારણ : ગાગાલગા, લગાગા, ગાગાલગા, લગાગા

શબ્દો ટૂંકા પડે છે, મા તારી પ્રાર્થનામાં,
તીરથ સહુ મળે છે, મા તારી પ્રાર્થનામાં.

મોંઘી અને સવાઇ આ પ્રેમની જણસ છે,
લખલૂટ એ ફળે છે, મા તારી પ્રાર્થનામાં.

ઘર, બારણું અને આ ઉંબર તને વધાવે,
મોસમ બધી કળે છે, મા તારી પ્રાર્થનામાં.

જાગ્યા કરું હંમેશાં ઉજાગરાને ઓઢી,
સુખનો સૂરજ ઉગે છે, મા તારી પ્રાર્થનામાં.

ખુદને ભૂલી અને હું તારામાં ઓગળી જઉં,
બ્રહ્માંડ ત્યાં ખૂલે છે, મા તારી પ્રાર્થનામાં.

કાયમ ઋણી રહીશ હું મા તારી ચાહનાની,
સહિયારું સુખ ભળે છે, મા તારી પ્રાર્થનામાં.

માતૃત્વનું સદાયે સન્માન થઈ રહ્યું જ્યાં,
ભગવાન ખુદ નમે છે, મા તારી પ્રાર્થનામાં.

**પારૂલ બારોટ - અમદાવાદ**
**મો. ૯૪૨૬૮ ૬૩૩૧૧**

## વાત્સલ્યમૂર્તિ

વિશ્વમાં 'મા'નો પર્યાય નથી બીજો,
મા ની કરુણાનો અધ્યાય નથી બીજો.

વાત્સલ્ય સરખું સૌ સંતાન પ્રત્યે,
કોઈનો આવો ન્યાય નથી બીજો.

માયા ઘટે ના અવિરત આંખમાંથી,
તોય મા જેવો વૈરાગ્ય નથી બીજો.

સકળ સમાધાન છે મા ના ચરણમાં,
પ્રભુ પ્રાપ્તિનો ઉપાય નથી બીજો.

જાત ઘસી, સંતાનને ઉજળા કરે,
મા જેવો અપરિગ્રહાય નથી બીજો.

**ઉમેશ જોષી - અમરેલી**
**મો. ૯૮૭૯૫ ૬૬૫૯૦**

## મા

છંદ બંધારણ : ગાલગાગા, ગાલગાગા, ગાલગાગા

તું હતી તો ઘર ખરેખર ઘર હતું મા,
એક મીઠું આંગણે સરવર હતું મા.

ધોમધખતા તાપ સામે ઢાલ જેવું,
એક માથે વાદળું ઝરમર હતું મા.

સાવ ખાલીખમ હતું પણ તું હતી તો,
એમ લાગે ખોરડું પગભર હતું મા.

યાતના વચ્ચે મલકતું ને હરખતું,
એ વદન હેતાળ ને મનહર હતું મા.

ફાયદા-નુકસાનનો હિસાબ શાનો,
તારું બસ હોવાપણું સરભર હતું મા.

**રતિલાલ સોલંકી - વડોદરા**
**મો. ૯૮૨૫૭ ૪૪૭૩૧**

## મા - મહિમા

મા - આઇ - અમ્મા કે મોમ
જનનીની બસ, એક જ કોમ.

ભારત - ગ્રીસ - મિસર કે રોમ...
બાપ સૂરજ ને માતા સોમ.

શક તને ઉચ્ચરતાં 'ઓમ'
'મા' બોલી જો, ઝળહળ વ્યોમ!!

બાપ સિધાવે જો પરદેશ,
બા બનતી બળબળતી ભોમ.

કૌશલ્યા કે કસ્તુરબા,
બેઉને હૈયે ધખતો ધોમ.

આમ એ હાલરડાં ગાશે,
હાક સૂણી કરશે 'યા હોમ.'

લૌકિકતા છે વેદની બીજ,
માનું હોવું સુદની નોમ.

**બકુલેશ દેસાઈ - સુરત**
**મો. ૯૮૨૫૧ ૫૨૯૨૩**

*"એકવાર તમારી પાસે જે 'નથી' તેની ચિંતા છોડશો, તો જે તમારી પાસે 'છે' તેનો આનંદ મેળવી શકશો."*

# 'મા' વિષયક વિશેષ : કાવ્યો/ગીત સૃષ્ટિ

## મા

યાદમાં ખોવાઉં તારી જે પળે મા!
કૈંક સ્મરણો આંખ વાટે ઓગળે મા!

હાથ સાથે હેત મસ્તક પર ફરે ત્યાં–
રોમે રોમ પ્રેમ-સ્પંદન ઊછળે મા!

'કેમ છે બેટા?' ફક્ત તું આમ બોલે,
તન અને મનની વ્યથા સઘળી ટળે મા!

માગવાની ક્યાં? જરૂર ના બોલવાની,
મૌન આશિષ છે સતત તારી મળે મા!

ના કશોયે ઠાઠ કે વૈભવ છતાં ઘર–
એક તારી હાજરીથી ઝળહળે મા!

હોય મતભેદો કદીક પરિવારમાં પણ–
બાંધતી તું પ્રેમ કેરી સાંકળે મા!

છે નિરાકારી નજર ના આવતો એ–
ઈશ તવ રૂપે મને તો સાંભળે મા!

*ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩*

## અમૃતનું રસ-પાન

મા તારાં બોલમાં અમૃતનું રસ-પાન,
મા તારાં બોલમાં ઈશ્વર કેરું ગાન.
વહાલ કરીને ખોળે લેતી
ગાલે ભરતી ચૂમી,
મને હસાવવા કાજ તું તો,
ગરબે જાણે ઘૂમી!
પીતાંબરી પહેરાવી, તું બનાવે કાન,
મા તારાં બોલમાં અમૃતનું રસ-પાન.
સંસ્કારોનું સિંચન કીધું
ભણી-ગણી પરણાવે,
દૂર શહેરમાં વસતો તોય
મા ની યાદ સતાવે.
મા વિના ગમતું ના, નથી ભાવતું ધાન,
મા તારા બોલમાં, અમૃતનું રસ-પાન.

*હરીશ પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭*

## મીઠી માવડી

શિલ્પ રૂડાં સ્વપ્નનાં કંડારતી,
કૂખમાં ઓધાનને આરાધતી.
ઘાટ ઘડવાને અલગ ને આગવો
કંઈ રસાયણ પંડમાં ઓગાળતી.
ગોદમાં લઈ ચૂમતી પુચકારતી,
પારણામાં થાબડી પોઢાડતી.
દિવ્ય-દૃષ્ટિ પાથરીને સ્પર્શતી,
ઘૂઘરો કે ખંજરી રણકાવતી.
આંજતી અંજન નયનમાં સાચવી,
ગાલ પર ટપકું કરી રખવાળતી.
એ મધુરપ ક્યાં મળે કો' અન્યમાં,
ભાવભૂર્વક ભાવતું ખવરાવતી.
મૂળ એનાં, દેણ એની, ઓપ પણ–
આંખડી કાયમ અમી વરસાવતી!
જીરવી લેતી સમયના તાપને,
આંસુ સાથે પ્રાણ પણ ઓવારતી.
મા નસેનસમાં વહેતું રક્તવત્,
ઉચ્ચતમ શિખરે સતત પહોંચાડતી.
ધન્ય છે 'બેઝાર' મીઠી માવડી,
કાળજે આંકી છબી શણગારતી.

*હસમુખ શાહ 'બેઝાર' - કઠલાલ*
*મો. ૯૪૨૮૯ ૦૩૧૪૪*

## મા

પ્રતિબિંબ ઉછાળી રહ્યો છું મા
તુજ નામ ઉજાળી રહ્યો છું મા.

તસ્વીર મયૂરી ભાવે જોતાં –
વાત્સલ્ય નિહાળી રહ્યો છું મા.

પળવાર સફર માણી તુજ સંગે–
એ ભાવ પખાળી રહ્યો છું મા.

તે મ્હેંક ખરેખર મૂકી શ્વાસે,
એ મ્હેંક જ ગાળી રહ્યો છું મા.

જે ગોદ થકી હાલરડું પામ્યો –
એ જાત પ્રજાળી રહ્યો છું મા.

*ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' - જામનગર*
*મો. ૯૫૧૦૧ ૨૯૪૧૯*





પ્રાસંગિક

## ગાંધી - બુદ્ધ - મહાવીરના મતે અહિંસાનો અર્થ

# ૨ ઓક્ટોબર – ગાંધી જયંતી : 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ'



ભરત'કુમાર' પ્રા. ઠાકર

બીજી ઓક્ટોબરની તારીખ ભારતવાસીઓ 'ગાંધી જયંતી' તરીકે ઉજવે છે. પણ ૨૦૦૭થી તેમાં નવું પરિમાણ ઉમેરાયું છે. **આપણા દેશની દરખાસ્તથી યુનોએ તેને 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિન' તરીકે જાહેર કરેલ છે.** જૈન ધર્મના સ્થાપક અને તેના ૨૪મા તીર્થંકર **ભગવાન મહાવીર સ્વામી** (ઇ.પૂ. ૫૯૮ – ૫૨૬), બૌદ્ધ ધર્મના સ્થાપક અને 'મધ્યમ માર્ગ'ના પ્રવર્તક **ભગવાન ગૌતમ બુદ્ધ** (ઇ.પૂ. ૫૬૩ – ૪૮૩) તથા આધુનિક યુગમાં સત્યના ઉપાસક અને અહિંસાના પૂજારી **રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી** (૧૮૬૯ – ૧૯૪૮) એ ફક્ત ભારતને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના માનવ સમાજને સત્ય - અહિંસા - કરુણાનો મહાન સંદેશ આપ્યો છે.

- **પ્રારંભિક :**

કાળનો મોટો પ્રવાહ વહી ગયો હોવા છતાં બુદ્ધ - મહાવીરની વાણી આજે પણ ખીલેલા ગુલાબની સુવાસ જેવી તાજગીસભર લાગે છે. જૈનોના ચાતુર્માસની આરાધનાનો મૂળ ઉદ્દેશ જ અહિંસા છે. ચોમાસામાં વનસ્પતિ અને જીવજંતુની ઉત્પત્તિ અને ઉપદ્રવ વધુ હોય છે. તેથી આવા સમયે સ્થિરવાસ કરી વધુ સમય ધર્મધ્યાનમાં પસાર થાય તો હિંસાનું પ્રમાણ ઘટાડી શકાય. ત્યારે આજના 'અહિંસા દિને' બંને ધર્મો અને બાપુના અહિંસા સંબંધી વિચારો પ્રેરક અને પ્રાસંગિક બની રહેશે.

થોડી નવાઈ લાગે એવી વાત છે કે ભારતવર્ષમાં લગભગ એક જ કાળમાં ઉદ્ભવેલા બે ધર્મો કે પંથોએ 'અહિંસા'ને પોતાનો મુખ્ય સંદેશ બનાવ્યો છે. જૈન અને બૌદ્ધ ધર્મ ઇ.પૂર્વે છઠ્ઠી સદીમાં અસ્તિત્વમાં આવ્યા છે. આ બંને ધર્મોના પ્રવર્તકો મહાવીર - બુદ્ધે સમાજમાં એકસરખા કુરિવાજોનો અનુભવ કર્યો અને તેના નિવારણ માટે પોતાના વિચારો મૂક્યા. પરંતુ અહિંસા સંબંધી બંનેના વિચારોમાં થોડુંઘણું અંતર પણ જોવા મળે છે.

- **જૈન મત :**

**અહિંસા અને અનેકાંતવાદના પાયા પર જ જૈન ધર્મની પ્રતિષ્ઠા થયેલી છે.** 'અહિંસા' એ જૈન ધર્મના 'પંચ મહાવ્રતો' (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ) પૈકીનું એક અને પ્રથમ વ્રત છે. મહાવીરે આપેલા જૈન ધર્મના 'ચાર મૂળભૂત સિદ્ધાંતો' (અહિંસા, સમાનતા, આત્મદર્શન અને સહઅસ્તિત્વ)માં પણ તે અગ્રસ્થાને છે. જ્ઞાન અને અહિંસા દ્વારા જ 'સમ્યક્ દર્શન' થાય છે. મહાવીરે પ્રબોધેલા ઉપદેશમાં 'અહિંસા' પરમ સત્યના શિખર સમાન છે. તેમણે કહેલું કે **પાપીની ઘૃણા કરશો નહીં, પાપની કરજો. તમે પોતે પણ તદ્દન નિષ્પાપી તો નહીં જ હો.**

જૈન ધર્મમાં અહિંસા સંબંધી સિદ્ધાંત અત્યંત કઠોર છે. તે અનુસાર મન, વચન અને કર્મથી કોઈ પણ જોડે કરાયેલું અનુચિત વર્તન હિંસા છે. ત્યાં સુધી કે કોઈને મારવા કે દુ:ખ પહોંચાડવાનો વિચાર ઉત્પન્ન થવો પણ હિંસા છે. તે રીતે ભોગવિલાસના નામે થતી જીવહત્યા હિંસા તો છે જ, ચાલવા કે જમવા સમયે જાણે-અજાણે જીવજંતુઓની થતી હત્યા પણ હિંસા જ છે, જે ન થવી જોઈએ.

જૈન ધર્મની માન્યતાઓ અનુસાર જૈન સાધુઓએ કઠોર નિયમોનું પાલન કરવું પડે છે. જૈન સાધુ ફક્ત દિવસે જ વિચરણ કરી શકે છે, જેથી ચાલતી વખતે રસ્તામાં આવતો નાનો જીવ પણ જોવામાં આવે અને તેની કોઈ રીતે હત્યા ન થાય. બાહ્ય રીતે જૈન ધર્મનો અહિંસાવાદી સિદ્ધાંત ઘણાને કઠોર અને અવાસ્તવિક જણાય, પણ **ઉત્તમ ભાવના સાથેની હિંસા અસાધારણ બાબતોમાં ક્ષમ્ય ગણાઇ છે.** જેમકે ઑપરેશન વખતે ડોક્ટરના પ્રયાસો છતાં દર્દીનું મરણ, ન્યાયાધીશ દ્વારા આરોપીને ફાંસીની સજા કે પછી સૈનિકો દ્વારા શત્રુઓને મારવા, એ હિંસા નથી બનતી.

- **બૌદ્ધ મત :**

જૈન ધર્મના 'પંચ મહાવ્રત'ની જેમ બૌદ્ધ ધર્મના 'પંચશીલ' (અહિંસા, અચૌર્ય, સત્ય, મદ્યનિષેધ અને બ્રહ્મચર્ય)માં પણ અહિંસા અગ્રસ્થાને છે. બૌદ્ધ ધર્મ અહિંસાની બાબતમાં જૈન ધર્મની સરખામણીએ વધુ ઉદાર છે. મહાત્મા બુદ્ધે અહિંસાના બદલે બધા જીવો પ્રત્યે પ્રેમપૂર્ણ વ્યવહાર (કરુણા) પર વધુ ભાર મૂક્યો છે. બૌદ્ધ મતમાં અહિંસાનો સિદ્ધાંત સારી રીતે સમજવામાં આવ્યો છે. તેમ છતાં તેને જૈન ધર્મમાં અપાયું છે એટલું મહત્ત્વ નથી અપાયું. અલબત્ત, બુદ્ધે પશુબલિનો વિરોધ કર્યો હતો. એમણે કહેલું કે દેવતાઓને બલિ ચડાવવાથી આપણાં પાપો ધોઈ

શકાતા નથી. એવી રીતે પૂજારી પૂજા કરે તેથી પણ કોઈ જીવને લાભ નથી થતો.

જો કે બૌદ્ધ ધર્મ જીવહત્યાની મનાઇ કરે છે, પણ તેણે અનુયાયીઓને માંસાહારથી ક્યારેય નથી રોક્યા. માત્ર તે જનાવરને કોઈ બિનબૌદ્ધ કસાઈએ કાપ્યું હોય તે પૂરતું ગણે છે. તેમ છતાં બુદ્ધે પ્રાણીહત્યા ન કરવા પર ભાર મૂક્યો છે. એક બૌદ્ધ ગ્રંથમાં કહ્યું છે કે પશુઓનું રક્ષણ કરવું જોઈએ, કેમકે તે માતા-પિતા અને સંબંધીઓની માફક આપણા મિત્રો છે અને ખેતી તેના પર નિર્ભર છે.

- **શા માટે?**

**અહિંસા વિશે બંને ધર્મોના સિદ્ધાંતોમાં જે તફાવત જણાય છે તેનું કારણ આ ધર્મો અપનાવનારામાં પણ દેખાતું થોડું વિભાજન છે.** બૌદ્ધ ધર્મમાં અહિંસા માટે જે લવચીક વલણ અપનાવાયું છે તેનાથી ખેડૂતો અને ગ્રામીણોમાં તે કંઈક વધુ લોકપ્રિય બન્યો જણાય છે. કેમ કે બૌદ્ધ ધર્મે પોતાના સિદ્ધાંતોમાં ખેતીની તત્કાલીન જરૂરિયાતને ધ્યાને રાખતાં ઘણા લોકોએ તે સ્વીકાર્યો. તેનાથી ઊલટું જૈન ધર્મમાં અહિંસાના સિદ્ધાંતની કઠોરતાના કારણે તે કિસાનોમાં એટલો લોકપ્રિય ન બની શક્યો. કેમકે ખેતીમાં ઘણીવાર પાકને બચાવવા જતાં ખેતીની જીવાતોને મારવી પડતી હોય છે. તેથી અહિંસાને મહત્ત્વ આપવાથી તેનો નાશ કરવો મુશ્કેલ બને છે.

જો કે એ સર્વવિદિત છે કે આપણા દેશમાં જૈન ધર્મ આધારિત અહિંસાધારાનું જ પ્રચલન વિશેષ છે. **ભારતીય સંસ્કૃતિમાં અહિંસાનો વ્યાપ ફક્ત જીવહિંસા પૂરતો જ મર્યાદિત નથી રખાયો. મન, વચન, કર્મ ત્રણેયમાં તે ઉતરે તો જ તે ખરા સ્વરૂપે અમલમાં આવે.** મનુષ્યમાત્રનું વર્તન તેના વિચારોમાંથી ઉદ્ભવે છે. તેથી વિચારમાં પણ અહિંસાનું આચરણ રહે તે માટે જૈન દર્શને અનેકાંતવાદ કે સ્યાદ્વાદની પ્રરોચના કરી છે!

- **ગાંધી મત :**

ભારતીય સંસ્કૃતિમાં અહિંસાની જે પ્રતિષ્ઠા છે તે જગતની અન્ય સંસ્કૃતિમાં જોવા મળતી નથી. આધુનિક યુગમાં અહિંસાના પૂજારી ગણાયેલા મહાત્મા ગાંધીના આગમન બાદ અત્યાર સુધી વ્યક્તિગત સ્વરૂપનું રહેલ અહિંસાના કાર્યક્ષેત્રને વિસ્તૃત સ્વરૂપ મળ્યું. **સમૂહગત સ્વરૂપે પણ અહિંસાનો સ્વીકાર કરીને લડત આપી શકાય એવો નૂતન વિચાર આપ્યો.** ગાંધીજીએ સત્ય અને અહિંસાને જોડીને એક અદ્ભુત સંયોજન રચ્યું તે 'સત્યાગ્રહ' અર્થાત્ અન્યાયનો અહિંસક પ્રતિકાર! એની મર્યાદા છતાં હિંસાના નૈતિક અવેજ રૂપે તે પ્રયોગ કેટલો ઉપયોગી પુરવાર થયો તે આજના સમયમાં પણ વારંવાર પ્રયોજાતા 'ગાંધીચીંધ્યા માર્ગે' શબ્દોમાં જોવા મળે છે.

- **'અહિંસા વર્ષ'ની ઉજવણી :**

ભગવાન મહાવીર સ્વામીના ૨૫૦૦મા પરિનિર્વાણ મહોત્સવનું વર્ષ (૧૯૭૪-૭૫) અને ૨૬૦૦મા જન્મ કલ્યાણક વર્ષ (૨૦૦૧-૦૨) ભારતમાં 'અહિંસા વર્ષ' તરીકે ઉજવાયા હતા. પરંતુ વિશ્વસંસ્થા 'યુનો'એ તો ભારતના અહિંસા વર્ષ (૨૦૦૧) અગાઉ જ આવી ઉજવણી કરી લીધી હતી. તેના દ્વારા પણ ૨૦૦૦નું વર્ષ 'શાંતિની સંસ્કૃતિ અને અહિંસા માટેના આંતરરાષ્ટ્રીય વર્ષ' તરીકે મનાવાયું હતું!

ભારતમાં અહિંસા વર્ષનો આરંભ 'મહાવીર જયંતી'ના દિવસ (૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૧)થી થયો હતો. તે દિવસે દિલ્હીમાં 'અનેકાંતવાદ તથા અહિંસા પર આંતરરાષ્ટ્રીય પરિષદ અને પરિસંવાદ' તેમજ અમદાવાદમાં 'સર્વધર્મ સદ્ભાવ સંમેલન' પણ યોજાયા હતા. આ દિવસે યુનોના મહામંત્રી કોફી અન્નાન (૧૯૩૮ – ૨૦૧૮)ને અહિંસક માર્ગે વિશ્વશાંતિમાં યોગદાન બદલ મહોત્સવ સમિતિ દ્વારા 'સહસ્રાબ્દી શાંતિ પુરસ્કાર' (૨૦૦૧) એનાયત કરવામાં આવ્યો હતો.

અણુવ્રત આંદોલન - પ્રેક્ષાધ્યાનના પ્રણેતા જૈન મુનિ અને તેરાપંથી સંપ્રદાયના ૧૦મા વડા આચાર્ય મહાપ્રજ્ઞજી (૧૯૨૦-૨૦૧૦)ની નિશ્રામાં 'અહિંસા વર્ષ' પ્રસંગે પશ્ચિમ ભારતનાં ચાર રાજ્યો (રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ)માં વિશિષ્ટ એવી ચાર વર્ષીય 'અહિંસા મહાયાત્રા' (૨૦૦૧-૦૪)નું પણ આયોજન થયું હતું.

- **પ્રથમ વિશ્વ અહિંસા દિવસ :**

'અહિંસા વર્ષ'ની કાયમી સ્મૃતિ રૂપે ગુજરાત સરકાર દ્વારા પણ દૂરગામી નિર્ણયો લેવાયા હતા. તેમાં **ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (પાટણ)ને હેમચંદ્રાચાર્યજી (૧૦૮૮-૧૧૭૩)નું નામકરણ**, અહિંસાના પાયા પર કામ કરનાર વ્યક્તિ કે સંસ્થાને **'મહાવીર જીવદયા પુરસ્કાર'**, દેશમાં પ્રથમ એવી **'અહિંસા યુનિવર્સિટી'** (ગાંધીનગર)ની સ્થાપના મુખ્ય છે. તો, ૨૦૧૭માં રાજ્ય સરકારે પાલીતાણા (જિ. ભાવનગર)ને **'અહિંસા શહેર'** તરીકે જાહેર કર્યું છે (જ્યાં દેશનું પ્રથમ 'જૈન સંગ્રહસ્થાન' આવેલું છે).

૨જી ઓક્ટોબરે (ગાંધી જન્મજયંતી)ને 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' તરીકે જાહેર કરવા ભારતના પ્રસ્તાવને યુનોએ ૬ઠ્ઠી જૂન, ૨૦૦૭ના સહમતિ આપેલી અને યુનોની મહાસભાએ તેને ૧૫મી જૂને બહાલી આપેલી. આમ, ૨૦૦૭થી તેની વૈશ્વિક ઉજવણી શરૂ થઈ છે.

તેની પ્રથમ વિશિષ્ટ ઉજવણી તરીકે યુનો દ્વારા 'શાંતિ અને સંસ્કૃતિના વિકાસનું શિક્ષણ' કાર્યક્રમ હેઠળ વિશ્વનાં જે પાંચ સ્થળોએથી વતનની માટી એકત્ર કરી તેને 'વિશ્વશાંતિની કુંભયાત્રા' રૂપે યુનોના મુખ્યમથક (ન્યુયોર્ક) મોકલવાના વિશિષ્ટ

કાર્યક્રમો યોજાયા. તેમાં મેક્સિકો, લંડન, નવી દિલ્હી (રાજઘાટ), અમદાવાદ (ગાંધી આશ્રમ) અને આદિપુર-કચ્છ (ગાંધી સમાધિ)નો સમાવેશ થયો હતો!

- **ગાંધી વર્ષ અને અહિંસા દિવસ :**

આમ તો ભારતમાં દર વર્ષે સાધુ ટી.એલ. વાસવાણી (૧૮૭૯ – ૧૯૬૬)નો જન્મદિન ૨૫મી નવેમ્બરે 'માંસરહિત અર્થાત્ નિરામિષ દિવસ' તરીકે ઉજવાય છે, જે પણ અહિંસા સાથે જ સંબંધિત છે. ઉપરાંત, અહિંસા વર્ષ (૨૦૦૧)ની 'મહાવીર જયંતી' પણ વિશેષરૂપે 'માંસાહાર વિનાના દિવસ' તરીકે મનાવવામાં આવી હતી.

આજીવન અહિંસાના પૂજારી રહેલા ગાંધીજીનું જન્મ શતાબ્દી વર્ષ (૧૯૬૯) દુનિયાભરમાં 'આંતરરાષ્ટ્રીય ગાંધી વર્ષ' તરીકે ઉજવાયું હતું. વૈશ્વિક સ્તરે કોઈ વર્ષ નિર્ધારીત વિષય કે પ્રસંગ વિશેષને બદલે વ્યક્તિ વિશેષ પર મનાવાય એવો આ કદાચ પ્રથમ અને એકમાત્ર બનાવ છે!

બીજી ઓક્ટોબરનો દિવસ ગાંધી જયંતી અને વિશ્વ અહિંસા દિવસ ઉપરાંત ત્રીજો સંદર્ભ પણ ધરાવે છે. સુધાંશુજી મહારાજના અનુરોધથી આ દિવસને નવું રૂપ અને કલેવર આપી **'માતા-પિતા કૃતજ્ઞતા દિવસ'** તરીકે પણ મનાવાય છે, તે બહુ ઓછા લોકો જાણતા હશે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## GUJARATI KA DIMAAG

Mumbai Police put a sign board at ANDHERI : "NO PARKING ZONE. Penalty : Rs. 250/-"

No one was ready to obey the order. People used to even park their cars under the board.

A few days later, a Gujarati passed by that place.

He saw the whole scene and understood. He made two changes to the board. He erased words "No" and "Penalty" from the board.

Now the board read : "PARKING ZONE. Rs. 250/-"

Now people have stopped parking there...

(Gujarati Ka Dimaag)

The Police is searching to honour that Gujarati.

## માનવ મસ્તિષ્ક અને માતૃભાષા


**(અનુસંધાન : પાના નં. – ૧૭ ઉપરથી ચાલુ)**

**માતૃભાષાની અનિવાર્યતાનો ત્રીજો આયામ ભાષાની ગૌરવગાથા સાથે જોડાયેલ છે.** અ, ઓ અને મ ના વિસ્તાર તરીકે સંસ્કૃતમાંથી વિકસેલ પ્રાકૃત ગૂર્જરી અને તેમાંથી આજે લખાતી ગુજરાતી ભાષાનો ઉપયોગ વર્ષ ૧૫૨૦માં કવિ ભાલણે નળાખ્યાનમાં કર્યો હતો. કવિ ભાલણથી કવિ ઉમાશંકર સુધીની ૫૦૦ વર્ષની યાત્રા એટલી બધી પ્રશસ્ય રહી કે આજે વિશ્વના ૧૨૯ દેશોમાં વસતા ૬.૫૫ કરોડ લોકો ગુજરાતીપણાને ભાષાના તાંતણે બાંધી વિકસી રહ્યા છે. આપણી ભાષામાં પ્રકાશિત કરોડો ગ્રંથો, કાવ્યો, નાટકો, વાર્તાઓ, નવલકથાઓએ ગુજરાતીઓને બુદ્ધિધન, ધનવાન, નિર્ણયાત્મક, મુત્સદ્દી અને મુઠ્ઠી ઊંચેરા સ્થાને મૂક્યા છે અને આથી જ કોઈ પેઢીને પોતાની માતૃભાષાને છેહ દેવાનું પાપ ન પોષાય.

યંત્ર તરીકે મનુષ્યદેહને શ્રેષ્ઠતમ સંભાવનાઓ સુધી પહોંચાડવા માટેના કેલિફોર્નિયાની રોયેસ્ટર યુનિવર્સિટીના ન્યુરો સાયન્સ અભ્યાસમાં જણાવાયું છે કે **માનવ મસ્તિષ્કને ૨૫,૦૦૦ શબ્દોને ચિત્રોમાં સ્થાયી કરવા માટે ૧.૫ મેગા બાઈટ મેમરીની આવશ્યક્તા રહે છે. પરંતુ આજે ૨૫૦૦૦ માતૃભાષી શબ્દોને સ્મૃતિગત કરવા ૦.૭૫ મેગા બાઈટથી પણ ઓછી જગ્યા રોકાય છે.** અહીં માનવ મસ્તિષ્કમાં સેવ થતાં ડેટા અને ન્યુરોન્સના ઈલેક્ટ્રોમેગ્નેટિક ફિલ્ડની બાયોટેકનિક પણ સ્પષ્ટ કરે છે કે માતૃભાષા જ ઉત્તમ રીતે માણસજાતનો વિકાસ કરી શકે છે.

વયક્તિથી સમાજ કે નાદથી ગૌરવવંત ઈતિહાસ સુધીની પરિપાટી ઉપર માતૃભાષા જ વૈજ્ઞાનિક અને તાર્કિક અભિગમ વચ્ચે ખરી ઉતરે છે ત્યારે લાભ-હાનિનો હિસાબ જાણનાર ગુજરાતી પોતાના સંતાનોને અંગ્રેજી માધ્યમના શિક્ષણ કૂટનીતિમાં ન હોમી દે તેવી માતૃભાષીની અભ્યર્થના. મહાભારત અને રામાયણકાળથી પ્રચલિત સમાજ સુધારણાનો ઉપદેશાત્મક વિકલ્પ હવે જીર્ણ થઈ ગયો છે **ત્યારે તકનિકી વિજ્ઞાનના સહારે મોબાઇલમાં જ ટ્રાન્સલેશન એપ પ્રચલિત કરી તમામ વિદ્યાર્થીઓને માતૃભાષી રાખી શકાય તેવી સંભાવના હાથવગી થઈ છે.** શાળા – મહાશાળાઓ શિક્ષણના માધ્યમ તરીકે ભાષાનો મુક્ત વિકલ્પ સ્વીકારે. શિક્ષણ વિભાગ પણ શિક્ષણ સંસ્થાઓની પ્રયોગશીલતાને મોકળાશથી વિકસવા દે અને નાગરિકો પણ અંગ્રેજી ભાષાના મોહમાંથી મુક્ત થવાની માનસિકતા કેળવે અને તકનિકી વિકલ્પને પસંદ કરે તેવી શુભ ભાવના.

*૫૦૭, શિશુવિહાર, ભાવનગર.*
*મો. ૯૮૯૮૪ ૬૩૪૮૯*



પ્રાસંગિક

# વિચાર – કર્મ – આદત



જસ્મીન દેસાઇ 'દર્પણ'

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે વિચારથી કર્મ (કાર્ય)ની ઉત્પત્તિ, કર્મથી આદતની, આદતથી ચારિત્ર્યની અને ચારિત્ર્યથી પ્રારબ્ધની ઉત્પત્તિ થાય છે. આમ, આપણા જીવનની ગતિવિધિ અને શૈલીનું મૂળ વિચારોમાં છે. આ વિચાર એક બીજરૂપે છે. જેવું બીજ એવું વૃક્ષ. **આથી આપણા વિચાર દ્રઢ - હકારાત્મક એટલે કે સકારાત્મક હોવા જોઈએ.** વળી તે સારી અને સાચી દિશાના, મૂલ્યવાન, ઉત્સાહી, પ્રેમ અને કરુણાસભર સમાજ કલ્યાણ સ્વરૂપના હશે તો તેમાંથી જે કાર્ય કર્મ કરવા આપણે તૈયાર થઈશું, પ્રેરાશું અને છેવટે કરશું, એ પણ ઉત્તમોત્તમ હશે. તેમાંથી આપણી આદતો જીવનશૈલીનું નિર્માણ પણ એ મુજબનું હશે. **વળી, સારી આદતો જ આપણા ચારિત્ર્યનું પરિબળ છે.** આપણે પ્રેમ – કરુણા – દાન-પુણ્ય – ધર્મ વિશેની સારી આદતો ધરાવતા હોઈશું તો સરવાળે આપણું ચારિત્ર્ય સારું હશે જ. સારા ચારિત્ર્યને પરિણામે આપણે આપણા પ્રારબ્ધનું નિર્માણ કરી શકીએ છીએ - પ્રારબ્ધને જગાડી શકીએ છીએ. **આથી જ સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે કે, 'તું જ તારા ભાગ્યનો ઘડવૈયો છે.'**

આથી જીવનની આવી સઘળી બાબતના અંતિમ સ્વરૂપના મૂળમાં તો વિચાર જ મહત્ત્વનો છે. નબળા વૃક્ષનું બીજ પણ નબળું જ હશે. કાંટાળું નકામું વૃક્ષ વાવો તો તેમાંથી આંબો ન થાય. મધમીઠી કેરીઓ ન થાય. આવી વિચારશુદ્ધિ મહત્ત્વની છે. આવી વિચારશુદ્ધિ સારા પુસ્તકોના વાંચન, શાસ્ત્રોના અધ્યયન, સત્સંગ અને સંતોના આદર્શો જીવનમાં ઉતારવાથી જ પ્રાપ્ત થાય. આથી જ કહેવાયું છે કે, **'સોબત તેવી આદત.'** આ આદતનો ઉદ્ભવ મુળભૂત રીતે વિચારમાંથી જ હોય છે.

વિચારમાં આપણો દૃષ્ટિકોણ મહત્ત્વનો ભાગ ભજવે છે કારણકે આપણે દરેક બાબત કેવી રીતે વિચારીએ છીએ તેમાં આપણા દૃષ્ટિકોણ કેવો છે એ જોવાનું ઘણું મહત્ત્વ છે. આથી જ ઈંગ્લેન્ડના પૂર્વ વડાપ્રધાન વિટ્સન ચર્ચિલે કહ્યું છે કે, 'દૃષ્ટિ' કહેવામાં તો નાનો શબ્દ છે પણ આપણા જીવન અને કાર્ય પર મોટો પ્રભાવ પાડી જાય છે.

વળી હકારાત્મક એટલે કે સકારાત્મક અભિગમ પણ આપણા સારા-સાચી દિશાની ઉપજ છે. આ અભિગમ જીવનમાં હોવો જરૂરી છે. જે આપણી અણગમતી પરિસ્થિતિને હળવી બનાવે છે અને તેમાંથી રસ્તો કાઢવામાં મદદરૂપ થાય છે. આપણે પરિસ્થિતિના આવા અભિગમને સ્વીકારીને વાસ્તવિક્તા શીખવી જોઈએ. આથી જ તો કવિ દલપત પઢિયાર લખે છે એ સાચું છે. એમણે લખ્યું કે : 'મૂંઝાવું નહીં – જિંદગી છે આમતેમ ચાલ્યા કરે કંઈકનું કંઈક' હકારાત્મક અભિગમ આપણા જીવનનો પ્રકાશ છે, જે આખરે વિચારશુદ્ધિનું જ પરિણામ હશે.


વિચાર વિશે વિસ્તૃત ચર્ચા એટલા માટે કરી કે **વિચાર જ આપણા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આવા વિચારોમાંથી કર્મો જન્મે છે. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'** – કહેવત મુજબ આપણા કાર્યો થાય અને આથી સર્વે સારું કે ખરાબ અનુભવાય. આથી સારા વિચારો થકી સારા કાર્યો થાય. સમાજમાં આપણે સન્માન પામીએ, નહીં તો 'હલકટ' માણસ કહેવાશું, જો ખરાબ વિચારો થકી ખરાબ કાર્યો કરીશું.

સારા કર્મો થકી જીવનમાં સારી આદતો પડે. એ આદતો થકી સારી - સાચી દિશાની જીવનમાં શૈલી વિકસે. સારી આદતો થકી, રીતભાતો થકી, આપણા ચારિત્ર્યનું ઘડતર થાય. આપણા કાર્યોમાં સફળતા મળે. આડે આવતી મુશ્કેલીઓ દૂર કરી શકીએ. સમજદારી અને વિવેક શક્તિ વધે. આખરે આપણું સારું ચરિત્ર આપણા સુખનો દર્પણ બની રહે છે. સમાજમાં સન્માનિત થઈ શકીએ છીએ.

**ચારિત્ર્યમાંથી પ્રારબ્ધનું ઘડતર થાય છે.** આપણું ચારિત્ર્ય જો મહેનતસભર - નિષ્ઠાવાન - દ્રઢનિશ્ચયી, હિંમતવાન, આશાઓથી ભરપૂર, શ્રદ્ધાળુ અને સ્વપરીક્ષણને જાણનારું હશે તો આપણે આપણા ખુદનું પ્રારબ્ધ ઘડી શકીશું. આ સર્વે થકી પ્રારબ્ધને જગાડી શકશું. હિંમત તો ચારિત્ર્યનું મહત્ત્વનું પાસું છે. આથી જ કહેવાયું છે કે, **'હિંમતે મર્દા તો મદદે ખુદા.'**

આ મુજબ આપણે પૂ. બાપુના આદર્શો અને વિચારોને જાણી, અપનાવીએ, જે તેમને શ્રદ્ધાંજલિરૂપે હશે.

*'નિલયમ', એસ.બી.એસ. સોસાયટી,*
*સહકાર નગર મેઇન રોડ, મહિલા કોલેજ પાછળ,*
*રાજકોટ - ૩૬૦ ૦૦૭. મો. ૯૪૨૮૩ ૪૯૮૧૨*



આયામ

# માનવ મસ્તિષ્ક અને માતૃભાષા



ડૉ. નાનક ભટ્ટ

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિકે ભારતના પ્રાથમિક શિક્ષણને અનુકૂળ રીતે ઢાળવા વર્ષ ૧૮૩૫માં થોમસ મેકોલેને રણનીતિ તૈયાર કરવા નિમંત્રણ આપ્યું. અંગ્રેજ ઈતિહાસકાર ભારત પરિભ્રમણ પછી નોંધે છે : '**ભારતની પ્રાચીન શિક્ષણ વ્યવસ્થા અને સંસ્કૃતિને બદલી નાખો.** જો હિંદીઓ સ્વીકારશે કે અંગ્રેજી તેઓની ભાષા કરતા વધુ મહાન છે તો આપોઆપ તેઓ પોતાનું આત્મસન્માન અને સાંસ્કૃતિક આધાર ગુમાવશે. આપણે સહેલાઈથી તેમના ઉપર રાજ કરી શકીશું.' મેકોલેનો દૃષ્ટિકોણ અંગ્રેજ શાસન માટે બીજા ૧૧૫ વર્ષ સુધી અનુકૂલન સાધતો રહ્યો. જો કે તેથી પણ વધુ દયનીય સ્થિતિ એ રહી કે સ્વાતંત્ર્યકાળના ૭૪ વર્ષ સુધી દેશ મેકોલેની રાજકીય કૂતનીતિનો શિકાર બનતું રહ્યું. ખેર, વર્ષ ૨૦૨૦ની નવી શિક્ષણ નીતિમાં ધોરણ ૧ થી ૫ માટે માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષાનો ઉપયોગ અનિવાર્ય બનાવાયો છે. દેર આયે, દૂરસ્ત આયે...


માતૃભાષામાં શિક્ષણની અગત્યતા સમજવાનો એક આયામ સફળ વ્યક્તિત્વના અભિપ્રાયો જાણવાનો છે. **રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી**ના મતે 'બાળકના દેહના વિકાસ માટે જેમ માતાનું દૂધ સ્વાભાવિક છે, તેમ તેના મગજના વિકાસ માટે માતૃભાષા સહજ છે.' **ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર** કાવ્યથી અભિવ્યક્ત થતા ગાય છે : 'કેળવણી આહારના કોળિયાનો સ્વાદ માતૃભાષા જ હોય.' ભારતરત્ન **ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે** યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં કહ્યું કે, 'હું આજે વૈજ્ઞાનિક બની શક્યો છું તેનું કારણ એ છે કે મારી માતૃભાષામાં ભણ્યો છું. વિજ્ઞાન તો માતૃભાષામાં જ સમજી શકાય.' ભારતની શિક્ષણ નીતિમાં સીમાચિહ્ન પ્રદાન કરનાર શિક્ષણવિદ્ **શ્રી રવીન્દ્રભાઈ દવે** નોંધે છે, 'માતૃભાષાથી જ બાળકમાં ભાવિ સૃષ્ટિનું નિર્માણ શક્ય છે.'

માતૃભાષાની અનિવાર્યતાને બીજા એક દૃષ્ટિબિંદુથી માપીએ તો, પૃથ્વી ઉપર મળતાં ફોસિલ્સના અભ્યાસ પરથી જણાય છે કે સાપ, ગરોળી, વંદા પ્રકારના જીવો ૮ થી ૧૨ કરોડ વર્ષથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. દરિયાઈ એકકોષી અંશો તો તેથી પણ વધુ સમયથી પૃથ્વીના જીવન વિકાસચક્રના ભાગીદાર રહ્યા છે. જ્યારે બે પગે, સીધી કરોડરજ્જુથી ચાલતા માણસનો ઈતિહાસ ૨૫-૨૮ લાખ વર્ષથી લાંબો નથી. આમ છતાં બ્રહ્માંડની પેલે પાર મેગ્નેટિક સિગ્નલ્સ પહોંચાડવાની અભૂતપૂર્વ ક્ષમતા માત્ર મનુષ્યનાં મસ્તિષ્ક દ્વારા વિકસી છે. માનવ મસ્તિષ્ક, એ પૃથ્વી ઉપર કુદરતનો સૌથી જટિલ આવિષ્કાર છે. જેનેટિક્સ એન્જિનિયરીંગના રંગસૂત્રો ઉપરના સંસાધનો પ્રતિપાદિત કરે છે કે માણસ અને ચિમ્પાન્ઝીના જીન્સના કલરકોડમાં ૯૯% સામ્ય છે. આમ છતાં, એક માત્ર વિકસિત વોકલ કોડના કારણે મનુષ્ય સંજ્ઞાઓના વૈવિધ્યમાંથી ભાષા સુધી પહોંચી શક્યા છે અને આજે લગભગ ૬૫૦૦ બોલી અને ૩૭૦થી વધુ સ્ક્રિપ્ટથી માનવ મસ્તિષ્ક સૂર્યમંડળમાં પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી રહ્યું છે. માનવ શરીરના ઉપરના ભાગે રહેલ સ્વરપેટીના આરોહ - અવરોહ કાન દ્વારા મગજને પહોંચે છે. ત્યારે તે ભાષા ન રહેતા કંપનમાં પરિવર્તિત થાય છે. બાળકના પ્રથમ ૯ માસના વિકાસ દરમિયાન તેણે માતાના ગર્ભમાં અનુભવેલ કંપન તેની માતૃભાષા બને છે. સમય જતાં એ જ પ્રકારના સ્પંદનોનાં અર્થઘટનથી બાળકનું ઘડતર થાય છે. તેના સ્વપ્નો આકાર પામે છે. એટલું જ નહીં, પણ સમાન સ્વરથી કંપન આપનાર મનુષ્યો સાથે ભાવાત્મક અનુબંધ કેળવાય છે.

કોસ્મિક ફિઝિક્સ પણ સ્વીકારે છે કે, 'બ્રહ્માંડ કંપનથી સંચાલિત છે અને પ્રત્યેક કંપનની એક સાઉન્ડ સાઈકલ હોય છે.' ભારતનાં મનીષિઓએ તો ઉપનિષદ કાળમાં ૮-૧૨ હજાર વર્ષ પહેલાં વૈરાગ્યમંત્રને નાદ તરીકે વિકસાવેલા. આથી જ તો મૌન પછીની શ્રેષ્ઠ અભિવ્યક્તિ માતૃભાષા બને છે. પરિચિત સ્પંદન મળતાં માનવ મસ્તિષ્કનાં ન્યુરોન્સ ઉષ્માજનક પ્રતિક્રિયા આપવા લાગે છે.

તાજેતરમાં બનેલા એક પ્રસંગથી આ વાત સમજીએ તો કોરોના વાયરસની સ્થિતિ વચ્ચે છેલ્લા ૮ માસથી ઓસ્ટ્રેલિયામાં ફસાયેલા યુવા એન્જિનિયર ભાલ પંથકના નેસમાં તેની દાદી પાસે પહોંચતા છાણ-વાસીદુ પરવારી ઢોરા પાઈ બેઠેલી ચારણમાં પ્રેમસભર નેત્રજળે ડેલીમાંથી આવતા દીકરાને કહે છે, 'આવ્યો... મારો બાપલિયો પુગ્યો. મારો કાળિયા ઠાકર.' ફળિયામાં સત્કાર કરવા ઊભેલા સૌ કરુણામય બની ગયા. અહીં વાચક કલ્પના કરે કે માએ પોતાના વહાલસોયા દીકરાને અંગ્રેજી ભાષામાં આવકાર આપવાનો હોત તો?

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૫ ઉપર)



આયામ

# સફળ થવું અઘરું નથી



બાલેન્દુશેખર જાની

'નિષ્ફળતાની ઈમારત બહાનાના પાયા ઉપર રચાતી હોય છે.' – આ ઉક્તિ કેટલી માર્મિક છે. કોઈ પણ વ્યક્તિ કોઈ કામ હાથમાં લે તો તેને કાં સફળતા મળે અથવા નિષ્ફળતા. એમાં શંકાને કોઈ સ્થાન નથી અથવા ક્રિકેટ મેચની જેમ તેમાં ડ્રો થવાની પણ શક્યતા નથી. પરંતુ માનવ સ્વભાવની એ વિચિત્રતા છે કે જો સફળતા મળે તો 'એ કામ મેં કર્યું હતું' એમ ગાઈ વગાડી જશ લેવા દોડશે. પરંતુ જો નિષ્ફળતા મળે તો? અબાલ વૃદ્ધ ચાહે કોઈપણ હોય, તે નિષ્ફળતા સ્વીકારવાને બદલે બહાના બનાવી પોતે નિર્દોષ હોવાના ગાણા ગાવા લાગશે.

બ્રાયન ટ્રેસી તેના પુસ્તક 'નો એક્સક્યુઝિઝ'માં સરસ વાત લખે છે કે, **'નિષ્ફળતા પાછળ બહાના નહીં પરંતુ તેના કારણ શોધો.'**

વાત સાચી છે કે નિષ્ફળતા શા માટે મળી? તેના કારણ શોધવાથી ફરી વખત નિષ્ફળતાનો સામનો ના પણ કરવો પડે! કારણ સ્પષ્ટ છે કે આપણી ક્યાં અને કેવી ભૂલ હતી? તે શોધી લેવાય, તો બીજી વખત આપણે એ ક્ષતિ નિવારી શકીએ. પરંતુ અફસોસ, કે નિષ્ફળ જનાર વ્યક્તિ આવું કરવાને બદલે અન્ય ઉપર દોષારોપણ કરતો હોય છે!

નાનું ટાબરીયું હાથમાંથી કાચનો કપ પછાડી દે એટલે સ્વાભાવિક છે કે મમ્મી તેને ઠપકો આપવાની જ છે. આવું ન બને તે માટે 'પાણી પહેલા પાળ'ની જેમ એ બોલી ઉઠશે... 'પગ સોફા સાથે અફળાયો, તેથી ગ્લાસ ફૂટી ગયો!'

બચપણથી મળેલી (વળગેલી) આ (કુ)ટેવ જીવનભર છૂટતી નથી! એટલે જ આપણે ક્યારેય નિષ્ફળતા સ્વીકારતા નથી. જો કે, પાંચે આંગળીઓ સરખી નથી હોતી. તેમ કેટલાક લોકો સફળતાની જેમ નિષ્ફળતાનેય સહજતાથી સ્વીકારી લેતા અચકાતા નથી.

**'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નહાય.' – આ ઉક્તિ પ્રમાણે કોઈપણ કાર્યની સફળતા માટે ખંત, સાવધાની સાથે સખ્ત પરિશ્રમ કરવો પડે.** વાતોના વડા કરવાથી સફળતા નથી મળતી. બલકે આપણી ભૂલ સ્વીકારી, આગળ વધતા રહી, એ નિષ્ફળતાના અનુભવને સફળતાની સીડી બનાવી શકાય છે. કેમકે નિષ્ફળતા કાયમી નથી હોતી. એટલે જ કદાચ 'પાવર ઑફ ફેઈલ્યોર' પુસ્તકમાં તેના લેખક ચાર્લ્સ મેન્ઝ લખે છે કે, **'નિષ્ફળતા, એ સફળતાનો પાયો છે.'**

મળેલી નિષ્ફળતા, આગળ જતા સફળતાનો પાયો બની શકે છે.

કહેવાય છે કે, નિષ્ફળતા પચાવવી અઘરી છે. પરંતુ જો તેને સહજતાથી સ્વિકારી લેવાય તો ઘણો ફાયદો થઈ શકે. નિષ્ફળતા માણસને અસહ્ય માનસિક તાણ આપે છે. લોકો શું કહેશે? બધા મારી મશ્કરી કરશે – તેવા વિચાર આવે અને પોતાને ખુદ પોતાની જ શરમ લાગે! આવી પરિસ્થિતિમાં જો તે માનસિક ક્ષમતા ગુમાવી બેસે તો આત્મઘાતી પગલું ભરતા પણ અચકાશે નહીં! **પરંતુ જો નિષ્ફળતા સ્વિકારી, તેમાંથી કંઈક શીખી, આગળ વધવામાં આવે તો જરૂર સફળતા પ્રાપ્ત થઈ શકે છે.**

સંશોધકો, વૈજ્ઞાનિકો જે કોઈ નવી શોધખોળ કરે છે, તે શું ચપટી વગાડતા થઈ જતી હશે? જવાબ છે ના. કેમકે અનેક વખત નિષ્ફળ જવા છતાં તેઓ નિરાશ નથી થતા. બલકે વધુ જુસ્સાથી આગળ વધી અંતે સફળતા પ્રાપ્ત કરીને જ જંપે છે. **ધ્યેય સ્પષ્ટ રાખી ખંત અને વિશ્વાસપૂર્વક કરેલું કાર્ય નિષ્ફળ જતું નથી.** સફળતા માટે આપણા લક્ષ્ય પ્રતિ ધ્યાન સાથોસાથ આપણું જ્ઞાન પણ અપડેટ કરતા રહેવું પડે.

સફળ થવું કોને ન ગમે? **પરંતુ સફળતા મેળવવા માટે આપણી જડ માન્યતાઓને છોડવી પડે. નવા વિચારો અપનાવવા પડે.** હકારાત્મક અભિગમ રાખવો પડે. યાદ રહે, 'કાળા માથાનો માનવી ધારે તે કરી શકે છે.' એ સૂત્ર નજર સામે રાખી મંઝિલ ભણી મક્કમ પગલાં ભરતા રહો. જીવનની રાહમાં ઘણાં સ્પીડ બ્રેકરો કે વાંકાચૂંકા વળાંકો તો આવતા જ રહેતા હોય છે, પણ તેથી અટકી થોડા જવાય? પરંતુ હિંમતથી આગળ વધનારને જરૂર માર્ગ મળી રહેતો હોય છે.

*નંદભૂમિ ટાવર, ફ્લેટ નં. - ૮૩૪,*
*ટી.એન. રાવ કોલેજ સામે, યુનિવર્સિટી કેમ્પસ પાસે,*
*રાજકોટ-૩૬૦ ૦૦૫.*

***'સમય' શીખવાડે છે અને 'શિક્ષક' પણ શીખવાડે છે. પણ બંનેમાં ફરક એ છે કે શિક્ષક શીખવાડીને પરીક્ષા લે છે અને સમય પરીક્ષા લઈને શીખવાડે છે.***



ગુલશન

# "દિલની જબાન"

## ભાવ - ઊર્મિના વાહક : આબિદ ભટ્ટ

મણકો-૧૧



ચંદ્રકાંત પટેલ 'સરલ'



**આબિદ ભટ્ટ**
નિર્ઝર - મદીના મસ્જિદ રોડ,
પોલો ગ્રાઉન્ડ,
હિંમતનગર - ૩૮૩ ૦૦૧.
(જિ. સાબરકાંઠા)
**મો. ૯૪૦૯૦ ૨૨૧૩૦**

*ધ્યેયનિષ્ઠ જીવન, ઊંચા આદર્શો અને ચોક્કસ લક્ષ્ય સાથે માત્ર પંદર વર્ષના સમયગાળામાં સંતર્પક સર્જન, ચિંત્ય સર્જન અને સરફરાજી સર્જન આપવું એ નાની વાત નથી. પણ તેને અકીદત, મુતપઈ બનાવનાર એક શાયર આપણી વચ્ચે છે. તેનું નામ છે આબિદ ભટ્ટ. તેમનું ખરું નામ છે આબિદભાઈ અબ્દુલભાઈ ભટ્ટ.*

*આબિદ ભટ્ટનો જન્મ ૧૭મી જૂન, ૧૯૪૦ના રોજ હિંમતનગર તાબાના ગઢા ગામમાં થયો છે. અમદાવાદ - વિસનગરમાં રહીને તેઓ **M.A., B.Ed.** થયા. ત્યારબાદ તેમણે ભાવનગર તેમજ હિંમતનગરમાં શિક્ષક તથા સુપરવાઈઝર તરીકેની શ્રેષ્ઠ સેવાઓ આપી. સને ૧૯૯૮માં તેઓ વય મર્યાદાને કારણે સેવા નિવૃત્ત થયા.*

*આબિદભાઈ ભટ્ટને અત્યાર સુધીમાં પાંચ જેટલા ઍવોર્ડ્સ મળ્યા છે. જેમાં ૧૯૯૮માં જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક તથા રોટરી ક્લબ - હિંમતનગર દ્વારા સન્માનપત્ર, મદ્રેસા મોઈનૂલ ઈસ્લામ કેળવણી મંડળ હિંમતનગર દ્વારા સન્માન ઍવોર્ડ્સ, ૨૦૧૦માં સાબર સૌરભ ઍવોર્ડ્સ, ૨૦૧૨માં ગુજરાત વિકાસ દૈનિક દ્વારા સન્માન ઍવોર્ડ્સ.*

*આબિદભાઈએ 'રાષ્ટ્રીય સંવાદિતા' વિષય પર ત્રિ-દિવસીય સેમિનારમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ છે. મોમિન સમાજનું સામયિક 'શાને મોમિન'ના માનદ્ તંત્રી - સંપાદક તરીકે પણ તેમણે સેવા બજાવેલ છે.*

*શાયરે સને ૨૦૦૬થી સાહિત્ય સર્જન તરફ લક્ષ્ય કેન્દ્રિત કરીને અત્યાર સુધીમાં ૧૦ જેટલાં પુસ્તકો સમાજને ચરણે ધર્યા છે. તેમાં પ્રથમ 'કદી તારા નગરથી' (ગઝલ સંગ્રહ), 'મુનલાઈટ' (મોનો ઈમેજ કાવ્યો), 'ગઝલ એકાદશી' (સંયુક્ત ગઝલ સંગ્રહ), 'કાફલા છે મ્હેકના' (હાઈકુ), 'મશાલ બનો, મિસાઈલ બનો' (પ્રેરણાત્મક લેખ સંગ્રહ), 'આંખમાં આકાશ' (ગઝલ સંગ્રહ), 'ઝાકળ મોતી' (લઘુકથા સંગ્રહ), 'એક મિશન એક શોખ' (પ્રેરણાત્મક લેખ સંગ્રહ), 'વક્તૃત્વ - એક સુંદર કલા' તથા 'આસ્થાનું અજવાળું' (હમ્દ, નઝમ, નાતશરીફ સંગ્રહ).*

*આબિદભાઈએ 'આભ' હિંમતનગરીના તખલ્લુસથી 'તકરીર ગુલ દસ્તા : ભાગ ૧-૨' તથા 'રબ્બેઝિદની ઈલ્મા' નામના પુસ્તકો પણ પ્રકાશિત કર્યા છે.*

*દરેક સર્જકની કોઈને કોઈ કૃતિ અસ્વીકાર્ય તો બને જ. પણ આબિદ ભટ્ટના કિસ્સામાં એવું નથી થયું. એ તેમની સર્જન ક્ષેત્રની પાકટતા ગણાય. કવિ હરિકૃષ્ણ પાઠક લખે છે કે, 'આબિદ ભટ્ટ એવા કવિઓ પૈકીના છે કે જેમની પ્રત્યેક રચનાઓ પસંદગીપૂર્વકની અને સ્વીકારવા યોગ્ય ઠરે છે. તેમની રચનાઓ સંતર્પક રહી છે. શાયર આબિદ ભટ્ટને 'મંગલ મંદિર' સામયિકની લાખ લાખ શુભ કામનાઓ, સલામો.*

***– તંત્રી મંડળ***

*હે કોઈ અલખ આરાધો, એ બોલો બાવનની બહાર,*
*નિગમ નેતિ નેતિ કહે છે, વાણીની પાર રે...*

*– ધાના ભગત*

બાવનની બહાર એટલે બારાક્ષરીની બહાર. સાધુ-સંતોની વાણી બાવન અક્ષરની બહારની અનાહત નાદની - બ્રહ્મવાણી હોય છે અને આ વાણી તે નિગમ વાણી છે, ઐશ્વર્ય વાણી છે.

જ્યારે લૌકિક લોકોની વાણી એટલે આમજનતાની વાણી અર્થને અનુસરે છે. જ્યારે ઋષિ મુનિઓની વાણીનું તો અર્થ સ્વયમ્ અનુસરણ કરે છે. સંતની વાણી પારખવી કે સમજવી ઘણી કઠિન હોય છે.

વિચારો ઇન્દ્રિય ભોગની લાલસામાંથી વિરક્ત, મુક્ત થઈ પાંખો ફેલાવી આકાશ તરફ ઊડે અને કૃત્રિમ બંધનો વિના વિહરવાનું શિક્ષણ જો તેમને મળે તો જ દિવ્ય - આદર્શનું સર્જન શક્ય બને. જો આવું પ્રશસ્ય આલંબન મળે તો મન શ્રેષ્ઠ સહોદર, શ્રેષ્ઠ સાથી, શ્રેષ્ઠ હમસફર જરૂર બને.

શાયર આબિદ ભટ્ટના કેટલાક શે'ર બાવનની બહારના છે. સાંકેતિક ભાષામાં અભિવ્યક્તિ પામ્યા છે. **ચાર છંદો જેવા કે મુક્તઝિબ, રમલ, હજઝ અને મુતદારિક**ના મિશ્ર સ્તંભથી રચાયેલી તેમની ગઝલનો શે'ર જુઓ :

*ના ડાળથી વિભક્ત થવાનો સમય છે આ,*
*થડને પકડ કે યુક્ત થવાનો સમય છે આ.*

ગઝલમાંના કલ્પનો અને પ્રતીકોનું અનુભાવન અહીં પ્રત્યક્ષ થતું દેખાય છે. શાયરે બાવન અક્ષરની બહાર નીકળીને બહુ મોટી વાત કરી છે. **ડાળ અને થડ દ્વારા જે અર્થચ્છાયા પ્રગટ કરી છે તે કાબિલેદાદ છે.**

કવિની - શાયરની પ્રત્યેક રચના પરિપક્વ અને શ્રેયસ્કરની સાથે સાથે ભાવઅયાં છે. છંદ અને લયનો સમન્વય જાળવી રાખી શાયર શબ્દ દ્વારા ચૈતસિક પરિમાણો ઉપસાવી ભાવાનુરૂપ શબ્દાંકન કરીને ગઝલને રસનિષ્પન્ન સાથે ભાવકના ચિત્તમાં ઉતારવામાં સફળ દેખાય છે.

શાયરની દૃષ્ટિ વિશાળ છે. તે ઉપરછલ્લું જ નથી જોતા, તત્ત્વાર્થ સુધી જઇને ભાવકને રસનિષ્પત્તિ કરાવી રહ્યા છે. જોઈએ એક શે'ર :

*સુગંધો મોકલી ફૂલો ગજબની ચાલ ચાલ્યા છે,*
*હવાને ચૂમવાનું કામ કંઈ સહેલું નથી હોતું!*

શાયરની ગઝલ ગૂંથણીમાં વિવિધ સંવેદનો અને ભાવશિલ્પની ઝાંખી થાય છે. ગઝલમાં રહેલ પારદર્શિતા અને સરળ વાણી ભાવને પકડવા માટે કસરત કરાવી રહી છે. જે ગઝલ સંવેદનાથી આખીયે લથબથ થઈ ભીંજાયેલી હોય છે તે ગઝલ સાહિત્યની મોટી સંપત્તિ ગણાય છે. શાયર આબિદભાઈનો વધારે એક શે'ર જુઓ :

*નજર પડતાં જ પ્યાલા પર, ફરી પાછી તરસ લાગી;*
*જુઓ આવ્યું સ્મરણમાં ઘર, ફરી પાછી તરસ લાગી!*

કવિતા - ગઝલ એ આત્માની કલા છે. ચિત્તની બધી જ વૃત્તિઓ એકાકાર થઇ ભાવકનું અખંડ વ્યક્તિત્વ રસતરબોળ કરે એ જ કવિતા. આજે લખાતી ગઝલોએ દિશા બદલી છે અને તે પરંપરાગતમાંથી ખસીને વિવિધ સ્વરૂપોમાં રૂપાંતર પામી છે. ઘણા પ્રયોગો પણ થયા છે. શાયર આબિદજીનો આવો જ એક શે'ર જોઈએ :

*એક દા'ડો છોડ તુલસીનો કહે,*
*બા વિના સૂનું ઘણું લાગ્યા કરે!*

શાયરે પરંપરાગત ગઝલો પણ લખી છે. પ્રયોગો બહુ ઓછા કર્યા છે. તો પણ પોતાના દરેક કાવ્ય સ્વરૂપને અલગ જ મિજાજ અને અલગ જ વ્યક્તિત્વ આપવા ભરપૂર પ્રયાસો કર્યા છે, ને તેમાં સફળતા પણ હાંસલ કરી છે. તેમની દરેક રચનામાં મિજાજ, રવાનગી, સૌષ્ઠતા અને સ્થિતિસ્થાપકતા સાથેની એક બુલંદી પણ છે. જેને કારણે તેમની કાવ્ય રચના સાહિત્ય જગતમાં ગૌરવભર્યું સ્થાન મેળવવામાં સફળ રહેલી જોઈ શકાય છે. તેમનો એક શે'ર જુઓ :

*ઘણું જ ત્રસ્ત છે જગત, બધે જ પ્યાસ પ્રેમની,*
*હજીય આજ વિશ્વને કબીરની જરૂર છે.*

આંતરિક મનની શાંતિ મેળવવા, સાંસારિક તાપોથી વિરક્ત, મુક્ત થવા માણસ વલવલી રહ્યો છે. ભૌતિક સુખો, ઇચ્છાઓ અને મોહજાળમાં ફસાયો છે. મનુષ્યને શુદ્ધ પ્રેમની ખોજ છે પણ તે મળતો નથી. આને માટે શાયર કહે છે કે આજે કબીરની જરૂર છે. એ જ સાચી શાંતિ અપાવી શકે છે. સાંસારિક અનેક સમસ્યાઓમાંથી છોડાવી શકે છે.

લીસી - ચીકણી ગઝલની ભૂમિ પર સાચવીને ચાલવું પડે છે. જો સહેજેય ગફલત થાય તો લપસી પડાય છે. લપસી ન પડાય તે માટે ખુદવફાઈ એ જ સરળ રસ્તો છે. આબિદભાઈની ગઝલોએ ખુદવફાઈ જાળવી છે.

**વર્તમાન સમયમાં જ્યારે મોંઘવારીએ હદ વટાવી છે, બે ટંક ખાવા માટે લોકો પાસે અનાજ નથી રહ્યું, તે જોઈને શાયર વ્યથિત થઇ લખે છે :**

*હોઠ ભીના માત્ર છે, ક્યાં તૃપ્ત છું?*
*ઓડકારાની ખબર મુજને નથી!*

જો પેટ અનાજથી ભરેલું હોય તો જ તૃપ્તિનો ઓડકાર આવે. પાણી પી ને હોઠ ભીના રાખવાથી તૃપ્તિ મળતી નથી. વર્તમાન સમયમાં કેવી સ્થિતિ નિર્માણ પામી છે તેના પર શાયરે પ્રકાશ પાડી બહુ મોટી વાત કરી છે.

શાયરની રંગ-એ-તસવ્વુફમાં ઢાળેલી ગઝલનો એક શે'ર જુઓ :

*શ્વાસમાં ફરતું રહે ને ગાય છે,*
*એક પંખી તોય ના દેખાય છે.*

કોઈને ઉપદેશ દેવો, સલાહ દેવી એ કામ ખૂબ સરળ છે. પણ એ ઉપદેશનો અમલ પોતાનાથી કરવો ઘણો અઘરો છે. જુઓ શે'ર :

*સરળ છે કેટલું ઉપદેશક થઈ જાવું,*
*હકીકતમાં શબદ બે આચરી તો જો!*

આજનો માનવી જ્યારથી શહેરપ્રેમી થઈ ગયો છે ત્યારથી તેનામાં લાગણીઓનાં પૂર ઓસરવા લાગ્યા છે. **શહેરના કિલ્લામાં પોતાની જાતને બંધ કરી બેઠેલો માણસ પ્રકૃતિથી વિમુખ બની રહ્યો છે.** જો શહેરને ત્યજી બહાર નીકળે તો જ પ્રકૃતિને પામી શકે. લીલોતરીથી પ્રેમ થાય. શાયરે અહીં માણસની માનસિકતા છતી કરતો શે'ર રચ્યો છે. જુઓ :

*કદી તારા નગરથી નીકળી તો જો,*
*કે ઝરણાં ગાય છે, તું સાંભળી તો જો.*

હિંદી, ઉર્દુ, ફારસી કે ગુજરાતીભાષી હોય – કોઈ કવિએ માણસ વિશે ન લખ્યું હોય એવું બન્યું નથી. માણસની માનસિકતા ઉપર ઘણું લખાયું છે. આ શાયરે જરા હટકે... માણસની ખોજ વિશે લખ્યું છે. જુઓ :

*રહું છું ચાલતો આગળ અને આગળ,*
*કદી માણસ મળી જાય ઉમદા આગળ.*

શાયરની શોધ સામાન્ય માણસની નહીં, પણ ઉમદા માણસની રહી છે. કારણકે સર્વ પ્રાણીસૃષ્ટિમાં માનવ ચેતના શ્રેષ્ઠ છે. પણ આજે માણસે એ માનવચેતના સમુળગી જ ખોઈ નાખી છે. આજનો માણસ કેવો છે તેની વાત આપણા જાજરમાન અને લબ્ધપ્રતિષ્ઠિત કવિ ડૉ. નટુભાઈ પંડ્યા 'નટવર' કરે છે ને આબિદભાઈને 'રુક જાઓ'નો સંદેશો આપે છે.

*કોરી પાટીના અક્ષર જ્યમ લૂછાઈ ગયેલો માણસ છે,*
*ઉપરથી છે પણ ભીતરથી ભૂંસાઈ ગયેલો માણસ છે.*

***– ડૉ. નટુભાઈ પંડ્યા***

સંબંધમાં અપેક્ષાઓ વધારે હોય છે. અપેક્ષાઓની પૂર્તિ થતી રહે ત્યાં સુધી સંબંધ ટકી રહે છે, ચાલ્યા કરે છે. અપેક્ષાઓમાં ઑટ આવતા સંબંધોના પાયા હચમચવા લાગે છે. પણ સત્ય સાથે સંલગ્ન, સ્નેહ સાથે વણાયેલ અને હૃદય સાથે જોડાયેલા સંબંધને કોઈ વિખેરી શકતું નથી. આજે આવા સંબંધો આંગળીના ટેરવે ગણાય તેટલા જ નીકળે છે. મોટાભાગના સંબંધો અને વ્યવહારો સ્વાર્થ સુધી જ બંધાયેલા જોવા મળે છે. શાયર લખે છે :

*સંબંધ રક્તના નહીં, ન સ્વાર્થના લગાવ પણ,*
*અવરને આવકારવું અપૂર્વ આ બનાવ છે.*
*છે પંથ ના ગુલાબનો, છતાંય ચાહવું સતત,*
*અગનની સાથે ખેલવું અપૂર્વ આ બનાવ છે.*

આપણા ઉર્દુ શાયર 'અબ્દુલ હમીદ' – ''અદમ'' પણ સંબંધોને, વ્યવહારોને કેન્દ્રમાં રાખીને કેવી વાત કરે છે તે જુઓ :

*દૂસરો સે બહુત આસાન હૈ મિલના સાકી,*
*અપની હસ્તી સે મુલાકાત બડી મુશ્કિલ હૈ.*

***– અબ્દુલ હમીદ "અદમ"***

**માણસ અભિમાનમાં ફરે, સંપત્તિના ગુમાનમાં ફરે, મોટાઇના માનમાં ફરે કે 'હું પદ'માં ફરે; આખરે તો બધું ફના જ થવાનું છે.** તેના ગયા બાદ પાછળ બચેલું બધું જંગલ થઈ જવાનું. રાજા રજવાડાં ગયા પછી તેમણે ઊભી કરેલી ઈમારતો, સ્મારકો અને રચેલાં શહેરોની હાલત કેવી થઈ ગઈ છે તે આપણે જોઈ શકીએ છીએ. છતાં **માણસ, માણસથી દૂર ભાગી રહ્યો છે. પોતાના કહી શકાય એવા પોતીકાને છેહ દેવામાં તે જરાય ખચકાતો નથી.** એટલે જ ઉર્દુ શાયર 'ફિરાક ગોરખપુરી' લખે છે :

*આદમિયોં સે ભરી હૈ યે ભલી દુનિયા મગર,*
*આદમીકો આદમી હોતા નહીં હૈ દસ્તયાબ.*

**આમ તો આ ભલી દુનિયા માણસોથી છલોછલ ભરી છે, પણ માણસને ક્યારેય કોઈ માણસાઇવાળો માણસ હાથ લાગતો નથી.**

દાર્શનિકતા, ચિંતન અને આંતરસત્વને માંજવાની સુઝબુઝ ધરાવનાર કવિ જ ઉચ્ચ કોટીનું સાહિત્ય આપી શકે, કાવ્ય આપી શકે. શાયર આબિદ ભટ્ટ પાસે આવી જીવનદૃષ્ટિ છે. તેમના વિચારોમાં ઊંડાઈ છે.

*બંધ દરવાજા થવા ન જોઈએ,*
*કોઈ જણ તરસ્યા જવા ન જોઈએ.*

★

*નીકમાં પ્રસ્વેદ વ્હેતો થાય તો,*
*ત્યાં કણસલાં ભાગ્યનાં લહેરાય છે.*

★

*જશે એ મરજી મુજબ ગમે ત્યાં,*
*સુગંધ જગની ગુલામ ક્યાં છે?*

ગામડાં ભાંગી રહ્યા છે, ને શહેર વિકસી રહ્યાં છે. શહેરની આબાદી ગામડાંના પાયા પર નિર્ભર રહી છે. પણ આજના શહેર કેવા છે? શાયરે શહેરની શુષ્કતા, પ્રકૃતિનું નિકંદન પર વજ્ર ઘા કર્યો છે. જુઓ આ શે'ર :

*ક્યાંય લીલોતરી નથી સામે,*
*આગળ જતાં શહેર આવે છે!*

જુઠના પાયા પર સમાજની ઈમારત ચણાવા લાગી છે.

સત્યને કોઈ સ્વીકારતું નથી. **રાજસત્તાએ જુઠાણા ચલાવવા માંડતા પ્રજા પણ જુઠના સહારે જ ચાલવા લાગી છે.** જુઠા રાજનેતાઓને હારતોરા થતા જોઈને શાયર વ્યથિત થઈ ઊઠે છે. જુઓ તેમનો એક શે'ર :

*છે ગુનાહિત કાલ તેમજ આજ પણ,*
*હારતોરા એમને શેં થાય છે?*

આવા જુઠના સહારે ઊભી થયેલી જાહોજલાલીની વચાળે શાયરને જીવવું ગમતું નથી. એ સ્વર્ગ હોય તો પણ કવિને તે ખપતું નથી કે તેના માટે કવિ પ્રાર્થના પણ કરતા નથી. કવિને એક જ ઝંખના છે કે :

*સ્વર્ગ માટે હું દુવા કરતો નથી,*
*માતાના ચરણો મહીં જન્નત મળે.*

આબિદભાઈ એક ભાવમાં નહીં, અનેક ભાવમાં વહેંચાયા છે. તેમના ઉરમાં શ્રદ્ધા ભારોભાર પડી છે. આ શ્રદ્ધા કાયમ અખંડ રહે અને શાયર સમાજને ચરણે સતત નવી નવી તામીરો ધરતાં રહે એ જ અભ્યર્થના સાથે મારા બે શે'ર ટાંકું છું :

*કોઈ સાથે કરો સરખામણી તો સરખી કરજો,*
*ફૂલોમાં હું ફુલ્યો છું, કંટકોમાં વિસ્તર્યો છું!*
*તમારા આગમનથી ફાયદો એ પણ થયો છે,*
*ભૂલાયો હું હતો એનેય આજે સાંભર્યો છું.*

*– ચંદ્રકાંત પટેલ 'સરલ'*
*(નવનીત સમર્પણ)*

*"સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે,*
*બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જૂનાગઢ)*
*મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪*

# જી.ડી.પી. એટલે શું?

દેશમાં એક નિર્ધારીત સમય હેઠળ તૈયાર કરવામાં આવેલી વસ્તુઓ અને સેવાઓના કુલ બજાર મૂલ્યને જી.ડી.પી. કહેવામાં આવે છે.

જી.ડી.પી. કોઈપણ દેશના ડોમેસ્ટિક ઉત્પાદનનું વ્યાપક માપન હોય છે અને તેનાથી કોઈ પણ દેશના અર્થતંત્રની સ્થિતિની ખબર પડે છે. તેની ગણતરી સામાન્ય રીતે વાર્ષિક ધોરણે થાય છે પણ ભારતમાં દર ત્રણ મહિને જી.ડી.પી.ના આંકડા જાહેર કરવામાં આવે છે.

કેટલાક વર્ષ અગાઉ તેમાં શિક્ષણ, આરોગ્ય, બેન્કિંગ અને કોમ્પ્યુટર જેવી અલગ અલગ સેવાઓ એટલે કે સર્વિસ સેક્ટરને પણ જોડવામાં આવ્યું હતું.

## સુમિરે... બલબીરા

**(અનુસંધાન : પાના નં. – ૨૫ ઉપરથી ચાલુ)**

પ્રવચન ચાલુ હતું ત્યારે અચાનક જ ક્યારેય ન સાંભળ્યો હોય તેવો ભયાનક અવાજ પૃથ્વીના પેટાળમાંથી આવતો અનુભવ્યો! અમને અગમનાં એંધાણ મળી ગયાં હતાં કે આ ભૂકંપ જ છે. સૌપ્રથમ બધા શિક્ષકમિત્રોએ વિદ્યાર્થીઓને કોર્ડન કરીને વચ્ચે લઈ લીધા. ભયભીત ન થવા સૂચના આપી. (જો કે અમે જ ભયભીત હતાં!) જમીનમાં પણ સમુદ્ર જેવી લહેરો આવી શકે છે તે પહેલીવાર અનુભવ્યું. શાળાના મકાનને હલતું જોઈને મોતનું તાંડવ કેવું હોય તે નજર સામે જોયું. આજે પણ આ દશ્ય હચમચાવી મૂકે છે. બીજા દિવસે ખ્યાલ આવ્યો કે અમે જે જોયું તેના કરતાં અનેકગણો વિનાશ ભૂકંપે સર્જ્યો હતો. હજારો લોકોનાં મૃત્યુ થયાં હતા અને લાખો લોકો બેઘર બન્યા હતા. આજે હું આ દુઃખદ સ્મૃતિ ઉખેડીને બેઠો છું! શું કરું? સુખની ક્ષણ કરતાં દુઃખની ક્ષણ વધુ યાદ આવે છે. દુઃખ પણ માણસને કંઈક સબક શીખવવા જ આવતું હોય છે. કેટલાંક અવલોકનો તમને વિચારતાં કરી દેશે :


- સમગ્ર જગતમાંથી એટલો મદદનો ધોધ છૂટ્યો કે વહીવટી તંત્રે ના પાડવી પડી કે હવે બસ કરો! **જે પ્રજા દુઃખમાં સાથે રહે છે જલ્દી તેમાંથી મુક્ત થાય છે.**
- જેને પણ પૂછો, કેમ છો? તો જવાબ એક જ મળશે : હું બચી ગયો! મારા ઘરનાં બધાં સભ્યો ભૂકંપમાં જતા રહ્યાં! સર્વનાશમાં થોડું બચ્યાનો સંતોષ તેમને જીવાડી ગયો.
- ભૂકંપે પ્રકૃતિ સાથેની આપણી રમત કેટલી જોખમી છે તે શીખવ્યું. **આકાશમાં કેમ જવું તે આપણે શીખ્યાં, પણ જમીન પર કેમ રહેવું તે આપણે ભૂલ્યાં છીએ.**
- આપણે જગતની ઉત્પત્તિનો ક્રમ બ્રહ્મ-આકાશ-વાયુ-અગ્નિ-જળ - પૃથ્વી-ઔષધિ-અન્ન પુરુષ એવો આપેલો. ભૂકંપથી ખ્યાલ આવ્યો કે વિનાશ પણ ક્રમિક જ હશે. હા, શરૂઆત છેલ્લેથી કરવી રહી. **મોટામાંથી નાનું જન્મે, પણ નાનું મોટામાં જ વિલીન થાય. ભૂલોમાંથી ધડો લ્યો.**

सर्वे सुखिनः सन्तु ।

*સૌજન્ય : ડૉ. મહિમનસિંહ ગોહિલ*

*__નોંધ__ : ગત અંકમાં ઉપરની કોલમમાં પ્રકાશિત લેખ સાથે ડૉ. મનમોહનસિંહ ગોહિલ નામ છપાયું છે તેના સ્થાને ડૉ. મહિમનસિંહ ગોહિલ વાંચવું.*

*__સંપાદકનું સરનામું__ : ૧૨, ઘરઆંગણ ફ્લેટ્સ, પ્રોફેસર્સ કોલોની સામે, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*



નારી ગૌરવગાથા – ૭

# સ્વાસ્થ્ય - સૌષ્ઠવ - સફળતાનો ત્રિવેણી સંગમ : જસવંતી સુવાગિયા



ડૉ. શીલા વ્યાસ

*મારી કલમના વાચક મિત્રો,*

વર્તમાન સમયમાં ધરાથી માંડીને ગગન સુધીના પ્રત્યેક ક્ષેત્રમાં નારી શક્તિ પોતાનું આગવું પ્રદાન કરતી રહી છે. આપણા સમાજની બહુમુખી પ્રતિભા ધરાવતી એક સન્માનિત નારીની ગૌરવગાથા આપ સૌને જાણવી - માણવી ગમશે.



**શ્રીમતી જસવંતીબેન કે. સુવાગિયા**
**અંબા કૃપા, ખોડિયાર વાડી રોડ,**
**મુ.પો. કરમસદ, જિ. આણંદ.**
**મો. ૯૯૦૪૬ ૨૪૮૭૩**

તા. ૨૧-૮-૧૯૭૫ના રોજ જૂનાગઢ જિલ્લાના સીમાસી ગામે જન્મેલા જસવંતીબહેને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ૧૯૯૫માં ગુજરાતી વિષય સાથે બી.એ. કર્યું. ત્યારબાદ બિલખાના વતની શ્રી કરશનભાઈ સુવાગિયા સાથે લગ્નગ્રંથિથી જોડાઈ, રાજકોટમાં સ્થાયી થયા. વધુ અભ્યાસની ઝંખનાએ ૧૯૯૮માં એમ.એ. પૂર્ણ કર્યું. એમના સહજીવન બાગમાં એક પુષ્પ ખીલ્યું. ગૃહિણી ધર્મ બજાવતા, પુત્ર જેમીનના સ્વિમિંગના શોખે એમને વધુ સક્રિય બનાવ્યા.

વર્ષ ૨૦૦૯માં ૩૪ વર્ષની ઉંમરે રાજકોટ ખાતે સ્વિમિંગ શીખવાની શરૂઆત કરી. તેમાં વિશેષ રસ રૂચિને કારણે ખૂબ ઝડપથી તરતા શીખ્યા. તે જ વર્ષે ગુજરાત સ્ટેટ લેવલે ચેમ્પિયનશિપમાં ભાગ લઇ ચાર સુવર્ણ ચંદ્રકો હાંસલ કર્યા. **પછી તો આત્મવિશ્વાસ દૃઢ થતાં વર્ષ ૨૦૧૦થી માંડીને ૨૦૧૯ સુધી ખેલ મહાકુંભની પ્રત્યેક સ્પર્ધાઓમાં ભાગ લઇને વિજેતા બનતા રહ્યા.** એમની જલતરણ સફર અવિરત ચાલી. પરિણામ સ્વરૂપ કુલ ૩૫ જેટલા સુવર્ણ ચંદ્રકો, ૧૨ જેટલા રજત ચંદ્રકો, સાતેક તામ્ર ચંદ્રકો મેળવી સમસ્ત ગુજરાતની સફળ મહિલા તરવૈયા તરીકે માન સન્માનો, પ્રમાણપત્રો, એવોર્ડો અને પુરસ્કારો પ્રાપ્ત કરીને અદ્વિતીય નારી શક્તિનો પરિચય કરાવ્યો. આવી અભૂતપૂર્વ સિદ્ધિઓ મેળવવામાં તેમના પ્રોફેસર પતિનો હંમેશાં ઉમદા સાથ રહ્યો.

આ મહત્ત્વાકાંક્ષી મહિલાએ વર્ષ ૨૦૨૦માં પ્રથમ વખત ઓપન સી સ્વિમિંગ ચેમ્પિયનશિપ (સમુદ્રી તરણ સ્પર્ધા)માં પોરબંદર ખાતે ભાગ લીધો. દરિયાના તોફાની, મહાકાય મોજા સાથે બાથ ભીડી, ટક્કર ઝીલનારી, અનોખી ઝનુની નારીને નવાજવા આપણા શબ્દો પણ ઓછા - ટૂંકા પડે છે! કેમકે આણંદ જિલ્લામાંથી દરિયાઇ તરણ સ્પર્ધામાં જુસ્સાથી ઝંપલાવનારી તથા પ્રથમ સ્થાને વિજેતા બનનારી આ જલપરી જસવંતી સન્માનિય નારી તરીકે ઇતિહાસ રચી શક્યા. જેને બોરસદની આર્ટસ - કોમર્સ - સાયન્સ કોલેજ દ્વારા ૮ માર્ચ, ૨૦૨૦ના રોજ વિશ્વ મહિલા દિને **"ગૌરવ પુરસ્કાર"** એનાયત થયો.


તેમના માટે એક પંક્તિ બંધ બેસે છે કે :

*"કદમ અસ્થિર હોય તો રસ્તો જડતો નથી,*
*અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી."*

દોસ્તો, એમના પરિવારે વર્ષ ૨૦૧૬માં રાજકોટ છોડ્યું અને કરમસદમાં સ્થાયી થયા. પરંતુ કોવિડ-૧૯ના કારણે દેશમાં લોકડાઉનની પરિસ્થિતિ સર્જાઇ અને સ્વિમિંગ પુલની પ્રવૃત્તિ બંધ થઈ. કોરોના કાળમાં એમના માનસમાં નવીન વિચારો આકારીત થતાં, શરીર સ્વાસ્થ્ય અને સૌષ્ઠવ જાળવી રાખવા યોગનો અભ્યાસ શરૂ કર્યો. તેમણે વર્ષ ૨૦૨૦માં ગુજરાત રાજ્ય યોગ બોર્ડનો ઓનલાઇન સર્ટિફિકેટ કોર્સ કરીને વર્ષ ૨૦૨૧માં યોગ ટ્રેઇનર બન્યા. ત્યારબાદ ૪૬ વર્ષની ઉંમરે એન.એસ. પટેલ આર્ટસ કોલેજ - આણંદ ખાતે **'ડિપ્લોમા ઇન યોગ'ના અભ્યાસક્રમમાં પ્રવેશ લેનારા પ્રથમ મહિલા તરીકેનું બિરૂદ મેળવ્યું.** વિશેષ આનંદની વાત એ છે કે, ૨૧ જૂન, ૨૦૨૧ – "વિશ્વ યોગ દિને" ૧૦૮ સૂર્ય નમસ્કાર પ્રતિયોગીતામાં ભાગ લઇને જ્વલંત સફળતા પ્રાપ્ત કરનારી આ 'યોગિની'ને કોટી કોટી વંદન તથા અનંત શુભકામનાઓ.

એમનો ટૂંકો પ્રતિભાવ : "Age is just a number." એટલે જ મનથી મને હંમેશાં યુવાન રહેવું પસંદ છે.


*આર્ટસ - કોમર્સ - સાયન્સ કોલેજ,*
*બોરસદ, જિ. આણંદ. ● મો. ૮૨૩૮૩ ૩૨૨૭૧*



યાદગીરી

# સુમિરે.... બલબીરા

## (સ્મૃતિપટ પર સંભારણાં)



સંપાદક :
બલવીરસિંહ જાડેજા

*(કોઈપણ વાચક પોતાના જીવનના સંભારણાંની વિગત આ વિભાગમાં મોકલાવી શકે છે.)*



**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

*સૌજન્ય* : **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર** (પૂર્વ નિયામક, લોક ભારતી), ૨૦૨, 'ઓર્કિડ', તસ્કીન સોસાયટી, શુક્લાનગર ચાર રસ્તા, સમા, વડોદરા-૩૯૦ ૦૦૨.
મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦.

આપણા એક જાણીતા કવિની એક સદાબહાર પંક્તિ છે કે, **"ગમતું હોય તે ગુંજે ન ભરીએ, ને ગમતાનો કરીએ ગુલાલ..."**

**કચ્છની ભૂમિ, ભારત વર્ષના ઇતિહાસમાં સાહસિકોની ભૂમિ તરીકે તો નિર્વિવાદ ઓળખાય જ છે** પરંતુ કચ્છી માડુ, પોતાને મળેલ આર્થિક લાભ, જન્મ ભોમકાના બાંધવોને પણ મળે અને એ પણ બીજી કે આવનારી પેઢીને ઉપયોગી થાય એવી વૃત્તિ કે કૌશ્ય કેળવીને સમાજનું ઋણ ચૂકવવાનો પ્રયાસ કરે, એ કચ્છીઓની આગવી ખાસિયત છે. પ્રા.શ્રી પ્રવીણચંદ્ર ઠક્કરનો અનુભવ એમના જ શબ્દોમાં.....

**'મંગલ મંદિર'ના વાચકોને 'સુમિરે બલબીરા' કોલમ દ્વારા અવનવા અનુભવોની લહાણી, નામી - અનામી મિત્રો થકી થતી રહે છે.** જેથી વાચકને જીવનમાં યોગ્ય માર્ગદર્શન સાથે કાંઈક નવું કરવાની પ્રેરણા મળે, એ આશયે, હું મારો અનુભવ આપ સૌ સાથે વહેંચવા માગું છું. જેથી આજના ઈન્ટરનેટ અને મોબાઈલના યુગમાં પણ આપણા સંતાનો, સદુપયોગ કરે ત્યાં સુધી આ બધું જરૂરી છે, પરંતુ દુરૂપયોગથી બચીને, વાંચન લેખનની પ્રવૃત્તિને અપનાવી, સમાજ માટે પ્રેરણારૂપ બને અને આત્મસંતોષ અનુભવે એવી ઈચ્છા રાખું, તો અસ્થાને નહીં ગણાય.

મારો જન્મ ૧૯૪૬માં, વતન કચ્છના મુંદ્રા તાલુકાના પત્રી ગામમાં, જેની વસ્તી ૧૯૫૯ના વરસમાં ૨૦૦૦ માણસોની હતી. પરંતુ અમે, એટલે કે હું અને પત્રી ગામના બાળકો, કિશોરો, યુવકો સૌ ભાગ્યશાળી હતા કે અમે જન્મ્યા એ પહેલા જ ગામના મુંબઈ કમાવા ગયેલા જૈન શ્રેષ્ઠીઓએ પત્રી ગામની ચિંતા કરીને ૧૯૨૦થી જ **"પત્રી સર્વોદય સમાજ"**ની સ્થાપના કરેલી. કમાયેલા પૈસા, ગુંજે (ખિસ્સામાં) ન ભરતા અને જેમ ઉત્સવમાં ગુલાલ ઉડાડીને હર્ષોત્સવ મનાવાય છે તેમ વતનની જન્મ ભોમકા પત્રી ગામમાં **સમૃદ્ધ વાંચનાલય, પુસ્તકાલય કાર્યરત કરવા ઉપરાંત ગરીબો માટે છાશ કેન્દ્ર, દવાખાનું, પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા તેમજ આઝાદી પછી સરકારી હાઈસ્કૂલ, જૈન વિદ્યાર્થી ભવન, દીકરીઓ માટે અલાયદી પ્રાથમિક શાળા વગેરેના આયોજન કરીને સાચી રીતે ગમતાનો ગુલાલ કરેલો.**

આજથી ૬૦-૬૨ વરસ પહેલાં, પત્રીમાં ગ્રામ પંચાયત સક્રિય હતી. જેના સરપંચ હતા ડૉ. ખીમજીભાઈ ધરોડ. તબીબ તરીકે લોકપ્રિય અને સારી આવક ધરાવતા હોવા છતાં, એમનો રસ લોક કલ્યાણના કામો, પત્રીના પ્રજાજનોના પીવાના પાણી અર્થે વોટર વર્કસ, ઘરે ઘરે પાણીના નળ, સામાન્ય પ્રજા માટે સ્નાનાગર, રસ્તાઓની સફાઈ અને વીજળી આવી નહોતી ત્યારે રસ્તાઓ ઉપર કેરોસીનથી ઝળહળતા દીવાઓ કે લેમ્પ, રસ્તાની બંને બાજુ લીલાછમ વૃક્ષો, પાકું બસ સ્ટેશન વગેરેનું આયોજન કરી, ગમતાનો ગુલાલ કરતા હતા.

હવે વાત છે મારી. જેના થકી હું પણ, ગમતાનો ગુલાલ કરવા સહભાગી બની, વડીલોએ સ્થાપેલ પરંપરામાં મારો ફાળો આપી શક્યો.

છ દાયકા પહેલા વાંચનાલયમાં ઝગમગ, ચાંદામામા વગેરે જેવા બાળકો માટેના સામયિકો વાંચતા વાંચતા તથા વયસ્કો માટેના કુમાર, નવચેતન, પગદંડી, ઊર્મિ, નવરચના જેવા માસિકો વાંચીને શરદબાબુ, ક.મા. મુનશી, ર.વ. દેસાઈ, ગુણવંતરાય આચાર્ય વગેરે જેવા પ્રખ્યાત લેખકોની વિખ્યાત નવલકથાઓ વાંચતો થયો. એનો શ્રેય મારા બે થી ત્રણ વાંચન રસીયા શિક્ષકોને જાય છે. **જેમણે દરરોજ ઓછામાં ઓછો એક કલાક વાંચનાલયમાં, વાંચવાનો સમય દરેક વિદ્યાર્થીએ આપવો એવો નિયમ બનાવીને અમને સૌને વાંચતા કર્યા હતા.** હું એક કલાકને બદલે દરરોજ બે કે ત્રણ કલાક અને

રજાના દિવસે સાત-આઠ કલાક વાંચતો. આ વાંચનના શોખ થકી હું મારી જીવનની પગદંડીને વિશાળ હાઈવેમાં રૂપાંતર કરી શક્યો. એમાં પત્રીના વાંચનાલયના ફાળાની સાથે મારા શિક્ષકોનો ફાળો અને પત્રીના એ જૈન શ્રેષ્ઠીઓનું આર્થિક યોગદાન ખાસ મહત્ત્વના ગણી શકાય.

ગમતાનો ગુલાલ કરવાની ભાવના થકી, શાળા જીવનમાં રોપાયેલ બીજમાંથી ભુજની લાલન કોલેજમાં અનુસ્નાતક થયો હતો. નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળી જેવા ખ્યાતનામ મહા પુરુષો દ્વારા સ્થપાયેલ લોકભારતી - સણોસરામાં ૩૬ વર્ષ સુધી નિયામકના પદે રહ્યો. ત્યારબાદ ગમતાનો ગુલાલ કરવાની ભાવના વિશાળ વટવૃક્ષ બની અને જેની ડાળીઓ સર્વત્ર ફેલાઈ. **નિવૃત્તિના ૧૨ વરસ સુધીમાં ૨૮ પુસ્તક-પુસ્તિકાઓ, ૨૨૬ લેખ, ૨૪૮ વ્યાખ્યાનો રૂપે ગમતાનો ગુલાલ કર્યો.** આમ છતાં હજુ જાણે ઘણું કરવાનું બાકી છે એવી લાગણી મનમાં રહ્યા કરે છે. મારા અનુભવ થકી આપ સૌ, પ્રેરણા પામી 'મંગલ મંદિર'ના માધ્યમ દ્વારા ગમતાનો ગુલાલ કરવાની ભાવના રાખશો એ અભ્યર્થના સાથે આભાર.

★

## પરદેશમાં પ્રામાણિકતા



**સૌજન્ય : તુષારભાઈ દેસાઈ – અમદાવાદ**

આજકાલ આપણે ત્યાં સાયબર ફ્રોડના કિસ્સા અવારનવાર બને છે તેમજ બેંકના એ.ટી.એમ. થકી, ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડ વાપરનારાઓના પૈસા, યેનકેન પ્રકારે સેરવી લેવાની પદ્ધતિઓનો ઉપયોગ કરી લૂંટ ચલાવાય છે. આજની આપણી યુવા પેઢી, ફેશનમાં બીજા દેશોનું આંધળુ અનુકરણ કરે છે પણ પ્રામાણિક રીતરિવાજોને વિસરી જાય છે. જેના ઘણા કારણો હોઈ શકે, પરંતુ 'કોઈનું પણ આપણા હક્ક વિનાનું લેવાય નહીં' એ ભાવના દરેક નાગરિકના મનમાં, આચાર-વિચારમાં જોવા મળે, તો દેશમાં બનતા અડધા ઉપરના આવા ગુનાઓ, નિવારી શકાય. મેં જાતે અનુભવેલો પ્રામાણિકતાનો એક કિસ્સો 'મંગલ મંદિર'ના વાચકોને ધ્યાને રજૂ કરું છું. આશા છે કે, સૌને આ પ્રસંગ જરૂરથી પસંદ આવશે.

વર્ષ ૨૦૧૬માં હું સજોડે, મારા પુત્ર નિખિલને ત્યાં યુ.કે. - લંડન વિઝિટર વિઝા પર ગયેલો. વાંચનનો શોખ તેમજ સમય પસાર કરવા નિયમિત નજીકની લાઈબ્રેરીમાં જવાનો નિત્યક્રમ બની ગયેલો. એક દિવસ લંડનના વેમ્બલી વિસ્તારના પ્રેસ્ટન રોડની ફૂટપાથ પર ચાલતો લાઈબ્રેરી જવા પસાર થતો હતો, એ વખતનો આ બનાવ છે.

ત્યાં આપણે જેમ બેંકમાં એ.ટી.એમ. મશીન હોય છે, એ રીતે ત્યાં રોડ પર જ, દીવાલમાં એ.ટી.એમ. મશીન ફીટ કરેલા હોય છે. જેનાથી તમે કાર્ડ દ્વારા પૈસા કાઢી શકો છો. મેં જોયું કે એક ભાઈએ પોતાના કાર્ડ મારફત પાઉન્ડ માટે પોતાનું કાર્ડ મશીનમાં નાખે છે. થોડીવાર રાહ જોવા છતાં, મશીનમાંથી પાઉન્ડ નીકળતા નથી. મશીનમાં ખામી હશે, કે અંદર કેશ ખતમ હશે એમ વિચારી, એ ભાઈ પોતાનું કાર્ડ પરત લઈને ચાલતા થાય છે. મારું ધ્યાન હજુ એ તરફ જ હોય છે. ત્યાં જ તરત જ બીજા એક ભાઈ, મશીનમાં પોતાનું કાર્ડ દાખલ કરી, પૈસા કાઢવા માટેની કાર્યવાહી કરે છે. પણ આ શું? પોતાને જોઈતા પાઉન્ડથી વધારે પાઉન્ડ નીકળતા, કાંઈક ખોટું કે ગરબડ થયાનો અંદાજ, એ બીજા ભાઈને આવી જતાં, એમણે, એમનાથી પહેલા, જે ભાઈએ એ.ટી.એમ. કાર્ડ નાખેલ, એમને આગળ જતાં જોઈને બૂમ પાડે છે : 'હેલો, એક્સ્ક્યુઝ મી, જેન્ટલમેન, વેઈટ પ્લીઝ.' કહીને દોડીને પાસે જઈ, બનેલી હકીકત જણાવી, એમણે કેટલા પાઉન્ડ માટે કાર્ડનો ઉપયોગ કરેલો, એ પૂછી, એટલા પાઉન્ડ આપી, ગણી લેવા વિનંતી કરે છે.

મારી જેમ બીજા પણ થોડા રાહદારી, ફૂટપાથ પર ચાલનારા જોઈ રહ્યા છે. બંને એકબીજાને 'થેંક્યુ' કહી, હાથ મિલાવી, વિદાય થાય છે. હું અને બીજા, આશ્ચર્યથી જોઈને પ્રસંગને વાગોળતા ચાલતા થઈએ છીએ.

ક્યાં આપણે અને ક્યાં ગોરાઓ! દરેક બાબતમાં અનુકરણ કરતા આપણે ભારતીયો, આવા ઉમદા અને 'મને મારા પોતાના સિવાયનું, કોઈનું, અણહક્કનું લેવાય નહીં' એ ભાવના કે આચરણ કેમ નથી શીખ્યા કે કેમ નથી અનુસરતા એ અભ્યાસનો વિષય છે.

મારો આ અનુભવ આપ સૌને પણ ચોક્કસ વિચારતા કરશે એવી મને ખાતરી છે.


*એ-૧૬/૫, ગોદાવરી ફ્લેટ-૧,*
*ઔડા ફ્લેટ સામે, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*મો. ૯૪૨૭૪ ૫૪૫૧૮*

★

*તા. ૨૬-૧-૨૦૦૧*
*સ્થળ : જી.ટી. હાઈસ્કૂલ, માંડવી (કચ્છ)*
*સમય : સવારે ૮.૪૬ કલાક*

ધ્વજવંદન પછી 'જન ગણ મન...' પૂરું કરી મારું પ્રાસંગિક

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૨ ઉપર)**



તકાદો

# આકરી ઉઘરાણી



ગોરધન ભેસાણિયા

'અરજણ બાપા, આ સાતમ-આઠમનું પરબ આવે છે, તે થોડાક રૂપિયાની જરૂર છે.' માવજી ગરીબડું મોં કરીને અરજણભાઈ સામે જોઈ રહ્યો.

'હમણાં તો હુંય ભીંસમાં છું. ગયું વરસ માઠું હતું ને અટાણે ખેતીનો ખર્ચો, આવક તો દિવાળીએ દેખાય!' અરજણભાઈએ ના તો ન પાડી, પણ – શું કરવું? – ના ભાવ સાથે માવજી સામે જોઈ રહ્યા.

'તમારે જાડી છાશમાં પાણી સમાઈ જાય બાપા, મારા વતી થોડીક ભીંસ વધારે ભોગવજો. તમે કે'શો તો કામે આવીને વાળી દેય ને રોકડા કે'શો તો રોકડા દઈ જાય.'

'તું શું રોકડા દેતો'તો...!' અરજણભાઈએ મોં મલકાવ્યું ને પૈસા દીધા. માવજી પૈસા લઈને ગયો કે તરત જવલબેને કહ્યું : 'આ જેને તેને પૈસા દીધા કરો છો તે પાછા આવે છે કે નહીં? આ ઓલ્યો સવલો એના ભાઈના લગન હતા તંઈ, બે વરસ પે'લા રૂપિયા લઈ ગયો છે. હવે મોઢુંય દેખાડતો નથી. આવાને પૈસા દેવાય જ નંઈ.'

'દેવા પડે! વે'વારની વાતમાં તને શું ખબર પડે!' અરજણભાઈ બેફિકરાઈથી બોલ્યા.

'કાંક કહું એટલે તરત બોલે – વે'વારની વાતમાં તને શું ખબર પડે – એટલે અમે શું ખેતરને શેઠે ઊભેલું ઝાડવું છંઈ? આ માવજીને તો ઠીક છે કે, થોડાક જ રૂપિયા દીધા છે ને ગામનો છે તે દઈ જાશે ને કાં કામે આવશે. સવલો તો હવે પડખેના ગામે રે'વા ગયો છે તે કામેય નથી આવતો. એને ઘેરે જઈને ઉઘરાણી કરતા હો તો!'

સીમાડાનું ગામ છે. કહીએ તો ત્યાંથી કામે આવે પણ આપડને આંયથી માણસો મળી રહે છે પછી ન્યાં ક્યાં કે'વા જાવું? રહી વાત ઉઘરાણીની, તો દિવસે જાઈ તો કામે ગયો હોય ને રાતે ક્યાં ધોડાં કરવા?'

'તમે છો જ મોઢાના મોળા. આપડે દીધા છે ને માંગવા છે ને? થોડા થોડા કરીને કઢાવો ને કાં પેલા ભાગિયું રાખીને વાડીએ રે'તો એમ ભાગિયું ઘો એટલે ભાગમાંથી વાળી લેવાય.'

'આપડે ભાગિયા છે એને કારણ વિના કાઢી મૂકાય છે કાંઈ? આ નહીં હોય તંઈ ઈ છે જ. એને ભાગિયું દે'શું.'

'માણસો પણ કેવા પેટખોટા થાય છે. કોઈનું લઈને દેવાની દાનત જ નંઈ!' જવલબેને માથું હલાવ્યું. 'રૂપિયા જોતા'તા તંઈ એકાતરા આંટા મારતો ને હવે આનીકોર્ય ફરકતોય બંધ થઈ ગયો છે. આ ઉછીના રૂપિયા દેવાનો તમારો ધંધો જ ખોટો છે. રૂપિયા તો જાય ને સંબંધેય બગડે.'

'વે'વારની વાતમાં તને શું ખબર પડે! એનેય રૂપિયા દઈ દેવા હોય પણ મજૂર માણસ છે. વેંત થાય તંઈ દેયને!'

'વે'વારની વાતમાં ભલે મને ખબર ન પડે પણ મને એટલી ખબર પડે છે કે દેવાની દાનત હોય તો વેંત થાય. આપણે સમજીએ છીએ કે મજૂર માણસ છે તે એક સાથે ન આપી શકે પણ કટકે કટકે આપે તોય આજ પૂરા પડી ગયા હોત. આપડે ક્યાં વ્યાજ ચડાવવું છે? જેટલા આપે એટલા મુળગામાંથી ઓછા થાત.'

'ઈ વાત તારી સાચી પણ વ્યાજ ચડતું હોય ન્યાં તો આપવામાંય ઉતાવળ રાખે. ઉછીના મળ્યા હોય એની ઉપાધિ ન હોય. દેવાશે નિરાંતે!'

'એને નિરાંત હોય પણ ઉઘરાણી કર્યા કરો તો ક્યાં જાય?'

'વારે વારે એની વાંહે ક્યાં હડિયું કાઢવી? આકરી ઉઘરાણી કરો તોય માથાકુટ થાય. દઈને દુશ્મન થાઈ!'

'આવા તો તમે કેટલાય દુશ્મન ઊભા કર્યા હશે! આ સવલાની તો મને ખબર છે તે બળતરા કરું છું. બાકી હું તમારો સ્વભાવ જાણુંને! કોક થોડીક ગરીબાઈ ગાય એટલે તરત પૈસા દીધા જ હોય. પછી પાછા આવતા હશે કે નંઈ... ઈ મારો રામ જાણે!'

'એમ કાંઈ જેને તેને દઈ દેતો હોઈશ?' અરજણભાઈએ બચાવ કર્યો. 'દીધા હોય તોય વે'વેરા દીધા હોય ને ઈ પૈસા પાછાય આવી જ જાય.'

'આવે તો આવે નકર કોણ પૂછે છે? છોકરા બિચારા શહેરમાં ઊંધે માથે રળે છે ને હું કાંક કહું કે પૂછું તો તરત પરખાવો છો – વે'વારની વાતમાં તને શું ખબર પડે!'

'ઈ તો અમુક વાતમાં કીધું હોય. બાકી લેતી-દેતીની વાત તો તને કરું જ છું ને... અને આ સવલો પૈસા લેવા આવ્યો તંઈ તો એણે માગ્યા'તા એના અર્ધા જ હું આપતો'તો પણ એણે આજીજી કરવા માંડી, 'મારા ભાઈના લગન છે. લગન પતશે એટલે તરત પાછા દઈ જાય. મારે એક મહિનો રૂપિયાની જરૂર છે.'

મેં પૂછ્યું, 'એક મહિનામાં રૂપિયા ક્યાંથી આવશે?' તો કેય કે, 'અમારા વે'વાર હોય! અમારા સગાસંબંધી અને કુટુંબીઓમાં

લગન હોય તંઈ અમે ગજા પ્રમાણે લખાવ્યા હોય ઈ રૂપિયા અમારે ન્યાં પ્રસંગ આવે તંઈ બમણા પાછા આવે. ઈ રૂપિયા આવશે એટલે તમારા તરત પાછા.' તોય હું ન દેત પણ તંઈ તેંજ કીધું'તું – ઘો બિચારાને, દઈ જાશે ઈ તો – અટાણે બિચારો ગોત્યોય જડતો નથી. તે દિ'તું વચાળે ડાહી ન થઈ હોત તો અર્ધામાં ઉકલત. આ ડબલ ડામ પડ્યો. એટલે જ મારે કેવું પડે છે કે, વે'વારની વાતમાં તને શું ખબર પડે!'

'વે'વારની વાતમાં તને શું ખબર પડે?' એમ કહીને તે દિ' અર્ધા જ દીધા હોત તો? તે દિ' તમેય કાંઈ બોલ્યા નંઈ ને મેં કીધું એટલે રૂપિયા દઈ દીધા. ઠીક છે, દીધા તો ભલે દીધા પણ હમણાં આ સાતમ-આઠમનો તહેવાર આવે છે તે સવલો ત્રણ-ચાર દિવસ ઘેરે જ રહેશે. તંઈ જાવ ને આકરી ઉઘરાણી કરો. ગમે એમ કર્ય પણ મારા રૂપિયા લાવ્ય, મારે જરૂર છે.'

'તેં ઠીક યાદ કરાવ્યું હોં. ગોકુળ આઠમ માથે આ મજૂર માણસો ક્યાંય કામે ન જાય. સવલાએ આપડું ભાગિયું રાખ્યું'તું ને ગમે એવું કામ હોય તોય આઠમ માથે તો ઈ રાજાપાઠમાં જ હોય. કામ રઝળે છે એમ કહીએ તોય કહે – કામ તો જિંદગી આખી છે જ. આઠમ વરસમાં એક વખત જ આવે છે હોં – આ આઠમનો મોકો સારો છે.'

★

જન્માષ્ટમીનો તહેવાર છે એટલે સવલો મળશે જ તેવા વિશ્વાસ સાથે અરજણભાઈ ઉઘરાણીએ ગયા ને ત્યાંથી પાછા આવ્યા એટલે જવલબેને જડતી લેવાનું શરૂ કર્યું. 'મળ્યો સવલો? રૂપિયા દીધા...?'

'મળ્યોને! ઘેરે જ હતો. મેં ઠીકાઠીકનો ઘસકાવ્યો. બાપાના રૂપિયા લઈ ગ્યો છો ઈ અટાણે ને અટાણે કાઢ્ય. ઘરમાં ન હોય તો કોક પાસેથી વ્યાજે લઈ આવ્ય. મેં કાંઈ ગુનો કર્યો છે? એક મહિનાનું કહીને બે વરસ માથે મહિના જાય છે. આ કાંઈ રીત છે? મારે ઘેરે કાંઈ રૂપિયાનું ઝાડવું નથી કે તારા જેવાને ખંખેરીને દીધા કરું! હું કાંઈ ગીરનારનો બાવો નથી; મારેય વાંહે પરજા છે!'

'સારું થયું કીધું ઈ. ગરજ હોય તંઈ ગોઢલી વળી જાય ને લટુડાપટુડા કરે, ગરજ પતે એટલે કોણ હું ને કોણ તું. પછી બોલ્યો કાંઈ?'

'શું બોલે! મને ભાળ્યો ત્યાં જ શિયાંવિયાં થઈ ગ્યો. હા કે ના કાંઈ બોલ્યો નંઈ પણ એની વહુ લાજનો છેડો આડો રાખીને બોલી : 'અરજણબાપા, તમે આકરા થાવમાં. તમારા પૈસા અમારે દૂધે ધોઈને દઈ દેવા છે પણ અટાણે ઘરમાં કાંઈ નથી. મેં આ છોકરાના બાપને કેટલીય વખત કીધું કે તમે અરજણબાપા પાસે જાવ ને ક્યો – તમારા પૈસા ખોટા નંઈ કરીએ. પણ થોડીક વાર લાગશે. પણ ઈ કેય કે, 'મારો પગ ઉપડતો નથી. શું મોં લઈને મારે જાવું? મેં મહિનાનો વદાડ કર્યો'તો ને આ વરસ માથે વરસ જાય છે.'

'બાઈની વાત સાચી છે.' જવલબેન રાજી થઈને બોલ્યા : 'એકવાર આવીને કહી જાય તોય આપણને એમ થાય કે સવલાને સાંભરે તો છે! આ તો લઈને ગ્યો ઈ ગ્યો. હં...અ...અ... પછી શું થયું?'

'પછી શું થાય...! બાઈ એના રોદણાં ગાવા માંડી : 'હું આ ઘરમાં આવી ને હજી છ મહિના થ્યાં ત્યાં મારા સાસુએ ગામતરું કર્યું. તે દિ' મારો દેર પાંચ-છ વરહનો માંડ હશે. અમે એને પેટના દીકરાની જેમ સાચવીને લાડકોડથી મોટો કર્યો. એના લગનમાંય કોઈ એમ ન કહી જાય કે, માવતર નથી એટલે અમે પરસંગ નબળો કર્યો. આ એમાં જ છેલ્લી ઘડીએ તમારી પાસે હાથ લાંબો કરવો પડ્યો. અમને એમ હતું કે ઘરમાં કામ કરવાવાળા વધશે, પછી લેણું દેતાં શું વાર? પણ મારી દેરાણી ચૂલો ભેળો લઈને આવી. એક દિ'ય કામે નથી ગઈ. પરબારો નોખો મંગાળો માંડ્યો છે. અધૂરામાં પૂરું ઘરમાં બે-ત્રણ વખત મોટી માંદગી આવી ગઈ. આ દિ'...દિ'ને ઘેરે જાય છે; ખોટું નહીં બોલું. બાર મહિનાનો સપરમો તહેવાર છે, અમારી સાટું તો ઠીક પણ છોકરાવ સાટુંય સારું લૂગડું નથી. લૂગડાં તો ઠીક પણ છોકરાં રાજી થાય એવું રાંધવુંય શું?' અરજણભાઈ અટક્યા ને પછી બોલ્યા : 'હશેય એવું. છોકરાં અરધાં ઉઘાડાં આંટા મારતા'તા!'

'બિચ્ચારા...!' જવલબેનનું મોં ગંભીર થઈ ગયું ને બોલ્યા : 'એવં હતું ને તમે નાહક આ બાર મહિનાનાં પરબે એને ઘેર જઈને કકળાટ કરાવ્યો!'

'તું વાંહે લાગી'તી; ઝટ જઈને ઉઘરાણી કરો. નકર આપડે ક્યાં ઈ રૂપિયા આવે પછી ચૂલો સળગશે એવું તો નો'તું.'


'હું તો કવ...! વે'વારની વાતમાં મને શું ખબર પડે?' જવલબેને જાતે સ્વીકાર્યું ને પછી બોલ્યા : 'આ સાતમ-આઠમ જેવો મોટો તહેવાર છે ને એનાં છોકરાં બિચારાં નિમાણાં થઈને ફરે છે. એનું પરબ સુધરી જાય એટલો ટેકો કર્યો હોત તો આપડે કાંઈ ગરીબ ન થઈ જાત!'

'તો પાછી તું જ કેત, દીધા છે ઈ રૂપિયા પાછા આવ્યા નથી ને માથેથી વધારે દીધા?'

'હું તો કવ...! વેવારની વાતમાં મને શું ખબર પડે?' જવલબેને બીજી વખત એનું એ વાક્ય ઉચ્ચાર્યું. એટલે અરજણભાઈનું મોં મલક્યું ને પોતાના કાન પકડ્યા : 'હોય કાંઈ...! તું મુંઝાતી નંઈ; સવલાનું ઘર હરખેથી આઠમ ઉજવે એટલા પૈસા તો હું દેતો આવ્યો છું.'

'તો... તો... સારું... લ્યો!' જવલબેનના મોં ઉપર રાજીપો થયો. ત્યારે લાગતું હતું કે કૃષ્ણજન્મને બે દિવસની વાર છે ત્યાં જ બધી દિશાએથી વધાઈના ગીતો સંભળાઈ રહ્યા છે.

*મોરઝર, વાયા ચલાલા, જિ. અમરેલી - ૩૬૫ ૪૩૦.*
*મો. ૯૪૨૯૧ ૩૯૧૯૭*



દીદાર

# દીપંકર શ્રીજ્ઞાન



ડૉ. અનિલ આર. દ્વિવેદી

આર્યાવર્ત જાણે કે અમાસની રાત. અનેક દર્શનો અને ધર્મો જાણે કે આલોકમાન નિહારિકાઓ. આ દર્શનો અને ધર્મોના વિદ્વાન આચાર્યો જાણે કે ચમકતા તારાઓ. આમાંનો એક તેજસ્વી તારો એટલે દીપંકર શ્રીજ્ઞાન. આ તેજસ્વી તારો એટલે બૌદ્ધ સાહિત્યને દૂર દૂરના દેશોમાં પહોંચાડનાર એક અનોખો આદમી.

આ આચાર્યનો જન્મ ઈ.સ. ૯૮૨માં પૂર્વ ભારતના સહોર નામના સ્થાનમાં થયો હતો. એમનું જન્મનામ ચંદ્રગર્ભ હતું. ચંદ્રગર્ભ બાળપણથી અલાબપ્રતિભા હતો. વિચક્ષણ આ બાળકને, પોતાના પનોતા પુત્રને ભણાવવા માટે તેના પિતા રાજા કલ્યાણશ્રીની 'વિક્રમ શિલા મહાવિહાર'માં દાખલ કરવાની ઈચ્છા હતી. આ વિદ્યાલય સારું હતું, નજીક પણ હતું. પરંતુ ચંદ્રગર્ભની વિશાળ દૃષ્ટિમાં આ વિદ્યાલય નાનું દેખાયું. તેણે ખૂબ જ નમ્રતાથી પોતાના પિતાને કહ્યું – 'પિતાજી, મારી ઈચ્છા નાલંદામાં ભણવાની છે.' પોતાના પુત્રની પસંદગી પર પિતાને ગર્વ થયો અને ચંદ્રગર્ભને નાલંદા જવાની અનુમતિ સાથે બધી વ્યવસ્થા પણ કરી આપી. આવા પિતાનો પુત્ર જ દીપંકર શ્રીજ્ઞાન બને છે.

બીજા ચંદ્ર જેવો ચંદ્રગર્ભ નાલંદા મહાવિહારના અધ્યક્ષ આચાર્ય બોધિભદ્ર સન્મુખ ઊભો છે. ઉંમર માત્ર અગિયાર વરસની. નિયમ પ્રમાણે વીસ વરસની ઉંમર હોવી જોઈએ. પણ બોધિપ્રદે ઘડીના છઠ્ઠા ભાગમાં ચંદ્રગર્ભની પ્રભા ઓળખી લીધી. નિયમને વળગ્યા વિના તેમણે ચંદ્રગર્ભને પ્રવેશ આપી દીધો. ધન્ય છે એ નાલંદાને કે જ્યાં ન હતી નિયમોની જડતા, કે ન હતા જડ ગુરુઓ. આવા જ વિશ્વ વિદ્યાલયનો અને આવા જ આચાર્યનો વિદ્યાર્થી દીપંકર શ્રીજ્ઞાન બને છે.

ગુરુએ સૌપ્રથમ ચંદ્રપ્રભનું નામ દીપંકર પાડ્યું. પછી તેની અસાધારણ પ્રતિભાને કારણે તેના નામની પાછળ 'શ્રીજ્ઞાન' શબ્દ જોડી દીધો. ચંદ્રગર્ભ બન્યો – દીપંકર શ્રીજ્ઞાન.

દીપંકરમાં દીપની જેમ અજવાળું પાથરી 'પદાર્થ' શોધવાની સહજ શક્તિ હતી. નાલંદામાં લગભગ દસેક વરસ અભ્યાસ કર્યો. અભ્યાસ પૂરો કરીને વિક્રમશિલાના આચાર્ય નારોપાને તેણે શોધી લીધા. તેમની આગળ પણ અભ્યાસ કર્યો. નાના કેન્દ્રોમાં પણ મોટા માણસો હોય છે.

વિક્રમશિલામાં દીપંકરને ઘણા વિદ્વાનો મળ્યા. એ વિદ્વાનોના કહેવાથી દીપંકર સુમાત્રા ગયા. ત્યાં એકાંતવાસ કર્યો. એકાંતમાં જ અજ્ઞાનનો અંત આવતો હોય છે.

પછી ત્યાં તેઓ ધર્મપાલ પાસે ગયા. ત્યાં બાર વરસ ધર્મગ્રંથોનો ગંભીર અભ્યાસ કર્યો. એક-બે વરસમાં કાંઈ વળતું નથી. ધૈર્યપૂર્વક સમય આપવો પડે છે, સતત પરિશ્રમ સાથે સમય કાપવો પડે છે. ત્યારે સફળતાનો સૂરજ ઊગતો હોય છે.

ચોંત્રીસમા વરસે સુમાત્રાથી પાછા વિક્રમશિલા આવ્યા. ત્યાં તેમને અનેક સન્માનિત પદ મળ્યા. વિક્રમશિલા વિશ્વ વિદ્યાલયના ૧૦૮ મહાન આચાર્યોમાંના એક આચાર્ય દીપંકર શ્રીજ્ઞાન પણ હતા. એમણે જીવનનાં મોટાભાગનાં વરસો વિક્રમશિલામાં વિતાવ્યાં.

દીપંકર વિક્રમશિલામાં હતા, પણ એમનું નામ દેશ-વિદેશમાં દૂર દૂર પહોંચી ગયું હતું. આ સમયે તિબેટમાં આચાર્ય જ્ઞાનપ્રભ બૌદ્ધધર્મને ઘરે ઘરે પહોંચાડવાના કામમાં વ્યસ્ત હતા. પણ ધર્મની વાત લોકો સુધી તો જ પહોંચે, જો ધર્મની વાત એ લોકભાષામાં હોય.

આચાર્ય જ્ઞાનપ્રભના કાને દીપંકરનું નામ પડ્યું. જ્ઞાનપ્રભે એ જ પળે નક્કી કર્યું કે દીપંકરને તિબેટ બોલાવવા. આથી તેઓએ આમંત્રણ મોકલ્યું, પણ દીપંકરે આ આમંત્રણનો સવિનય અસ્વીકાર કર્યો; કેમકે જીવનના ઉત્તરાર્ધમાં અન્ય દેશમાં શું સ્થાયી થવું? પણ સમયની ચાલ કોણ સમજી શક્યું છે?

જ્ઞાનપ્રભ નિરાશ ન થયા. તેમણે પોતાના કેટલાક શિષ્યોને કામ સોંપ્યું કે તમારે વિક્રમશિલા જઈને દીપંકરને સમજાવવાના છે; કે જેથી તેઓ તિબેટ આવે. શિષ્યો વિક્રમશિલા આવ્યા. દીપંકરને મળ્યા. બધી વાત કરી. પણ દીપંકર ન માન્યા. શિષ્યો તિબેટ પાછા ફર્યા. ગુરુ જ્ઞાનપ્રભને બધી વાત કરી. હજી પણ જ્ઞાનપ્રભ નિરાશ ન થયા. તેઓ વૃદ્ધ હતા. તેમને દીકરાની જરૂર હતી. છતાં તેમણે પોતાના પુત્રને દીપંકર પાસે મોકલ્યો. હજી તો પુત્ર દીપંકર પાસે પહોંચે તે પહેલાં જ પુત્રને જ્ઞાનપ્રભના મૃત્યુના આઘાતજનક સમાચાર મળ્યા. પણ પુત્રને પિતાની ઈચ્છાની ખબર હતી. તે પાછો ન ફરતાં, દીપંકરને મળ્યો અને

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૧ ઉપર)



કચ્છ

# ‘બેટી બચાઓ, બેટી પઢાઓ’ની કામગીરીમાં અગ્રેસર કચ્છ



ડૉ. પૂર્વી ગોસ્વામી

વિસ્તારની દૃષ્ટિએ વિશાળ કચ્છ જિલ્લો વિકાસની કામગીરીના સંદર્ભે પણ વિશાળ દૃષ્ટિગોચર કરી ચૂક્યું છે. **પ્રશંસા સંદર્ભિત બાબતો તો એ છે કે મહિલા કેન્દ્રિત સમસ્યાઓ માટે ખુદ મહિલાઓ જ આગળ આવી છે.** જિલ્લાના વિવિધ ગામોએ આદરેલી વિવિધ પહેલ, જે સમગ્ર ભારતમાં પ્રથમ વખત બની છે, તે દેશનાં અન્ય ગામો માટે પણ પ્રેરણાત્મક સાબિત થઈ છે. **દેશભરમાં કચ્છના ચાર ગામોએ નવતર પહેલ કરીને ‘બાલિકા પંચાયત’ની રચના કરી છે. ગ્રામ પંચાયતના માધ્યમથી ચૂંટાયેલી કિશોરીઓ આરોગ્ય, શિક્ષણ, બાળલગ્ન જેવા મુદ્દાઓ પર કામ કરવા અનુકરણીય નવતર પ્રયોગ કર્યો છે.** ‘બેટી બચાવો, બેટી પઢાઓ’ દ્વારા કિશોરીઓના હિત વચ્ચેના ભેદભાવ દૂર કરવા, નીતિ વિષયક પ્રશ્નોની રજૂઆતો અને પંચાયતી માળખાની સાચી સમજ બહેનોમાં આવે તે ઉદ્દેશ્યથી બાલિકા પંચાયતની રચના કરવામાં આવી છે. ચૂંટાયેલી સરપંચ બાલિકાઓએ પહેલેથી જ ગામમાં જરૂરિયાતમંદ બાળકોને ભણાવવું, વૃક્ષારોપણ, બાળલગ્ન વિરોધી નારા, કોરોના જાગૃતિ રેલી જેવી ખૂબ સારી કામગીરી કરી છે પણ હવે પંચાયતી તંત્રની મદદ સાથે તે ગામના જાગૃત સરપંચો સુરેશભાઈ છાંગા (કુનરિયા), કીર્તિભાઈ ગોર (મસ્કા), ઇકબાલ ઘાંચી (આંગીયા મોટા), કંકુબેન વણકર (કુકમા) અને કચ્છ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગની મદદ થકી કિશોરીઓએ મૂકેલા નીતિ વિષયક નિર્ણયો અને કિશોરીઓના પ્રશ્નોને હલ કરવા વધુ સારી રીતે કામ કરી શકશે.

**કચ્છના આ ચાર ગામોમાં નવતર પહેલ સાથે દેશમાં પ્રથમવાર બાલિકા પંચાયતની રચના કરવામાં આવી.** જે અંતર્ગત કુનરિયા ગામમાં ભારતીબેન હરિભાઈ ગરવા, મસ્કામાં વિધિબેન રાજગોર અને મોટા અંગીયામાં પૂજાબેન ગરવા બાલિકા પંચાયતના સરપંચ બન્યા છે. દેશની આ પ્રથમ પહેલ કે જેમાં કુલ મતદાતા પૈકી ૫૦% એ મતદાન કર્યું હતું. ગામમાં રીતસરની ચૂંટણીનો માહોલ સર્જાયો હતો. સરપંચ તરીકેની દાવેદારી માંડતા ઉમેદવારોએ ગામમાં ફરીને પ્રચારની કામગીરી કરી હતી તથા મતદાન સહાયતા કેન્દ્ર પર ૧૦થી ૨૧ વર્ષની દીકરીઓએ ઉમંગભેર મતદાન પણ કર્યું હતું.

- **સરકારી તંત્ર અને લોક ભાગીદારીની ઉત્તમ કામગીરીમાં નિમિત્ત બની બેટીયાં :**

**‘નીરોણા ગામમાં લગ્ન પ્રસંગો માટે નહીં પણ દીકરી જન્મને આવકારવા દીકરી જન્મોત્સવ પ્રસંગે ઢોલ ઢબુકે છે.’**

દીકરીનો જન્મ એટલે ઘરમાં લક્ષ્મીનો જન્મ – માનીને કચ્છના નીરોણા ગામમાં દીકરી જન્મોત્સવની અનોખી રીતે ઉજવણી કરવામાં આવે છે. આ ગામમાં ઢોલ ઢબુકે ત્યારે એવું લાગે કે ક્યાંક લગ્ન પ્રસંગ કે કોઈ સાંસ્કૃતિક કાર્યક્રમ હશે પણ પછી ખબર પડે કે દીકરી જન્મોત્સવનો આ પ્રસંગ છે. ‘દીકરી જન્મને વધાવીએ, દરેક દિવસને દીકરી જન્મોત્સવ બનાવીએ’ના સૂત્રને ગામના લોકોએ હકારાત્મક રીતે અપનાવ્યું છે. ગામની ૨૨ દીકરીઓના જન્મ પ્રસંગે ‘દીકરી વધામણા કીટ’ આપી પ્રોત્સાહક પગલાં લેવાયા. કચ્છ મહિલા શક્તિ કેન્દ્રના મહિલા અને બાળ અધિકારી અવનીબેન રાવલની અનુપ્રેરણા સાથે દીકરી શીતલ ભાનુશાલીએ પોતાના અભ્યાસના ભાગરૂપ ક્ષેત્રકાર્ય દરમિયાન સરકારી તંત્ર, મહિલા શક્તિ કેન્દ્ર અને આંગણવાડી કર્મચારીઓ સાથે રહી સંકલન કર્યું અને આ સરાહનીય પહેલ ગામમાં શરૂ થઈ.

- **‘ઘરકી પહેચાન બેટીયોં કે નામ...’**

દીકરી જન્મ, એ પરિવાર માટે શાપરૂપ ઘટના નહીં પણ ગૌરવપૂર્ણ સહર્ષ ઘટના છે એવું આજે ગ્રામીણ વૈશ્વિક્તાએ સાબિત કર્યું છે. સમગ્ર જિલ્લામાં મોટા આંગીયા, મસ્કા, સીનુગ્રા, ડુંગરપુર (માંડવી) ગામમાં દીકરીઓના નામે ઘર શોધવામાં આવે છે.

★ ગામ મોટા અંગીયાના સરપંચને મળવા જવું હોય તો પૂછવું પડે, ‘પરીબેન ઘાંચીનું ઘર ક્યાં છે?’ કારણકે પરી, એ સરપંચ ઇકબાલભાઈની દીકરી છે અને આ ગામના ૩૦ ઘરો એવા છે, જેમાં દીકરીના નામની નેમ પ્લેટ લાગેલી છે.

★ મસ્કા ગામના ૧૫૦ ઘર દીકરીના નામે ઓળખાય છે. તે ગામમાં તો એક ઘરે દીકરી નથી તો વહુ (દીકરી)ના નામની નેમપ્લેટ લગાડવામાં આવી છે.

- **તેજસ્વી દીકરીઓના નામે છે ગામના માર્ગો : ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવા કુકમા ગામના મહિલા સરપંચ કંકુબહેને લીધી પહેલ :**

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગે ૨૦૧૮માં કેન્દ્ર સરકારની ‘બેટી બચાઓ, બેટી પઢાઓ’ યોજના હેઠળ ગામની શેરીઓના નામ તેજસ્વી દીકરીઓના નામે રાખવાનું સૂચવ્યું હતું. પણ કુકમા ગામના મહિલા સરપંચ કંકુબહેને તો ૨૦૧૬માં જ ૧૬ તેજસ્વી દીકરીઓના નામે ગામનાં માર્ગોના નામ કરી ચૂક્યા હતા. **આજે પણ કુલ ૨૨ માર્ગના નામ સૌથી વધુ ભણેલી તેજસ્વી દીકરીઓના નામે માર્ગો ઓળખાય છે.**

*ગિરીરાજ એન્ટરપ્રાઇઝ, ન્યુ સ્ટેશન રોડ,*
*ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧. ● મો. ૯૮૨૫૭ ૯૨૦૪૮*



સ્વાસ્થ્ય

# મને વારંવાર માથાનો દુઃખાવો (માઇગ્રેન) થાય છે (ભાગ-૩)




ડૉ. મણિલાલ ગડા (સિનિયર મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા) (બાળકો તથા પુખ્તવય માટેના મનોચિકિત્સક)


આગળના લેખ (ભાગ-૨)માં આપણે જાણ્યું કે માથાનો દુઃખાવો કેટલા સમયથી છે તથા દુઃખાવાની માત્રા કેટલી છે એના પરથી ક્લિનિકલી માથાના દુઃખાવાના નિદાન તથા સારવાર માટે નીચેના ત્રણ વિભાગમાં વર્ગીકરણ કરાય છે.

૧. તાજેતરનો / ટુંકા સમયનો માથાનો દુઃખાવો (Acute). જેમાં શારીરિક તપાસ તથા ન્યુરોલોજીકલ તપાસ બહુ જ અગત્યના છે.

૨. વચ્ચેના સમયના માથાના દુઃખાવામાં (Sub acute) શારીરિક તપાસ જોડે મનની તપાસ કરવી મહત્ત્વનું છે.

૩. લાંબા સમયનો / વારંવાર થતા માથાના દુઃખાવામાં (Chronic / Freqent) મનની તપાસ બહુ જ મહત્ત્વની છે.

મનની તપાસ (Mental Status Examination) તથા વૈજ્ઞાનિક પદ્ધતિથી માથાના દુઃખાવાની નોંધ (Scientific Headache Diary) પરથી મનના આંતરિક પરિબળો તથા બાહ્ય પરિબળો વારંવાર થતા / લાંબાગાળાના દુઃખાવામાં શું અને કેટલો ભાગ ભજવે છે એ જાણી અને સમજી શકાય છે. સારવારમાં ખાસ કરીને સાયકોથેરાપી (કાઉન્સેલિંગમાં) ખૂબ જ મદદરૂપ થાય છે તથા સારવારના અપેક્ષિત પરિણામો મળે છે. દર્દી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

આ લેખમાં લાંબા સમયના / વારંવાર થતા માથાના દુઃખાવાના બે મુખ્ય પ્રકારના લક્ષણો વિશે જાણકારી મેળવીએ.

## ૧. સ્નાયુઓના સંકોચાવાથી થતો માથાનો દુઃખાવો અથવા ટેન્શન હેડેક (Muscle Contraction Headache or Tension Headache)

**આ સર્વસામાન્ય માથાના દુઃખાવાની બીમારી છે.** લાંબાગાળાના / વારંવાર થતા માથાના દુઃખાવાના ૧૦૦ દર્દીઓમાં ૭૦% (બે તૃતીયાંશ) સ્નાયુઓના સંકોચાવાથી થતા માથાના દુઃખાવાના દર્દીઓ હોય છે. જ્યારે બાકીના ૩૦% (એક તૃતીયાંશ) આધાશીશીના દર્દીઓ હોય છે, એવું સર્વેક્ષણોનો રિપોર્ટ છે.

- **લક્ષણો :**

૧. માથું ભારે ભારે લાગે છે. માથા પર વજન હોય એમ લાગે છે.

૨. આખું માથું દુઃખે છે, ભારે લાગે છે. ઘણી વખત દુઃખાવો એકબાજુથી શરૂ થઈ બીજી બાજુ જાય છે.

૩. માથું ઝીણું ઝીણું દુઃખે છે. માથાના દુઃખાવાની તીવ્રતા પ્રમાણમાં ઓછી હોય છે. દુઃખાવો સહન થઈ શકે છે.

૪. ઉલટી કે ઉબકા આવતા નથી.

- **અન્ય લક્ષણો :**

૫. શારીરિક નબળાઈ લાગે છે.

૬. શરીરના અન્ય સ્નાયુઓમાં / અન્ય ભાગમાં દુઃખાવો થતો હોય છે (છાતીમાં દુઃખવું, પેટમાં દુઃખવું, શરીરમાં કળતર વગેરે.)

૭. ઊંઘમાં ખલેલ પહોંચે છે. સ્ફૂર્તિદાયક ઊંઘ આવતી નથી.

૮. નજીવા કારણથી રડવું આવે છે.

૯. રૂટીન કામમાં ઉત્સાહ કે મન ઓછું હોય છે.

૧૦. સ્વભાવ ચીડિયો થઈ જાય છે. નજીવી બાબતમાં ગુસ્સો આવી જાય છે.

- **વૈદકીય તપાસ :**

શારીરિક તપાસ, લોહીની તપાસ, એક્સ-રે, સી.ટી. સ્કેન - હેડ, એમ.આર.આઈ સ્કેન-હેડ, ઇ.ઇ.જી. બધું જ નોર્મલ હોય છે.

- **માનસિક પરિબળ :**

આ પ્રકારના દુઃખાવા માટે માનસિક પરિબળ મુખ્ય કારણ હોય છે. (૧) દર્દીનો ભાવનાત્મક, લાગણીશીલ સ્વભાવ તથા (૨) બનતા નકારાત્મક પ્રસંગો અને (૩) નકારાત્મક પ્રતિભાવ અને પ્રતિક્રિયા મુખ્ય ભાગ ભજવે છે.

૧. નિરાશાજનક પરિસ્થિતિનો સામનો કરવાના પૂરતા મનોબળનો અભાવ.

૨. નકારાત્મક પ્રતિક્રિયા.

૩. નિરાશાજનક લાગણીઓને વ્યક્ત કરવાની અણઆવડત.
૪. અવ્યક્ત નકારાત્મક લાગણીઓને દાબી દેવાની માનસિક વૃત્તિ.
૫. વાસ્તવિક્તા કરતા વધારે પડતી અપેક્ષાઓ.
૬. અપેક્ષિત પરિણામ ના મળવું.
૭. 'ના' પાડવા માટેના મનોબળનો અભાવ.

ઉપરોક્ત એક કે તેનાથી વધારે પરિબળો માનસિક સ્ટ્રેસનું કારણ બને છે. આ સ્ટ્રેસને લીધે શરીરમાં ખાસ કરીને બ્રેઇનમાં ન્યુરોટ્રાન્સમિટર્સ તથા હોરમોન્સમાં ફેરફારો થાય છે. જેના લીધે માથાનો દુઃખાવો થાય છે તથા દુઃખાવાનું પ્રમાણ વધી જાય છે.

## ૨. આધાશીશી માઇગ્રેન (Migraine)

વારંવાર થતા / લાંબાગાળાના માથાના દુઃખાવાના ૧૦૦ દર્દીઓમાં આધાશીશીના ફક્ત ૩૦% દર્દીઓ જ હોય છે.

- **લક્ષણો :**

૧. **અડધું જ માથું દુઃખે છે. આખું માથું જવલ્લે જ દુઃખે છે.**
૨. દુઃખાવાની તીવ્રતા વધારે હોય છે.
૩. માથું હમણાં જ ફાટી જશે એવું લાગે છે.
૪. સાથે ઉબકા આવે છે કે ઉલટી થાય છે.
૫. આંખોમાં અંધારા આવે છે કે પ્રકાશના ઝબકારા (Flashes of Light) આંખોમાં થાય છે.
૬. પ્રકાશ કે અવાજ આધાશીશીના હુમલા દરમિયાન સહન થતા નથી.
૭. ઘણી વખત બે (ડબલ) દેખાય છે.
૮. અંધારા ઓરડામાં રહેવાનું મન થાય છે. જેથી પ્રકાશ તથા અવાજથી દૂર રહી શકાય.
૯. માથાનો દુઃખાવો એકથી ત્રણ દિવસમાં મટી જાય છે.

**અન્ય લક્ષણો :**

૧૦. બે દુઃખાવાના સમયની વચ્ચે અન્ય લક્ષણો નહિંવત હોય છે.

- **માનસિક પરિબળ :**

સંશોધનો તથા કેસ સ્ટડી દ્વારા પુરવાર થયેલ છે કે આધાશીશી માટે પણ માનસિક સ્ટ્રેસ અગત્યનો ભાગ ભજવે છે. બનેલા કે ઘટિત પ્રસંગોની ઉર્મિતંત્ર / લાગણી (Emotions) પર નકારાત્મક અસર તથા દર્દીનો નકારાત્મક પ્રતિભાવ અને નકારાત્મક પ્રતિક્રિયાને લીધે સ્ટ્રેસનું નિર્માણ થાય છે. આ સ્ટ્રેસને લીધે બ્રેઇનમાં ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં વધઘટ થાય છે. હોર્મોનની પણ નકારાત્મક અસર શરીર પર થતાં આધાશીશીનો હુમલો આવે છે.

### *માનસિક સ્ટ્રેસને લીધે –*

૧. આધાશીશીના હુમલાઓ વધી જાય છે (Frequently)
૨. માથાનો દુઃખાવો વધારે તીવ્ર થાય છે (Severity)
૩. દુઃખાવાના રાહત માટે સારવારમાં અવરોધક બને છે.

- **સારાંશ :**

૧. લાંબાગાળાના / વારંવાર થતા માથાના દુઃખાવામાં માનસિક સ્ટ્રેસ અગત્યનો ભાગ ભજવે છે.
૨. દર્દીની મનની વૈજ્ઞાનિક તપાસ તથા માથાના દુઃખાવાની વૈજ્ઞાનિક નોંધ નિદાન માટે અત્યંત આવશ્યક છે.

*(ક્રમશઃ)*

## દીપંકર શ્રીજ્ઞાન

**(અનુસંધાન : પાના નં. – ૨૮ ઉપરથી ચાલુ)**


દીપંકરને પોતાના પિતાની અંતિમ ઇચ્છા – દીપંકર શ્રીજ્ઞાન તિબેટ આવે – જણાવી તથા પોતાના પિતા જ્ઞાનપ્રભના અવસાનના સમાચાર પણ આપ્યા. આ બધું સાંભળી દીપંકર શ્રીજ્ઞાન દ્રવિત થઇ ગયા. તેને પશ્ચાત્તાપ થયો કારણકે વારંવાર જ્ઞાનપ્રભના આમંત્રણને તેમણે ઠુકરાવ્યું હતું. અંતે તેમણે કહ્યું કે હું અઢાર મહિના પછી તિબેટ આવું છું. જ્ઞાનપ્રભનો પુત્ર હર્ષ અને વિષાદ અનુભવતો તિબેટ આવી ગયો. અઢાર મહિના વીતી ગયા. અડસઠ વર્ષની ઉંમરે દીપંકર શ્રીજ્ઞાન તિબેટ પહોંચ્યા.

તિબેટમાં તેઓ માનસરોવર પ્રદેશના થો-લિન વિહારમાં સ્થિર થયા. તેમની તમામ સગવડ ત્યાંના રાજાએ જાળવી. રાજાએ ખૂબ માનપૂર્વક દીપંકરનું ધ્યાન રાખ્યું. **ત્યાં રહીને દીપંકરે બોધિપથ પ્રદીપ નામનો ગ્રંથ લખ્યો, જે ખૂબ જ વિખ્યાત બન્યો.** આ ઉપરાંત અગિયાર જેટલા સંસ્કૃત બૌદ્ધગ્રંથોનો તિબેટી ભાષામાં અનુવાદ કર્યો.

દીપંકરની વિદ્વતા, બૌદ્ધધર્મ પ્રત્યે નિષ્ઠા અને અત્યંત ઉન્નત વ્યક્તિત્વથી પ્રભાવિત થઇ તેમના શિષ્ય ડોમ-તોન-પ એ ગુરુગુણધર્માકર નામે દીપંકરની જીવનકથા લખી.

દીપંકર શ્રીજ્ઞાન તેર વરસ તિબેટમાં રહ્યા અને તોંત્તેરમાં વર્ષે તિબેટમાં જ જીવનલીલા સંકેલી. દીપંકર શ્રીજ્ઞાનને સાદર વંદન સાથે અને આ કથાનાં બીજ જેમની પાસેથી મળ્યાં, એ વિદ્વદ્વરેણ્ય વાચસ્પતિ ગૈરોલાજીને પણ વંદન કરી આ કથાને પૂર્ણ વિરામ આપીએ.

*૫૦૪, આરોહી એપાર્ટમેન્ટ્સ,*
*૫/૧, પટેલ કોલોની, જામનગર-૩૦૧ ૦૦૮.*
*મો. ૯૯૨૫૩ ૫૪૩૩૫*



શ્રદ્ધા

# વારસદાર



એમ. ડી. સોલંકી

વિવેક અને વંદના આજે સવારથી થોડા બેચેન હતા. થોડીવાર પહેલાં જ એમના દૂરના કાકા વસંતભાઈનો ફોન હતો – 'આવતીકાલે સવારે ડૉ. લાલવાણીની હોસ્પિટલમાં મારે શરીર ચેક-અપ માટે આવવાનું છે. તમે ફોન કરીને એમની પાસેથી એપોઇન્ટમેન્ટ મેળવી લેજો. અને હા, મારે તમારા ઘેર જમવાનું છે. માટે મારી થાળી કમ્પ્લીટ રાખજો.'

વસંતકાકાનો ફોન આવ્યા પછી વિવેકે પત્ની વંદનાને કહ્યું, 'હું કાકાની સાથે જઇને હોસ્પિટલમાં એમનું કામ પતાવી દઇશ. બસ, તું એમની થાળી સાચવી લેજે. એમાં જરાય ઉણપ ન રહી જાય એની કાળજી રાખજે.'

રાત્રે બેડરૂમમાં સૂતેલા વિવેક અને વંદનાની આંખોમાંથી ઊંઘ જાણે કે ગાયબ થઇ ગઈ હતી. શૂન્યમનસ્કભાવે છત સામે જોઇને ઊંડા વિચારોમાં ખોવાઈ ગયેલી વંદનાએ થોડીવાર પછી ચૂપકીદી છોડતા કહ્યું : 'વિવેક, આ વસંતકાકા ખરા છે હોં! હોસ્પિટલમાં શરીર ચેક-અપ કરાવવા ત્રીજી વખત આપણાં ઘેર આવવાના છે. એમને ના પણ કઈ રીતે પાડવી? કાકાનો સ્વભાવ થોડો ઉગ્ર છે. જરા સરખી વાતમાં પણ એ ગુસ્સે થઇ જાય છે. આવો અનુભવ મને પોતાને ગયે વખતે થઇ ગયો હતો. શરતચૂકથી બાથરૂમમાં ગરમ પાણીને બદલે ઠંડું પાણી મૂકાઈ ગયેલું. એમાં તો એમણે આખુંય ઘર માથે લીધેલું! તમે તો એ વખતે શાકભાજી લેવા ગયેલા એટલે પછી મેં તમને આ વાત કહેવાનું જ માંડી વાળેલું.'

'વંદના, કાકીના અવસાન પછી વિધુર બનેલા વસંતકાકા નિવૃત્તિ પછી દર અઠવાડિયે એમના એકાદ સગાને ઘેર રાતવાસો રહી આવે છે. આ રવિવારે આમને ઘેર, તો બીજા રવિવારે બીજાના ઘેર! બે વર્ષથી આ સિલસિલો ચાલુ છે. હવે તો એમના કેટલાય સગા એમને જોઇને જ મોં મચકોડે છે. વંદના, એક તું છે કે કાકાને મીઠો આવકાર આપીને એમની માનવસહજ નબળાઇને નજરઅંદાજ કરીનેય એમની સગવડ સાચવે છે. આમેય કાકા ખાઈ ખાઇને કેટલું ખાઈ જવાના છે? એવું વિચારીને તું એમની પ્રત્યે જરાય અણગમો કરતી નથી એ જ તારા મનની મોટાઈ છે. સાચું કહું વંદના, તારા આવા સાલસ અને મળતાવડાં સ્વભાવ માટે મને તારા પ્રત્યે માન છે.'

'તમારી વાત સાચી છે, વિવેક. **આપણે બીજી વ્યક્તિઓના સ્વભાવને તો બદલી શકતા નથી પણ પ્રયત્ન કરીએ તો આપણા પોતાના સ્વભાવમાં થોડો-ઘણો ફેરફાર જરૂર કરી શકીએ.** એમનો સ્વભાવ એમને મુબારક! આવું થાય ત્યારે થોડું ખમી લેવાનું! કેમ બરાબરને? હા, પણ વિવેક, આપણી દીકરી આરતીના લગ્નના ખર્ચ બાબતે કોઈ સગવડ થઈ?'

'ના વંદના. હું પણ એ જ વિચારમાં છું. સગાવહાલામાં જ્યાં જ્યાં વાત કરી શકાય એમ હતું ત્યાં ત્યાં મેં દાણો ચાંપી જોયો પણ મને ક્યાંય આશાનું કિરણ દેખાયું નહીં. કંપનીમાંથી મળી જાય એટલી લોન લેવા માટેય તપાસ કરી તો ત્યાં પણ છ મહિના રાહ જોવાનું કહ્યું. **એકવાર આપણી આરતીના હાથ પીળા થઈ જાય એટલે ગંગા નાહ્યા!** વંદના, એક વાત કહું? સી.એ.ની ડિગ્રી મેળવેલો આપણો વેદાંત આજે હયાત હોત તો એની નાની બહેન આરતીના લગ્નના ખર્ચ માટે આપણે કોઈનીય પાસે હાથ લંબાવવાની નોબત આવી ના હોત.'

'હા. સી.એ.નું પરિણામ આવ્યાના ત્રીજા જ દિવસે, કોઈ કાળ ચોઘડિયે રોડ અકસ્માતમાં આપણા વેદાંતનું અકાળે અવસાન થયું. વિવેક, પેટે પાટા બાંધીને આપણે એને સી.એ.નો અભ્યાસ પૂરો કરાવ્યો હતો. સમગ્ર રાજ્યમાં આપણો વેદાંત ચોથા નંબરે પાસ થયો હતો... પ...ણ...'

'કાળની ગહન ગતિને આપણાં જેવા પામર મનુષ્યો ક્યારેય સમજી શકતા નથી. વંદના, **તરણું તરણું ભેગું કરીને બાંધેલો માળો કુદરતની એક જ થપાટથી વેરવિખેર થઈ જાય છે.** અથાક મહેનતથી પરસેવો પાડીને તૈયાર કરેલા બગીચામાં ફૂલ-ફળ આવવાની વેળાએ જ વિનાશક વાવાઝોડું ત્રાટકે અને પળવારમાં જ બધુંય ઉજડી જાય એમ વેદાંતના સી.એ. બન્યા પછી આપણે આર્થિક સદ્ધરતા આવશે એવા સપના જોતા હતા, ત્યાં જ કુદરતે ક્રૂર બનીને આપણા વેદાંતને છીનવી લીધો અને આપણી એકની એક દીકરી આરતી ભાઈ વગરની બની ગઈ.'

'આપણી નબળી આર્થિક પરિસ્થિતિના કારણે બારમા ધોરણ પછી આરતીને ઉચ્ચ શિક્ષણ ન અપાવી શક્યાનું દુઃખ વિવેક તમારા મનમાં હંમેશાં થયા કરે છે પણ મને મારા વેદાંત પર પૂરો ભરોસો હતો કે એકવાર સી.એ. થયા પછી એને સારી કંપનીમાં ઊંચા પગારની નોકરી મળશે અને પછી એ એની નાની બહેન આરતીની બધા જ આશા - અરમાનો પૂરા કરી દેશે. એટલું જ નહીં, આપણી

ગેરહાજરીમાંય આરતીને કોઈ વાતે ઓછું નહીં જ આવવા દે.'

'વંદના, નાની બહેન આરતીના લગ્નના માંડવે જવ-તલ હોમનારો એનો ભાઈ આપણને અલવિદા કરીને ચાલ્યો ગયો. જેવી કુદરતની મરજી! એની આગળ ક્યારેય કોઈનું કશુંય ચાલતું જ નથી. બાકી વેદાંતના જવાથી આપણા જીવનમાં જે ખોટ પડી છે એ તો કોઈ કાળે પૂરાય એવી જ નથી.' ગળગળા થઈને વિવેકે કહ્યું.

બીજા દિવસે વસંતકાકા સમયસર વિવેકના ઘેર આવી ગયા. ચા-પાણીથી પરવારીને બંને ડૉ. લાલવાણીની હોસ્પિટલે પહોંચ્યા. કાકાના ચારેક જાતના રિપોર્ટ કરાવ્યા. એ બધા રિપોર્ટ નોર્મલ આવવાથી કાકા ખુશ થઈ ગયા. વંદનાએ કાકાની પસંદગીનું ભરપેટ ભોજન કરાવ્યું એટલે એમના મોં પર સંતોષના ઓડકાર આવી ગયા. એ બરાબરના રાજી થઈ ગયા. વિવેક, વંદના અને દીકરી આરતીને આનંદભેર મળીને કાકા એમના ઘેર ચાલ્યા ગયા.

અઠવાડિયા પછીના રવિવારે એક અજાણ્યા ભાઈ સોસાયટીના દરવાજેથી વિવેકનું ઘર પૂછતાં પૂછતાં આવ્યા. અજાણી વ્યક્તિને જોઈને વિવેક-વંદનાના મનમાં થયું – કોણ હશે આ? મનમાં ઉદ્‌ભવેલા પ્રશ્નને બાજુ પર રહેવા દઈ બંનેએ આગંતુકને મીઠો આવકારો આપીને ચા-પાણી કરાવ્યા. થોડીવાર પછી આવનાર વ્યક્તિએ કહ્યું, 'મારું નામ રમણલાલ છે. હું અને વસંતકાકા એકબીજાના પાડોશી છીએ. થોડીવાર પછી રમણલાલે **એમની પાસેની નાની બેગ અને કવર વિવેકને આપતા કહ્યું, આ બંને વસ્તુઓ તમને હાથોહાથ આપવા માટે વસંતકાકાએ મને મોકલ્યો છે.** તમે આ બંને વસ્તુઓ સ્વીકારી લો એટલે હું અહીંથી વિદાય થાઉં.'

'અમારા ઘેરથી તમને જમ્યા વગર જવા ના દેવાય. તમે તો પહેલી વખત અમારા ઘેર આવ્યા છો, એટલે અમારા મહેમાન છો. તમે જમ્યા વગર જાઓ તો પછી અમારે વસંતકાકાનો ઠપકો સાંભળવો પડે' – વંદનાએ કહ્યું.

જમી-પરવારીને રમણલાલ વિદાય થયા. ઘરના રૂમમાં જઈને પતિ-પત્નીએ આતુરતાતી બેગ ખોલી તો એમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ! બેગમાં સોનાના ઘરેણા હતા. આ જોઈને વિવેક અને વંદના નવાઈ પામી ગયા. ગંભીર બની ગયેલા વિવેક ઉત્સુકતાથી કવર ખોલ્યું તો તેમાં વિવેકના નામનો ચેક હતો. સાથે એક પત્ર પણ હતો. પત્રમાં લખ્યું હતું :

*"વહાલા વિવેક અને વંદના....*

*અમારે કોઈ સંતાન નહોતું એટલે તમારા કાકીના અવસાન પછી મારી મિલ્કતની સોંપણી કરવા યોગ્ય અને સાચા વારસદારની મારે જરૂર હતી. ખૂબ વિચાર્યા પછી આવો વારસદાર શોધવા માટે મેં 'કુટુંબ યાત્રા' શરૂ કરી. હું મારી અનુકૂળતાએ કોઈને કોઈ કુટુંબમાં પહોંચી જતો. રાત્રિના રોકાણ દરમિયાન હું ઘર માલિકના વાણી વ્યવહાર અને વર્તનની ચકાસણી કરતો. આમ મેં અનેક કુટુંબોની મુલાકાત લીધી. થોડા સમય પછી સમાજમાં મારી પીઠ પાછળ અનેક જાતની ટીકાઓ થવા લાગી. 'વસંતકાકા પાસે આટલી બધી મિલ્કત છે પરંતુ એમાંથી કોઈનેય એક ફૂટી કોડીય આપતા નથી. એમને મફતનું ખાવા મળે છે એટલે ટાંટિયો ટકાવીને ઘેર તો રહેતા જ નથી. અલ્યા ભાઈ, કાકાને તો ઘેર ખાવું ને ઝેર ખાવું એવું છે. આટલી બધી મિલ્કતને શું કરવાની? એ મરશે ત્યારે શું એ બધું સાથે બાંધી જશે? ક્યાંક ધરમાદો કરે તો સારું – નહિંતર એમના ગયા પછી એમની બધીય મિલ્કત ફના-ફતિયા જ થઈ જશે.' આવી બધી ટીકાઓ સાંભળ્યા પછી પણ હું મૌન રહેતો. મેં આંખ આડા કાન કરેલા! સાચા વારસદારની શોધમાં હું તમારે ત્યાં ત્રણ વખત આવી ગયેલો. તમે મારા નજીકના નહીં પણ દૂરના સગા છો, છતાંય તમે મને હંમેશાં ખરા અંતરથી આવકાર્યો છે.* ***એક સગા બાપની જેમ વંદનાએ મારી દરકાર રાખી છે.*** *એટલું જ નહીં, મારા ખોટા ગુસ્સાને પણ સહન કર્યો છે. કોઈપણ જાતની અપેક્ષા વગર તમે મારી સાથે માનવતાપૂર્ણ વ્યવહાર કર્યો છે. બે વર્ષ પછી મારી યોગ્ય અને સાચા વારસદારની શોધ પૂરી થઈ ગઈ છે. તમે બંને પતિ-પત્ની મારા માપદંડ પ્રમાણે* ***કસોટીની એરણ પર ખરા ઊતર્યા છો. એટલે મેં મારી પસંદગીનો કળશ તમારા પર ઢોળ્યો છે. તમે જ મારા સાચા વારસદાર છો.*** *તમારે ત્યાં આવ્યા પછી મને જોવા અને જાણવા મળ્યું કે તમને તમારી એકની એક દીકરી આરતીના હાથ પીળા કરવાની - એના લગ્નપ્રસંગે થનાર ખર્ચનો વ્યવહાર સાચવવાની ચિંતા છે. સાચું કહું તો આરતી પણ મારી જ દીકરી ગણાય એટલે એના લગ્નપ્રસંગ માટે તમારા કાકીના તમામ ઘરેણાં અને સાથે રૂપિયા ચાર લાખનો ચેક મોકલ્યો છે. આરતીના લગ્ન પ્રસંગે એને મારા અંતરના આશીર્વાદ આપવા તો હું વગર આમંત્રણે તમારા ઘેર આવવાનો જ છું. લગ્નપ્રસંગે બીજી કોઈ જરૂરિયાત ઊભી થાય તો પણ જરાય મુંઝાશો નહીં. આરતીના દાદા હજુ હયાત છે.*

*વિવેક અને વંદના,* ***તમે તમારા જીવનમાં એક વાત હંમેશાં યાદ રાખજો કે આપણને મળેલા મોંઘા માનવ અવતારમાં કોઇનાય માટે નિઃસ્વાર્થભાવે કરેલા સારા કાર્યો ક્યારેય ફોગટ જતા જ નથી.*** *તમારા કાર્યોનો બદલો કુદરત એક યા બીજા સ્વરૂપે આપી જ દે છે. અંતમાં તમે મારા મૃત્યુ પછી મારી ઉત્તરક્રિયા વ્યવસ્થિત રીતે કરશો જ એવી મને તમારા પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસ છે."*

વસંતકાકાના પત્રનું લખાણ વાંચ્યા પછી વિવેક અને વંદના સાવ હળવાફૂલ થઈ ગયા! બંનેની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. ત્યારે બારણાની સાખ પકડીને ઊભેલી આરતીની આંખની પાંપણ પણ ભીની થઈ ગઈ.

***૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલિકુંડ,***
***તા. ધોળકા, જિ. અમદાવાદ. ● મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦***



પર્યટન

# દેવોની મનોહર ભૂમિ : દેવઘાટ!



રમેશ પટેલ, લેખક-કવિશ્રી

બ્રહ્માંડમાં ભ્રમણ કરતાં નવ ગ્રહોની માફક અમે નવ મિત્રો ઓછા જાણીતા સ્થળે અને નિરવ શાંતિનું સામ્રાજ્ય હોય એવા સ્થળે ફરવા જવાનું (કોરોના કાળમાં બે-એક વર્ષથી કેદ કેદીઓએ) નક્કી કર્યું. એ સ્થળ ગુજરાતનું ચેરાપુંજી છે. ભલે લોકોના મતે કાશ્મીરને પૃથ્વીનું સ્વર્ગ માને - ગણે, પણ અમારે મન તો, પૃથ્વીનું સ્વર્ગ ''દેવઘાટ'' છે.

માંડવી - ઉમરપાડા નજીક વસેલું ગુજરાતનું અનન્ય સ્વર્ગ **દેવઘાટ સુરતથી લગભગ ૧૦૫ કિ.મી.ના અંતરે આવેલું,** દેવોએ વરદાનમાં આપેલું સ્થળ છે!

દેવઘાટમાં માનવ મહેરામણની ભીડ નથી પણ ભીડ છે : ઊંચા ઊંચા સાગ અને મહુડાના વૃક્ષો જ વૃક્ષો. નીરવ શાંતિ અત્ર - તત્ર - સર્વત્ર ઉગી નીકળી છે.

**દિવતણ ગામ** 'દેવઘાટ'નું છે પ્રવેશદ્વાર. લીલાંછમ વૃક્ષો અને ઘાસનાં ફૂલોએ ગરદન નમાવી અમારું સ્વાગત કર્યું. સર્પાકાર જંગલનો નવ-દસ કિલોમીટરની આગળ વધતાં રોમાંચ અને અનેરા વિસ્મયથી અમારાં મનને છલકાવી દીધા. અમને જોવા **અંજણીયા સરિતા**નું જળ ઊંચા ઊંચા કૂદકા મારતું જણાયું!

સર્પાકાર જંગલનો રસ્તો અવરજવર વિનાનો સુમસામ અમને જોઈ સર્પ બની સળવળી ઊઠ્યો! ઘાસનાં ફૂલો પર ઉડતા પતંગિયા જાણે કુદરતે દોરેલું અદ્‌ભુત ચિત્ર!

'દેવઘાટ'ના દ્વારે અમારા ચરમ સ્પર્શે શ્યામ વાદળાં ઝરમર ઝરમર વરસી પડ્યા. ભીનાં થવાનો રોમાંચ - લહાવાએ અમને જાણે 'દિગંબર' બાળકો બનાવી દીધા!

**'ઇકો ટુરિઝમ કેમ્પ સાઇટ'** એ ગુજરાત સરકારે સાકાર કરેલું વિરલ સ્વપ્નું છે. અહીં જોવા માણવા લાયક સ્થળો છે : કિંઘાટ ધોધ, દેવદાર ધોધ, વેલાટ ધોધ...

ઘણી જ ઊંચાઈએ ઊભેલો **'વોચ ટાવર.'** આ ટાવર પરથી ચારેબાજુ નજર નાંખો ત્યાં ખળખળ વહેતું જળ જ જળ દેખાશે.


ગુજરાત સરકારના વન વિભાગે 'દેવઘાટ'માં ૧૦ જેટલા ઊંચા અંગ્રેજી V આકારના કોટેજ બનાવ્યા છે. બહાર - અંદર બાર્સી પેઇન્ટિંગ મનોરમ્ય છે. બે જેટલા **'ટ્રી કોટેજ' બનાવ્યા છે. આ સર્વે કોટેજનું નામકરણ પક્ષીઓના નામથી કર્યું છે** જેમકે : કોયલ, મોર, કલકલિયો, કસ્તુરી, ઘુવડ, બાજ, લાવરી, તેતર... વગેરે.

ફાઈવ સ્ટાર હોટેલને પણ ભૂલી જાઓ એવી સાદગીસભર સગવડ આ કોટેજમાં પ્રાપ્ત થશે! કોટેજ બહાર લટકતાં ફાનસો, સુગરીના માળાઓ કોટેજની સુંદરતામાં વધારો કરે છે. 'દેવઘાટ' પરિસર લીલાંછમ વૃક્ષો - વલ્લરીઓ અને વિવિધ પક્ષીઓના કલરવ માણી અમે સૌ મિત્રો ઝુમી ઊઠ્યા. આમ, અમે સૌ મિત્રોએ પ્રકૃતિના જામ ભરી પી લેવાની મજા માણી... 'પ્રકૃતિ' અખરો નશો બની ગયો!

અમારા સૌના ફેફસાં શુદ્ધ પ્રાણવાયુ પામી ઝુમી ઊઠ્યાં! અને 'દેવઘાટ'નો આભાર માનવા મજબૂર બન્યા.

'દેવઘાટ' જળ પ્રપાત અમારા સૌનું આકર્ષણ કેન્દ્ર બની ગયો. મેં જોયેલો નાયગ્રા ધોધની લઘુ આવૃત્તિ સમાન 'ગીરા ધોધ' પછીનો ગુજરાતનો અતિ સુંદર ધોધ દેવઘાટ જણાયો! તે રાતે સ્વપ્નમાં પરીને આ ધોધ નીચે સ્નાન કરતાં જોઈ ખૂબ જ આનંદ અનુભવ્યો. **મહાકાય કાળા કાળા ભૂખરા પથ્થરો પરથી છલાંગ મારતો ધોધ જોઈ અમે સૌ ભૂખ્યા હતા તે ધરાઈ ગયા.** અર્ધગોળાકાર શ્વેત જળરાશિ 'જળશિલ્પ' રચતી જણાઈ. ધોધનું નીચે પડતું જળ તન-મનને ભીંજવી ગયું. આસપાસ છે ભીની ભીની લીલી લીલી હરિયાળી. 'દેવઘાટ'નું વન લીલુંછમ જણાયું. જંગલના સાંકડા રસ્તે પરિભ્રમણ કરતાં કરતાં અનેક જીવજંતુઓની અનેરી સૃષ્ટિનાં દર્શન થયા. લાલગાય નામક જંતુ સ્પર્શ કરવાથી શૂન્ય આકાર બની જતું. સતત આદિવાસીઓને જોયા કરતું લીલેરું ઘાસ અમને જોવા ઊંચા થઈને પડાપડી કરતું હતું. 'દેવઘાટ' જળ પ્રપાત જોવા અસંખ્ય સોપાનો ઉતરી નીચે જતાં રસ્તામાં આદિવાસીઓના દેવતાઓનું નાનકડું મંદિર જોયું. પગે લાગ્યા. પ્રકૃતિના સર્જકનો આભાર માન્યો. આ મંદિરમાં યાહા, મોગી, રાજાપોઠા અને દેવમોગરા જેવા દેવી-દેવતાઓ અત્રે બિરાજમાન છે. આથી જ આ સ્થળનું નામ 'દેવઘાટ' પડ્યું હશે. નીચે જતાં સમથળ જગ્યામાં સ્નાન કરવાની અમારી ઈચ્છા અધૂરી રહી ગઈ. જળ છીછરું અને સ્વચ્છ હતું. માત્ર પગથી છબછબિયા કરવાની મજા માણી. અમને

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૭ ઉપર)



જીવનસાથી

# અધૂરો પ્રેમ

**(સત્ય ઘટના પર આધારિત)**



**સુનિતા એ. શાહ**

વિજય અને વિનિતા નાનપણથી જ એક જ શાળામાં, એક જ વર્ગમાં ભણીને મોટા થયા હતા. બંને પહેલા ધોરણથી સાથે જ ભણતા હતા. ધીમે ધીમે ક્યારે વર્ષો વીતતા ગયા અને ક્યારે બંને જણા હાઈસ્કૂલમાં આવી ગયા, ખબર પણ ના પડી. પરંતુ ત્યારે જમાનો થોડો જુદો હતો. એક જ સ્કૂલમાં સાથે ભણતા છોકરા છોકરીઓ એકબીજા સાથે વાત પણ કરતા ન હતા. એટલે હાઈસ્કૂલમાં આવ્યા ત્યાં સુધી તો તે બંને વચ્ચે બોલવાના કોઈ સંબંધ ન હતા.

પરંતુ ધીમે ધીમે વિનિતાને લાગ્યું કે વિજય ઘણીવાર ચોરીછૂપીથી તેની સામે જોઈ લેતો હતો. જેવી વિનિતાની નજર એના ઉપર પડે કે તરત એ નજર હટાવી લેતો હતો. હવે ધીમે ધીમે વિનિતાનું ધ્યાન પણ વિજય ઉપર જવા લાગ્યું. જ્યારે કોઈ આપના ઉપર વિશેષ ધ્યાન આપતું હોય ત્યારે ન ચાહવા છતાં પણ આપણું ધ્યાન એના તરફ જતું જ રહે છે. વિનિતાનું પણ એવું જ થયું. શરૂઆતમાં તેને થોડો ગુસ્સો પણ આવ્યો. પણ પછી કોઇ એને એટેન્શન આપે છે તે વાત તેને ગમવા લાગી. મનમાં ને મનમાં ઝીણો ઝીણો આનંદ આવવા લાગ્યો. હવે તો ભણતા ભણતા ક્લાસમાં તેનું ધ્યાન પણ વિજય તરફ જવા લાગ્યું. હવે વિજય વિનિતાની સાથે નજર મળતા હટાવતો ન હતો પણ તે વિનિતાને એકધાર્યું જોયા કરતો હતો. ત્યારે વિનિતા શરમાઇને નીચું જોઈ જતી. વિનિતાને હવે શાળાએ જવાની ઉતાવળ રહેતી. તેને થતું ક્યારે ક્લાસમાં જઇને જલ્દી મારી બેન્ચ ઉપર બેસી જાઉં કે વિજયની નજર મારા ઉપર પડે. કોઈ દિવસ વિજયને આવતા પાંચ-દસ મિનિટ પણ મોડું થતું તો વિનિતા બેચેન બની જતી. તેની આંખો વિજયને શોધતી. કોઈ કોઈ વાર તો વિજય જાણી જોઈને ક્લાસમાં મોડો આવતો અને છૂપાઇને વિનિતાની બેચેની જોયા કરતો અને અંદરથી ખુશ પણ થતો. **બંને વચ્ચે કોઇ વાતચીતની આપ-લે ન હતી, કોઇ સંવાદ ન હતો પરંતુ બંનેની આંખો ચૂપચાપ જાણે એકબીજાને કંઇક કહી રહી હતી. મુગ્ધાવસ્થામાં અંતરમાં ઉગતી પ્રેમની નાની નાની કૂંપણો હતી.** બંને જણા આનાથી બેખબર હતા પરંતુ મનમાં ઉછળતી આ આનંદની સરવાણીઓ એમને દિલમાં કંઈક અનેરો આનંદ આપતી હતી.

એમ કરતાં કરતાં એક વર્ષ વીતી ગયું. બંને જણા દસમા ધોરણમાં આવી ગયા. પરંતુ એમની મીઠી નજરની આપ-લે અકબંધ જ રહી. વિજયની એક કઝીન સિસ્ટર એ જ શાળામાં બીજા ક્લાસમાં ભણતી હતી. વિજયે તેના મારફતે વિનિતાને સંદેશો મોકલવાનું નક્કી કર્યું. તેણે તેની બહેન પૂનમને વિશ્વાસમાં લીધી અને વિનિતા સુધી તેના મનની વાત પહોંચાડવાનું નક્કી કર્યું. એક દિવસ રીસેસમાં પૂનમ વિનિતા પાસે પહોંચી ગઈ અને વિજય તેને મળવા માંગે છે એ વાત તેને જણાવી અને એનો જવાબ વિજયે મંગાવ્યો છે એમ પણ કહ્યું. હવે વિનિતા ખરેખર ગભરાઈ ગઈ. અત્યાર સુધી તો બધું બરાબર હતું. નજરની આપ-લે, ધીમી મીઠી મુસ્કાન સુધી તો વાત બરાબર હતી. પણ વાત આગળ વધશે તો શું? એ તો એણે વિચાર્યું પણ ન હતું. તેને પણ વિજય ગમતો હતો પણ તે આ પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર ન હતી. તેણે પૂનમને કોઈ જવાબ ના આપ્યો અને સ્કૂલમાંથી પણ અડધા દિવસની રજા લઇને ઘેર જતી રહી અને બે દિવસ સુધી સ્કૂલ ના આવી. વિજય પણ તેને સ્કૂલમાં ના જોતા ચિંતામાં પડી ગયો. તે બે રાત સુધી સૂઈ ના શક્યો. વિનિતાની પણ એ જ હાલત હતી. તેની ઊંઘ, ભૂખ બધું જ ગાયબ થઈ ગયું હતું. ત્રીજા દિવસે એ હિંમત કરીને સ્કૂલે ગઈ. તેને આવતી જોઈને વિજયના જીવમાં જીવ આવ્યો. વિનિતા હવે વિજયની સામે જોતાં ગભરાતી હતી. એના મનમાં એક સાથે અનેક લાગણીઓની ભરતી ઓટ ચાલુ હતી. તેનું નાનકડું દિલ મોટા મનોમંથનમાં હતું. થોડા દિવસ આમ જ પસાર થયા. એક દિવસ વિજયે હિંમત કરીને નાનકડી ચિઠ્ઠી વિનિતાની આગળ તેની બેંચ પર મૂકી દીધી. વિનિતાએ ધ્રુજતા હાથે એ ચિઠ્ઠી ઉપાડી અને વાંચી, તો વિજયે એને મળવા માટે કહ્યું હતું. વિનિતાને ખબર પડતી ન હતી કે શું કરવું અને શું ના કરવું? હવે તેણે તેની ખાસ બહેનપણી પારૂલને વાત કરવાનું નક્કી કર્યું. પારૂલે જ્યારે આ વાત સાંભળી ત્યારે તે ખુશીથી ઉછળી પડી. તેણે વિનિતાને વિજયને મળવા જવા માટે આગ્રહ કરીને સમજાવી. ત્યારે વિનિતાએ પારૂલને કીધું કે તે એકલી નહીં જાય. જો પારૂલ તેની સાથે આવશે તો જ તે વિજયને મળશે. પારૂલે સાથે આવવાની હા પાડી અને પારૂલે જ વિજયને આ સંદેશો પહોંચાડ્યો.

છેવટે બંને જણા નક્કી કરેલા સમય અને સ્થળે પહોંચ્યા. વિજય ત્યાં પહેલાથી જ હાજર હતો. પહેલા તો તેની વચ્ચે ઔપચારિક વાતો થઈ. વિજયની ઉંમર પણ કાચી હતી અને

એનામાં દોસ્તીથી વધીને કોઈ વાત કરવાની હિંમત ન હતી. અને તે દિવસથી બંને જણા દોસ્ત બની ગયા. શાળામાં કે ક્લાસમાં તો કોઈ છોકરા છોકરીઓ એકબીજા સાથે વાત કરતા જ ન હતા. એટલે એમનો પણ બોલવાનો પ્રશ્ન જ ન હતો. શાળા છુટ્યા પછી થોડે દૂર જઈને એ લોકો ઊભા રહેતા, વાતો કરતા. પણ દર વખતે વિનિતા પારૂલને સાથે જ રાખતી. તે વખતે મોબાઈલ ફોન તો હતા જ નહીં એટલે બંનેએ એકબીજાના લેન્ડ લાઈન ફોનના નંબરની આપ-લે કરી હતી. બંને ક્યારેક ઘરવાળાથી છુપાઈને એક બીજાને ફોન કરતા. અને જો કોઈ બીજું ફોન ઉપાડે તો બોલ્યા વગર મૂકી દેતા. ધીમે ધીમે તેમની દોસ્તી રંગ લાવવા લાગી અને **કોલેજમાં આવતા સુધીમાં તો એ દોસ્તી ક્યારે પ્રેમમાં પલટાઈ ગઈ તેની તે બે જણાને પણ ખબર ના પડી.** હવે કોલેજમાં બંને આઝાદ હતા. એડમિશન પણ બંને જણાએ એક જ કોલેજમાં લીધું હતું. હવે તેઓ પિરિઅડ્સ બંક કરીને ફરવા ઉપડી જતા. ભવિષ્યના સોનેરી સપના સજાવતા, ખ્વાબોની દુનિયામાં ખોવાઈ જતા. તેઓ દુનિયાની ભીડમાં પણ એકલા રહીને એકબીજામાં ઓતપ્રોત થઈને જીવતા હતા. તેમણે તેમની અલગ જ દુનિયા વસાવી લીધી હતી. પોતપોતાના ઘરમાં રહીને પણ જાણે ઘરના સભ્યોથી અલિપ્ત રહેતા. કોલેજ પૂરી થાય અને વિજય કોઈ સારી જગ્યાએ કામમાં સેટ થઈ જાય પછી ઘરમાં વાત કરવાનું બંને જણાએ નક્કી કર્યું. વિનિતાની કોલેજ પૂરી થઈ એટલે તેના માંગા આવવા લાગ્યા. તેના માતા-પિતાને પણ તેને પરણાવવાની ઉતાવળ હતી. વિજય અને વિનિતા માટે હવે મુશ્કેલની ઘડીઓ શરૂ થઈ હતી. જ્યાં સુધી વિજયને સારી જગ્યાએ કામ ના મળે ત્યાં સુધી તેમણે સમય પસાર કરવાનો હતો. પણ આમ ક્યાં સુધી ચાલે? એક દિવસ વિનિતા માટે ખૂબ જ સારા ઘરનું માગું આવ્યું અને ના પાડવાનું કોઈ કારણ ન હતું. ખાનદાન પણ ખૂબ સારું હતું અને છોકરો પણ દેખાવડો અને સારું ભણેલો અને સારું કમાતો હતો. હવે તેના મમ્મી પપ્પા તેને આગ્રહ કરવા લાગ્યા. છેવટે વિનિતાએ તેમને સાચી વાત જણાવી દીધી અને પોતે વિજયને ખૂબ પ્રેમ કરે છે, ને લગ્ન તેની સાથે જ કરશે એવું મક્કમતાથી કહ્યું. પરંતુ તેના માતા-પિતા આ વાત સ્વીકારવા તૈયાર જ ન હતા. તેમને મન પ્રેમ કરીને લગ્ન કરવા એ વાત જ ખોટી હતી. તેમણે વિનિતાને શામ, દામ, દંડ અને ભેદ — બધું જ અજમાવીને લગ્ન માટે દબાણ કર્યું. માતા-પિતાની ઇજ્જત બચાવવા માટે આખરે વિનિતાએ ઝુકી જવું પડ્યું. તેણે ચૂપચાપ માતા-પિતાએ બતાવેલ મુરતિયા સાથે લગ્ન કરી લીધા.

પ્રકાશ ખૂબ જ હોંશિયાર હતો. ખૂબ જ સારું કમાતો હતો અને સ્વભાવનો પણ ખૂબ જ સારો હતો. તે વિનિતાને ખૂબ જ સારી રીતે રાખતો હતો. આ બાજુ વિજયનું દિલ તો સાવ જ તૂટી ગયું હતું. તેની તો દુનિયા જ ઉજડી ગઈ હતી. એ વિનિતા વગરનું જીવન કલ્પી પણ શકતો ન હતો. જે છોકરીને નાનપણથી જોઈને મોટો થયો હોય, જેના સપના આંખોમાં સજાવ્યા હોય, જેની સાથે આખી જિંદગી વિતાવવાના અભરખા મનમાં હોય, તેના વગર બાકીની જિંદગી વિતાવવી તેના માટે ખૂબ જ મુશ્કેલ હતું. બંને જણાએ સાથે ઘરડા થવાના, ઘડપણમાં એકબીજાનો સહારો બનવાના અને મૃત્યુ સુધી સાથે રહેવાના કોલ આપ્યા હતા. બધું જ ચકનાચૂર થઈ ગયું હતું. **માનવીએ પોતાની એક સપનાની દુનિયા વસાવી હોય છે પણ દર વખતે એ સપના સાચા જ પડે એની કોઈ ગેરંટી હોતી નથી.** બધું જ માનવીનું ધાર્યું થતું નથી. એ વિચારે છે કંઈક અને પાસા તો કંઈક અવળા જ પડે છે. વિજય અને વિનિતા સાથે પણ આવું જ કંઈક થયું. પ્રેમની બાજીનો જુગાર તેઓ હારી ગયા. વિજયે પણ વખત જતાં અનીતા સાથે લગ્ન કરી લીધા. બંને એકબીજાને મનમાં ને મનમાં યાદ કરીને જીવી લેતા. ધીમે ધીમે જિંદગીની ગાડી આગળ વધવા લાગી. વિનિતાના પતિની બદલી બેંગ્લોર થઈ ગઈ અને વિનિતા તેના પતિ સાથે બેંગ્લોર શિફ્ટ થઈ ગઈ. સમયનું ચક્ર ઘૂમવા લાગ્યું. વિનિતા બે જોડિયા દીકરા અને એક દીકરીની માતા બની ગઈ. વિજય પણ એક દીકરી અને એક દીકરાનો પિતા બની ગયો. હવે બંને પોતપોતાના સંસારમાં સેટ થઈ ગયા હતા. વિનિતાની યાદોમાંથી વિજય હવે ધૂંધળો થઈ ગયો હતો. તે પોતાની નાની દુનિયામાં ખુશ હતો. ભગવાને તેને બધા જ પ્રકારનું સુખ આપ્યું હતું. વિનિતાના બંને દીકરા વિદેશ જઈને સેટ થઈ ગયા હતા. દીકરીના લગ્ન પણ સારી જગ્યાએ થઈ ગયા હતા. હવે વિનિતા અને પ્રકાશ એકલા રહીને સુખેથી પોતાનું જીવન વિતાવતા હતા. બધું બરાબર ચાલતું હતું. ત્યાં તો એક દિવસ પ્રકાશને ઓચિંતાનો હાર્ટ એટેક આવ્યો અને તે આ દુનિયામાંથી વિદાય થઈ ગયો. બંને દીકરાઓ માતાને પોતાની સાથે ફોરેન લઈ ગયા. પરંતુ વિનિતાનું દિલ ત્યાં લાગ્યું નહીં અને તે થોડા વખતમાં જ પાછી ઇન્ડિયા આવી ગઈ. તેના દીકરા અને દીકરીને તેની બહુ જ ચિંતા રહેતી હતી.

એક દિવસ તેની દીકરી તેની પાસે આવી અને તેને સમજાવ્યું કે હવે તો મોટી ઉંમરમાં પણ બધા લગ્ન કરતા જ હોય છે. તું એકલી રહે તેના કરતાં કોઈ સાથી શોધી લે તો તને પણ સારું લાગશે અને અમારી ચિંતા પણ ઓછી થઈ જશે. પણ વિનિતાને એવી કોઈ જ ઇચ્છા હતી નહીં. પહેલા વિજય તેની જિંદગીથી દૂર થઈ ગયો અને પછી પ્રકાશ પણ ચાલી ગયો. હવે ત્રીજા કોઈ સાથીની તેને ઇચ્છા ન હતી. પરંતુ તેની દીકરીએ તેને કહ્યા વગર લગ્નવિષયક સાઇટ પર તેનું નામ લખાવી દીધું. તેની ઇચ્છા તો તેની માતાને ખુશ જોવાની હતી. તેની પાસે તેની માતાની ઉંમરને યોગ્ય વ્યક્તિઓના બાયોડેટા આવવા લાગ્યા. તેને એ બધા બાયોડેટામાંથી ત્રણ-ચાર બાયોડેટા યોગ્ય લાગ્યા, તે એણે અલગ

તારવી લીધા અને પોતાની માતા પાસે લઈને ગઈ. પરંતુ વિનિતા તો તે જોવા પણ તૈયાર ન હતી. તેની દીકરીએ તેને આગ્રહ કરીને હાથમાં પકડાવી દીધા. તેણે વિચાર્યું કે દીકરીનું મન રાખવા જોઈ લેશે અને પછી ના પાડી દેશે. એક, બે અને ત્રીજો બાયોડેટા જોતાં તે ચમકી પડી. તેના હાથમાં વિજયનો ફોટો હતો. ઉંમર સાથે ચહેરામાં થોડો ફરક આવી ગયો હતો. વાળ થોડા ઓછા થઈ ગયા હતા પણ વિનિતા વિજયને ના ઓળખી શકે એવું તો ના જ બની શકે. વિજયનો ફોટો અને બાયોડેટા જોઈને તેની બધી યાદો તાજી થઈ ગઈ. તેને વિજયને મળવાની તીવ્ર ઈચ્છા થઈ ગઈ અને આજ સંજોગો વિજય સામે પણ હતા. તેના દીકરાએ અનીતાની ખોટ પૂરવા માટે જે બાયોડેટા તેની સામે મૂક્યા હતા એમાં વિનિતાનો બાયોડેટા પણ હતો.

હવે બંને જણા એકબીજાને મળવા માટે ઉત્સુક બની ગયા હતા. વિજયે વિનિતાને ફોન લગાવ્યો. હવે તો મોબાઈલનો જમાનો આવી ગયો હતો. બંને જણા સાંઇઠ વર્ષની ઉપર પહોંચી ચૂક્યા હતા. ફોનમાં એકબીજાનો અવાજ સાંભળીને બંનેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. એ પછી એક મિનિટનો પણ ટાઈમ ગુમાવ્યા વગર વિજય વિનિતાને મળવા બેંગ્લોર પહોંચી ગયો. બંને ફરી પાછા એકબીજાને મળી શકશે એ વાત તો તેમણે ક્યારેય વિચારી પણ ન હતી. પરંતુ જિંદગીના દાખલા માનવીની ગણતરી કરતા અલગ જ હોય છે. બંને જણા ખૂબ ખુશ હતા. હવે બંનેને લગ્ન કરવામાં પણ કોઈ જ વાંધો ન હતો. જો કે બંને જણાના મનમાં તેમના આગલા જીવનસાથીની યાદો તાજી જ હતી, કે જેમની સાથે તેમણે જિંદગીનો એક મહત્ત્વનો સમય વિતાવ્યો હતો. બંનેએ પોતપોતાના સંતાનોને સાચી વાત કહી દેવાનું નક્કી કર્યું. જ્યારે તેમના સંતાનોએ આ વાત જાણી ત્યારે તેમને ખૂબ જ આનંદ થયો. તેઓ આ જમાનાના યુવકો હતા. નવા વિચારો સાથે આગળ વધવાવાળા હતા. તેઓ પણ ખુશ હતા કે તેમના માતા-પિતાને તેમનો અધૂરો પ્યાર પાછો મળી ગયો. બધાની સંમતિથી વિજય અને વિનિતાએ સાદી વિધિથી લગ્ન કરી લીધા. તેમનો જે પ્રેમ તેમના માતા-પિતાના વિરોધને કારણે અધૂરો રહ્યો હતો, તે તેમના સંતાનોએ પૂરો કરાવ્યો. જિંદગીમાં જ્યારે કોઈને મળવાનું લખ્યું હોય છે ત્યારે સમય આવે ફરીને પાછું મળી જ જાય છે. **પ્રેમની રીત અનોખી હોય છે. ક્યારેક મારે છે તો ક્યારેક તારે છે.** વિજય અને વિનિતાના જીવનમાં પણ આવું જ કંઈક બન્યું. બંને જણા યુવાનીમાં અધૂરો રહેલો પ્યાર જાણે કે ફરી પાછા યુવાન બનીને પરસ્પર નિભાવવા લાગ્યા.

*(સાધારણ ફેરફાર સાથે પ્રસ્તુતિ)*

*૪૦૧, મૌર્યગ્રેસ, કિનારીવાલા કોમ્પ્લેક્સની બાજુમાં, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬. મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩*

## દેવોની મનોહર ભૂમિ : દેવઘાટ!

**(અનુસંધાન : પાના નં. – ૩૪ ઉપરથી ચાલુ)**

પ્રોત્સાહન આપવા દૂર કાગડાંઓનું ટોળું પણ અમારી માફક ધમાલ મસ્તી કરતું જણાયું. ત્યાંની એક કેન્ટીનમાં કાંદાના ભજીયા (કસ્તુરી) આરોગી, ચાની ચૂસકી લીધી... બહાર વરસાદી વાતાવરણ પણ ભજીયાની સુગંધ લેવા આવી પહોંચ્યું હતું. પછી અમે ઉંચા-નીચા ઉબડ-ખાબડ રસ્તે પહોંચ્યા **'કિંઘાટ જળપ્રપાત'** પર. અત્રે જળમાં 'કિન' નામક માછલીઓ હોય છે. તેથી આ ધોધ 'કિંઘાટ ધોધ' તરીકે ઓળખાય છે.

'કિંઘાટ ધોધ'થી સાંજે પરત ફરતાં સૂર્ય કિરણોએ સુવર્ણ રેખાઓથી સુંદરતમ્ ચિત્રો દોર્યા હતા. રસ્તે રસ્તે વનસ્પતિઓનો ભીનો ભીનો સ્પર્શ અમને કોમળ બનવાનું કહી ગયા. ખાબોચિયામાં શ્યામ વાદળાઓ પોતાનું મુખારવિંદ જોઈ ખુશ થતા જણાયા.

**દેવઘાટ ધોધ અને કિંઘાટ ધોધનું ખળખળ ખળખળ પડતું જળ આંખમાં વિસ્મયનું ઇન્દ્રધનુષ રચી ગયું!** આ બંને ધોધ નીચે સ્નાન કરવું એટલે કુદરતનો ફુવારો જ જોઈ લો!

વર્ષા રાણીએ અમને અઢળક આનંદ આપ્યો. રાતે આગિયાઓનું ટોળું ઊડતું જોયું, જાણે આકાશમાંથી તારાઓ જમીન પર અર્થાત્ 'દેવઘાટ' પર ઉજાસ પાથરી, અમારું સ્વાગત કરવા ના આવ્યા હોય! વલ્લરીઓ વૃક્ષો ઉપર ચઢીને 'સૂર્યોદય' અને 'સૂર્યાસ્ત' માણતી ના હોય!

જંગલના કાદવિયા - પથરીલા રસ્તે રસ્તે જીવજંતુઓએ જમીન પર રચેલી સુંદર રચનાઓ વાંચી મન-તન તંદુરસ્ત બની ગયું!

અહીંનું બાળ ક્રિડાંગણ ભૂલકાંઓને રમવા બોલાવે છે. મોટેરાંઓને પણ રમવાની જરૂર મજા આવશે! એમ્ફી થિયેટર અને વાવાઝોડામાં તૂટી ગયેલ ઝુલતો પૂલ નજીકના ભવિષ્યમાં સરકાર બનાવશે.


રાત્રિ રોકાણ દરમિયાન વીજળી ગઈ. કુદરતે વરસાદ સાથે વીજળીનો પ્રકાશ અમારા માટે મોકલ્યો હતો!

અમે સૌએ સાથે લાવેલ સૂકો - સુરતી નાસ્તાનો પણ આનંદ માણ્યો. જાણીતા કવિઓનાં કાવ્યો અને જૂના ફિલ્મી ગીતો માણ્યા - મજા આવી. **નાયગ્રા સુધી ન પહોંચનારાઓએ જરૂર એકવાર દેવઘાટ ધોધ પ્રપાત જોવા જેવો ખરો!**

(વધુમાં કોટેજ અગાઉથી બુક કરાવવા માટેનો સંપર્ક : વિકેશભાઈ મો. ૯૭૨૬૨ ૫૭૦૭૮ છે.)

બીજા દિવસે સવારે સુરત પરત ફર્યા ત્યારે 'દેવઘાટે' સૌને કહ્યું : 'આવજો!' અમે પણ કહ્યું : 'આવજો.'

*'પ્રાંજલ', ૩૦, આનંદ વાટીકા સોસાયટી, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*



વાર્તા

# ખારાની ખોડિયાર



મહેન્દ્રભાઈ સી. જોષી

*"કચ્છ ધરા પાવન કરી આવ્યા મલક મોજાર*
*દુ:ખડા બધા છેટા કરે ખારાની ખોડિયાર."*

તમે વિશ્વના ગોળામાં જોશો તો ભારત દેશનું સ્થાન આગવું છે. ધર્મ, અર્થ, સંસ્કાર, શૂરવીરતા, દાતારી, સંત દેવીઓની યશસ્વી આ પુણ્યભૂમિમાં ગુજરાત શિરમોર છે. **હજારો જન્મના પુણ્ય એકઠા થાય ત્યારે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ધરા પર મનુષ્ય તરીકે જન્મ મળે છે.** હજારો વર્ષ જૂની આ સંસ્કૃતિ અમરત્વ પામેલ છે. અહીં પ્રભુને જન્મ લેવાનું મન થાય તેવી પુણ્યશાળી ગૌરવશાળી રજ છે. આપણા લોક સાહિત્યમાં એક દુહો છે : **"શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત; વર્ષાએ વાગડ ભલો, કચ્છડો બારેમાસ."** આમ તો કચ્છનો ઇતિહાસ સુવર્ણનો છે. આ ભૂમિમાં સંતો, શૂરવીરો, દાતાઓ અને સતીમાં એ અવતાર લીધા છે. આવા પુણ્યશાળી સતી અને સંતોએ અવતાર ભલે ત્યાં લીધો પરંતુ કરુણા તો સમગ્ર ભૂમિમાં પાથરી છે.

આવા એક શક્તિમાંના પ્રાગટ્યની કથા અહીં રજૂ કરવી છે. ગામના પાદરમાં ગંગાજી હોય અને લોકોને તેની જાણ ન હોય તેવું આ સતીમાં વિશે હોઈ શકે.

આ ઘટના એક જાજરમાન સંઘર્ષ કથા પણ છે. શિરમોર વૈરાગ્યની અને સતીમાં ના પ્રાગટ્યની પણ છે. સંવત ૧૯૫૫ની આસપાસ એટલે કે **આજથી ૧૧૦ વર્ષ પહેલાં કચ્છમાં વવાર નામના ગામડામાં ચારણ ગઢવીના ઘર જાજા હતા.** તેમાં રામભાઈ ગઢવી અને સોનબાઇ માં ના સંતોના આશીર્વાદ સમાન સુખી દાંપત્યજીવનમાં એક તેજસ્વી લલાટવાળી દીકરી અવતરી. આ તો દેવીપુતર. જેની જીભે સાક્ષાત સરસ્વતીનો વાસ છે તેવા રામભાઈ દીકરીનું નામ રાખ્યું રાજબાઈ. તેના ભાલમાં ત્રિશુળ આજે પણ સાક્ષાત છે.

*"અવતર્યા માં રાજબાઈ વવાર ગામ મોજાર.*
*રાજીયાને રાજી કર્યા ખારાની ખોડિયાર."*

આખા પંથકમાં રામભાઈ તો પચાણભાઈ ગઢવી તરીકે પ્રસિદ્ધ હતા. સમાજમાં ઘોડિએ ચાંદલા (બાળ લગ્ન) રિવાજ હતો તે સમયની આ વાત છે. દીકરી રાજબાઈના માત્ર નવ વર્ષની ઉંમરે તેજસ્વી ચારણપુત્ર રાજીયાભાઈ સાંખડા સાથે લગ્ન નક્કી થયા. વાજતે ગાજતે જાડી જાન આવી. વિધિ શરૂ થઇ. ગોર મહારાજ બોલ્યા, 'કન્યા પધરાવો સાવધાન!' **મંડપમાં પૂર્વ જન્મના યોગ બળે પળ પાકી હોય તેમ રાજબાઈમાં પોતાના ધણીને કહે, મારે ભક્તિ કરવી છે. હું સંસારી જીવન જીવવા માંગતી નથી. બસ, અહીંથી તમે અને હું જુદા પડીએ છીએ.** એ સમયે કદાચ ગિનિસ બુકનું અસ્તિત્વ નહીં હોય નહિંતર તો નવ વર્ષની દીકરી ચાર ફેરા ફરી પોતાના પતિથી સમજણપૂર્વક છુટ્ટા પડવાની ગૌરવવંતી ઘટનાની નોંધ લીધા વિના રહે નહીં. વરરાજાએ કહ્યું, દેવી, હું પણ તમારી સાથે ભક્તિના રંગે રંગાઈશ. વૈરાગ્યના માર્ગે હું પણ તમારી સાથે જોડાવા માગું છું. રાજબાઈ મા ના લોહીને બુંદે બુંદમાં વૈરાગ્ય હતો. તેણે પોતાના પિતાના માસિયાઈ ભાઈના દીકરી સાથે રાજીયાભાઈના બીજા લગ્ન કરાવ્યા ને મા વૈરાગ્યના માર્ગે હાલી નીકળ્યા. આ ઘટનાને સો વર્ષના વાણા વાયા. રાજીયાભાઈ કે તેમના પત્ની આજે હયાત નથી પણ એના ચાર સંતાનો અનેક વખત રાજબાઈ મા ના દર્શને આવી "મા" કહી બોલાવે અને મા એને સગા દીકરા જેવું હેત કરે.

*"જનની કેરુ જોર દીકરાને ભરપૂર સરખો પ્રેમ આપતી ખારાની ખોડિયાર."*

અને પછી મા એ બાળુડી વયમાં જ ગિરનારનો રસ્તો પકડ્યો. જ્યાં નવનાથ અને સિધ્ધોને બેસણા છે એવા ગિરનારમાં ૫૫ વર્ષ સાધુ સંતો અને સિધ્ધોની સેવામાં રત રહ્યા.

દર વર્ષે પોતાના પિતાશ્રી સાથે કાઠી દરબાર અને આહીર ભાઈઓ પાસેથી અધિકારપૂર્વક માંગણી માંગવા જતા. ફરતા ફરતા સૌરાષ્ટ્રની મહામૂલી નગરી અમરેલીની બાજુમાં આવેલ અતિ પાવન ભૂમિ કે જ્યાં પરમ કૃપાળુ ભગવાન શ્રી રણછોડદાસજી બાપુના પાવન પગલાથી રજ પવિત્ર બની છે તેવા વરસડાના પરમ ભગવદીય ભક્ત શિરોમણી દરબાર શ્રી દાદાબાપુના રાજ્ય છે ત્યાં આવ્યા. આદર સત્કારથી પૂર્ણ સંતોષ પામી દર વર્ષે પધારી માત્ર કાઠી દરબાર આહીર પરિવાર પાસેથી માંગણી માંગતા, એવા દાદા બાપુના વંશમાં હાલમાં પરમ ભગવદીય પરમ પૂજ્ય રણછોડદાસબાપુના પ્રીતિપાત્ર શિષ્ય દરબાર શ્રી દેવકુભાઈવાળા સેવા કાર્યમાં રત છે. દાદા બાપુના દીકરી પૂજ્ય દેવકુબાબેન ગામમાં જ રહે. રાજબાઈ મા ને બહેન સાથે પૂર્વ જન્મની પ્રીત. તેથી દર વર્ષે તેનો ઉતારો પૂજ્ય બહેનને

ત્યાં રહેતો. પૂજ્ય બહેનના દીકરા પરમ સેવાભાવી ઉદાર દરબાર શ્રી ભાણકુભાઈ ધાધલ હાલ સમાજસેવાના ભેખધારી છે.

*"જ્યોત આપી હાથમાં, સોણલે થયો ઝબકાર*
*રાજીપો થયો સંતને ખારાની ખોડિયાર."*

રાજબાઇ મા ને ગિરનારના એક સિધ્ધ અને શુદ્ધ સાધુના દર્શન થયા. તેમણે મા ને હથેળીમાં બે જ્યોતના દર્શન કરાવ્યા. ભુંડ ગામના મૂળા દાદાના પૂજારી લધાગીરીબાપુ જેવા સમર્થ ગુરુનું રાજબાઈ મા એ ધ્યાન ધર્યું. મા ખોડલ સપનામાં આવી. પોતાના બેસણાના એંધાણ આપી માને આવકારો આપ્યો. મા પહોંચ્યા વરસડા. આવી વૃદ્ધ ઉંમરે દરબાર શ્રી ભાણકુભાઈને વાત કરી, મામા હવે ક્યાંક સ્થાયી થાવું છે.

મને મા ની એંધાણી મળી છે. નિશાનીની શોધખોળ શરૂ કરી. વરસડા અને કેરિયા નાગસ વચ્ચેના નિર્જન જંગલ અને ખારામાં માતાજીના ફળાના દર્શન થયા. ત્યારથી રાજબાઈ મા એ ત્યાં ધૂણી ધખાવી. આજે ૩૦ વર્ષથી ત્યાં અખંડ જ્યોત જલે છે. મંગળવાર તથા રવિવારે આવતા ભાવકો અને શ્રદ્ધાળુઓને આ ઉંમરે 'મા' પોતાના હાથે રાંધી અને લાપસીનો પ્રસાદ પીરસે છે, ભાવપૂર્વક ભોજન કરાવે છે. ફાળો લેવામાં આવતો નથી. અનેક પરચાઓથી સેવકોની સંખ્યા વધી છે. વાંઝિયા મેણા ભાંગી અનેકને ઘેરે ઘોડિયા બંધાવ્યા, પાણીના તળ ખૂટ્યા હોય તે તળમાં પાણી પ્રગટાવ્યા, રોગીના રોગ મટાડ્યા. માંગણ, સુખી, સંપન્ન તમામ સાથે એકસુત્રતાપૂર્વક વ્યવહાર. જ્યાં અકાળે અવસાનમાં ગળા ફાંસો, કૂવો, બુરવો, બળીને આપઘાત મૃત્યુ થતા તેવા ચાર ગામ વડ, ભયાદર, જીકાદ્રી અને ઇંગોરાળા (ધાનાણી)માં પ્રાણ પૂરી તોરણ બાંધ્યા.


અનેક ભક્તોએ સાથે મળી શ્રદ્ધાપૂર્વક નાની દેરીની જગ્યાએ મંદિર બંધાવ્યું. નિવાસ માટે ઓરડાની વ્યવસ્થા કરવામાં આવી. તદ્દન નિર્જન રસ્તો રાહદારી અને ભાવિક ભક્તોથી ઉભરાયો. આમ, જંગલમાં મંગલ કરનાર પૂજ્ય રાજબાઈ માના ભાઈનો પરિવાર સાથે રહી ઉપાસના કરે છે. **'મા'ના ભાઈના પરિવારમાં મોટા દીકરા કચ્છી ભાષામાં (ભારુ) નામ એવા ભાણભાઈ ગઢવી પ્રસિદ્ધ લોક સાહિત્યકાર છે** અને પરમ પૂજ્ય મોરારિબાપુ સાથે વિદેશોમાં સાથે રહી પ્રિયપાત્ર બન્યા છે તે પણ પરિવાર સાથે પૂજ્ય મા ની સેવા કરે છે. ખોડિયાર માતાજીના મંદિરની બાજુમાં વાછરા દાદા અને ભક્ત કવિ ઇસરા સો પરમેશ્વરા એવા ઇશરદાસજી મહારાજનું મંદિર છે. સમગ્ર દેશમાં એક (સંચાણા) રાજસ્થાન અને બીજું અહીં મંદિર છે. ઇશરદાસજી વિશેની અનેક વાતો મા પાસેથી સાંભળવા મળી. જેમાં એક પ્રસંગ નોંધવાની ઇચ્છા રોકી શકતો નથી. એ સમયમાં અમરેલીમાં વજા સરવૈયા નામના રાજા હતા. તેમના દીકરાના લગ્નમાં પધારવા ઇશરદાસજીને કંકોત્રી આપવામાં આવેલી. નક્કી થયેલા દિવસે ઇશરદાસજી પધાર્યા. પણ થયું શું? વરરાજાને એરુ આભડ્યો એટલે કે સર્પ કરડ્યો. લગ્નગીતના ઠેકાણે મરશિયા ગવાયા. ઇશરદાસજીએ આ વાત જાણી અને પડકાર કર્યો, કેમ મને લગ્નમાં બોલાવ્યો અને તું જાય તે બરાબર નથી. લોકો પાસે નનામી છોડાવી, નામ બોલી અવાજ કર્યો અને સજીવન કર્યા. પોતાના મિંઢોળ બંધા પુત્રને જીવતદાન આપનાર પૂજ્ય ઇશરદાસજીને વજા સરવૈયાએ ઇશ્વરીયા અને વરસડા બે ગામ ભેટ આપ્યા એવા ભક્ત કવિનું અહીં મંદિર છે. બાજુમાં વાછરા દાદા ભૈરવના મંદિરમાં પૂજા થાય છે. મા ખોડલના અનેક પરચાઓ છે.

*"કચ્છડો છોડી નીકળ્યા થયો દેશ બેકાર,*
*વાંઝીયા મેણા ભાંગતી ખારાની ખોડિયાર."*

વર્ષોના વહાણા વાઈ ગયા. પૂજ્ય રાજબાઈ મા એ કોઈ પાસેથી ફાળો લીધા વિના અનેક ભાગવત કથા, રામકથા, દેવી ભાગવત, તુલસી વિવાહ જેવા જ્ઞાનસત્ર યોજી જંગલમાં મંગલ કાર્ય કર્યા છે. એવી જ રીતે ૨૦૧૫ના એપ્રિલ માસમાં વીસ કુંડી યજ્ઞ પરમ પૂજ્ય સોનલ મા મઢડાવાળાની મૂર્તિ પ્રતિષ્ઠા પરમ પૂજ્ય મોર દાદા (વવારવાળા)ના ઘોડાની મૂર્તિ પ્રતિષ્ઠાનો ભવ્યાતિભવ્ય ધાર્મિક ઉત્સવ રાખવામાં આવેલ હતો. હજારો ધર્મપ્રેમી જનતાએ દર્શન પ્રસાદ અને લોક કલાકારોને મન ભરીને માણવાનું હ્રદય પૂર્વકનું ભાવભીનું નિમંત્રણ પાઠવતા માનવ મહેરામણ ઉમટ્યો હતો. આવા પાવન પ્રસંગે પરમ પૂજ્ય બનુ મા (મઢડા), પ.પૂ. મનુમા (નાગલનેસ), પ.પૂ. વાલબાઈ મા (ગરણી), પ.પૂ. રાજલમા (સાવર કુંડલા), પૂજ્ય દેવીબેન (છાણા વાંકિયા) તેમજ અનેક સંતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. **આમ, ચાર દિવસનો ધર્મોત્સવ ઉજવવામાં આવેલ હતો. મોર દાદા કચ્છના વવાર ગામમાં થઈ ગયા.** મોરબીનું મૂળ નામ ઢેલડી હતું. બન્યું એવું કે ઢેલડીના રાજા ગઢ બનાવે પણ પડી જાતો. એવામાં ચારણ પરિવારો પાદર ઉતારા કરે છે. અનરાધાર વરસાદ વરસે છે. ચારણના બાળકો માટીના કુબલા બનાવે. અનરાધાર વરસાદમાં પણ આ કુબલા અખંડ રહ્યા. બરાબર આ જ સમયે રાજા ત્યાંથી પસાર થાય છે. આવી રીતે કુબલા અખંડ હોઈ, તેને નવાઈ લાગે છે. તેણે છોકરાઓને પૂછ્યું, તમારા આ કુબલા કેમ પડતા નથી? મારો ગઢ પડી જાય છે. તે રહેતો નથી. છોકરાઓએ કહ્યું, મોરદાદાને કટાર આપો તો રહી જશે. તે મુજબ ગઢ તૈયાર થયો. આજે પણ હયાત એની ખાતરી આપે છે. **ઢેલડીના રાજાએ મોર દાદાના નામ પરથી મોરબી નામ આપ્યું.** એવા મોર દાદાના ઘોડાની પ્રતિષ્ઠા થયેલ છે. તેવી જ રીતે અગાઉ ૨૦૧૩ના માર્ચ માસમાં ભવ્યાતિભવ્ય નવકુંડી યજ્ઞ, સાડા ત્રણ પહાડા અખિલ ચારણ સમાજનું સ્નેહ મિલન અને પોતાની વૃદ્ધ ઉંમરના કારણે પોતાના ભત્રીજાના દીકરી પરમ તેજસ્વી, વૈરાગ્યની મૂર્તિ સાક્ષાત જગદંબા સ્વરૂપ પૂજ્ય સોનલબાને વારસ સ્થાપી ગાદી સોંપેલ. દોઢ લાખ જેવી માનવ મેદનીએ હાજરી આપેલ.

આજે સાક્ષાત્ જગદંબા સ્વરૂપ પૂજ્ય રાજબાઈ મા હયાત અને હાજરાહજૂર દર્શન આપે છે.

*"સાંઇકૃપા", ગોપાલનગર-૧, બ્રાહ્મણ સોસાયટી,*
*અમરેલી. • મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬*



વિકાસ

# પ્રત્યેક ઘેર નળ લાવે જળ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

૧૫મી ઓગસ્ટ, ઇ.સ. ૨૦૨૧ના રોજ દિલ્હીના લાલ કિલ્લા પરથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **'જળ જીવન મિશન'**ની જાહેરાત કરતાં જણાવેલું કે દરરોજ અમે એક લાખથી વધુ પરિવારોને પાઈપ લાઇનના માધ્યમથી પાણીનું જોડાણ આપવા માટે સમર્થ બન્યા છીએ. ગયા વર્ષે અમે દેશના બે કરોડ લોકોને પાણીના નળના જોડાણ આપી શક્યા છીએ. જેમાં ખાસ કરીને જંગલોમાં રહેતા આદિવાસીઓ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા એવા પરિવારો સમાવિષ્ટ છે. અમે આ મિશનને આગળ ધપાવવા આગામી વર્ષોમાં રૂા. ૩.૫૦ લાખ કરોડ ખર્ચવાનું આયોજન કરેલું છે.

આપણો ભારત દેશ વિશ્વમાં સૌથી મોટો ભૂગર્ભ જળનો વપરાશ કરતો દેશ છે. ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આ જળ મદદરૂપ બની રહ્યો છે. આપણા ઋગ્વેદમાં જળ માટેની એક પ્રાર્થનાના શબ્દો છે : **"પવિત્ર જળ, અમારી સુરક્ષા માટે કૃપા કરો, અમારા પર આશીર્વાદ અને ખુશીઓનો પ્રવાહ વહાવો."** હાલમાં દુષ્કાળોની સમસ્યાઓ તથા રણ પ્રદેશના થતા જતા વિસ્તરણને કારણે, વસતિના સતત વધારાને કારણે પાણીની સમસ્યાઓ વિશ્વમાં ઠેર ઠેર સર્જાઈ રહી છે.

કોવિડ-૧૯ની મહામારીમાં વારંવાર સ્વચ્છ પાણીથી હાથ ધોવા, એને સૌથી શ્રેષ્ઠ સાધન માનવામાં આવે છે. ઈ.સ. ૨૦૨૪ સુધી **"હર ઘર જલ" પ્રસ્થાપિત થઇ જવાનો સરકારનો સંકલ્પ સાકાર થશે. વરસાદના પાણીનો સંગ્રહ પ્રત્યેક નવા મકાનોમાં થતો રહે તેવું મકાનોનું રૂચિકર આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.** દરિયાના ખારા પાણીને પીવાલાયક બનાવવા ડી-સેલિનેશન પ્લાન્ટ, ખેતીમાં પાણીનો બગાડ ન થાય તે માટે ટપક સિંચાઇ પદ્ધતિ અપનાવવામાં આવી છે. આપણે જાણીએ છીએ તેમ આરોગ્યની સુરક્ષા તથા આર્થિક વિકાસનું સ્રોત જળ છે. **જળનો ઉપયોગ વિવેકબુદ્ધિથી થવો અનિવાર્ય છે.**

આપણા દેશની વર્તમાન વસતિ ૧.૩ અબજ છે. ઇ.સ. ૨૦૫૦ સુધીમાં તે વધીને ૧.૬ અબજ થવાની શક્યતા છે. વિશ્વની સોળ ટકા વસતિ ભારતમાં છે. પાણીનો સ્રોત માત્ર ૪% જ છે. ભારતમાં માત્ર ૧,૧૨૨ ક્યુબિક કિ.મી. પાણીનો વપરાશ લાયક સ્રોત છે. જળજીવન અભિયાન અંતર્ગત ગોવા અને તેલંગાણામાં સો ટકા ઘેર નળ જોડાણ થયા છે. અત્યાર સુધી ૫૨ જિલ્લા, ૬૬૯ તાલુકા, ૪૨૦૦૦ ગ્રામ પંચાયતોએ ઘર ઘર જલનો લક્ષ્યાંક પાર પાડ્યો છે.

ભારતનો ૬.૪% ભૌગોલિક વિસ્તાર ધરાવતા તથા વસતિનો ૫% હિસ્સો ધરાવતા ગુજરાત રાજ્યમાં પાણીની સ્થિતિ વિકટ છે. મધ્ય તથા દક્ષિણ ગુજરાતમાં વાર્ષિક સરેરાશ ૮૦થી ૨૦૦ સે.મી. વરસાદ પડે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૪૦થી ૮૦ સે.મી. જ્યારે કચ્છમાં વાર્ષિક ૪૦ સે.મી. કરતાં ઓછો વરસાદ પડે છે. ઇ.સ. ૨૦૧૧ના અનુમાન પ્રમાણ દર્શાવે છે તે મુજબ રાજ્યમાં માથાદીઠ પાણીની ઉપલબ્ધિ વાર્ષિક માત્ર ૯૨૦ ઘનમીટર છે જ્યારે દેશમાં પાણીની સરેરાશ વાર્ષિક ઉપલબ્ધિ ૧૭૨૦ ઘનમીટર છે. રાષ્ટ્રીય સંખ્યાકી સર્વે આર.એસ.એસ.નો એક અહેવાલ દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારના લગભગ ૮૭.૬% પરિવારો, શહેરી વિસ્તારના અંદાજે ૯૦.૯% વિસ્તારો અને કુલ અંદાજે ૮૮.૭% પરિવારોને મુખ્ય સ્રોતમાંથી પીવાનું પાણી પ્રાપ્ત થાય છે.

હિમાચલ પ્રદેશમાં લાહૌલ અને સ્પીતિમાં તાશિગાંગ નામનું ગામ દરિયાની સપાટીથી ૧૫,૨૫૬ ફૂટની ઊંચાઈએ છે. જ્યાં શિયાળામાં માઈનસ દસ ડિગ્રી વાતાવરણ બરફમય બની રહે છે. આ ગામમાં ઈ.સ. ૨૦૨૦માં ઘેર ઘેર નળ યોજનાનો પ્રવેશ સફળ રહેવા પામ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું **'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'**નું સૂત્ર ચરિતાર્થ કરી બતાવ્યું છે.

ઇઝરાયલના પ્રથમ પ્રધાનમંત્રી બેનગુરિઓને જૂના કરારના શબ્દો ટાંકીને માર્ગદર્શન પ્રદાન કરેલું. તેમણે દેશવાસીઓને ત્યાંના રણને લીલુંછમ બનાવવા માટે ખૂબ જ પ્રોત્સાહિત કર્યા હતા. હવે તો ઇઝરાયલ પાણીની તંગી ધરાવતા દેશમાંથી રાષ્ટ્રમાં જળ સુરક્ષા ધરાવતા રાષ્ટ્ર તરીકે પરિવર્તિત થયેલ છે.

ઈ.સ. ૨૦૨૧ના યુનિયન બજેટમાં જળજીવન અભિયાન માટે રૂા. ૨.૮૭ લાખ કરોડ પ્રદાન કરાયા. ૨.૬૮ કરોડ શહેરી ઘરોને નળ દ્વારા જળની પ્રાપ્તિ થવા જઈ રહી છે. આપણા દેશમાં રેલવેનું આગમન થયું તેથી પહેલા અને ત્યારબાદ પણ આપણા દેશના જળમાર્ગો પેસેન્જર્સ તથા માલ સામાનના પરિવહનની કરોડરજ્જુ બનવા પામ્યા છે. આપણા આંતરિક જળમાર્ગોના વિકાસાર્થે અનેક વિકાસલક્ષી કામગીરી પ્રશંસનીય છે.

વધુને વધુ આંતરિક જળમાર્ગોનો વિકાસ થવા પામશે. ઇ.સ. ૨૦૧૯માં ૭૨ મિલિયન મેટ્રિક ટન માલનું પરિવહન શક્ય હતું. તેની સામે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ સુધીમાં ૧૧૦ મિલિયન મેટ્રિક ટન જેટલું પરિવહન થવાની સંભાવના છે. આપણા દેશમાં કુલ ૧૧૧ આંતરિક જળમાર્ગો ઉપલબ્ધ છે. ૨૪ રાજ્યોમાં પથરાયેલા રાષ્ટ્રીય જળમાર્ગોની કુલ લંબાઈ ૨૦,૨૭૫ કિ.મી. છે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*



સાંપ્રત ચિંતન

# આજે માતા-પિતાનો કર્તવ્યધર્મ



નટવર આહલપરા

જગતમાં મોટામાં મોટી જવાબદારી માતા-પિતાની હતી, છે અને રહેશે. **તમારા ઘરે જન્મ લેનાર બાળકનાં તમે માલિક નથી, માધ્યમ છો. બાળક તમારે ત્યાં પોતાની અધૂરી સાધનાને વધારવા આવ્યા છે.** તમારો ધર્મ, તમારી ફરજ અને વ્યવહાર એ છે કે એનો વિકાસ થાય, તેઓ આગળ વધે.

બાળકોને એવા સંસ્કાર, ગુણ, વાંચન આપો — જેથી એના બંને ભવો જ નહીં, ભવોભવ સુધરી જાય. **સંસ્કાર સારા અપાયા હોય તો માતા-પિતાની ભક્તિ, સેવા કર્યા વિના બાળક રહી જ ન શકે.** જગતના તમામ પ્રલોભનોની સામે પણ માતા-પિતાને જ એ સર્વોપરી માને.

**હેમચંદ્રસાગર સૂરિ મહારાજે** અને નીતિકારોએ માતા વિશે કહ્યું છે કે માતા ચાર પ્રકારની હોય છે : (૧) માત્ર સંતાનની પ્રાપ્તિથી જ સંતોષ પામનારી માતા તે પશુમાતા છે. (૨) પુત્રને ધનાર્જન માત્ર કરતો દેખી સંતોષ પામનારી માતા તે અધમ માતા છે. (૩) પુત્રના વિશિષ્ટ પ્રકારના કાર્યોથી ખુશ થનારી માતા તે મધ્યમ માતા છે. (૪) **પુત્રની ટોચ કક્ષાની પરોપકારીતા દેખી ખુશ થનારી માતા ઉત્તમ માતા છે.**

સાહેબ, બાળક સાથે એક જ દિવસ જીવીને જુઓ. બાળકોને નહાવું એ એક મોજમજાની રમત જેવું હોય છે. શરીર પર નાચતા પાણીના ટીપાઓની સાથે તેની ખુશાલી જોવા મળે છે. જો કે તેને વર્ણવવું કઠિન હોય છે. તેમની સાથેની આ ક્ષણોને જીવી લો. જેટલું પાણી તેને ઉડાડશો તેટલી ટાઢક તમારા હૈયે થશે. **થોડો વખત તેમની સાથે જરૂરથી રમો. ભલે પછી ટેબ્લેટ, ગેઇમ, બેટ-બોલ કેમ ન હોય?** આનંદ લેવા બહાર ક્યાંય નહીં જવું પડે. બાળકને સ્કૂલે મૂકવા જઇને તમે તેના દિલની વધુ નજીક પહોંચી શકશો.

આજે ટી.વી. સામે વાલ્મિકી, તુલસી, કાલિદાસ, વેદવ્યાસ અને દર્શક હારી જાય તે પહેલાં આ ચારને શોધીએ. **માત્ર પ્રેક્ષક બની ટી.વી. સામે બેસી ઇડિયટ બોક્સના ગુલામ ન બનો અને બાળકોને ન બનવા દો.** માત્ર ઇન્ફોર્મેશનના પગલા જેવી જિંદગી ના બનાવો પણ જ્ઞાન, ડહાપણ, સંસ્કાર, ગુણ અને સંસ્કૃતિસભર જિંદગી બનાવીએ.

*'શ્રી પવનતનય' - 3, વિમલ નગર,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-3૬૦ ૦૦૫.*
*ફોન : (૦૨૮૧) ૨૫૬૧૦૫૧ મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨*


**વિચારવા લાયક પ્રશ્ન**
**રાજનીતિ સેવા છે કે નોકરી?**
**જો સેવા છે તો પગાર અને પેન્શન શા માટે?**
**જો નોકરી છે તો યોગ્ય અભ્યાસ અને ઈન્ટરવ્યુ કેમ નહિ?**



*પ્રાર્થનાથી*
*પરિસ્થિતિ*
*નથી બદલાતી*
*પણ*
*અભિગમ*
*જરૂર બદલાય છે.*
*અને*
*બદલાયેલો અભિગમ*
*પરિસ્થિતિ જ નહીં*
*પણ*
*સમગ્ર જીવનને*
*બદલી નાખે છે.*





*You're using LPG for cooking, may I know your source of income?*





સાંપ્રત ચિંતન

# મન



હરીશ પંડ્યા

માનવીના મનને સમજવું એ ઘણું કપરું કામ છે. માણસનું મન ક્યારે, કઈ દિશામાં દોડશે, એ નક્કી થઈ શકતું નથી. મર્કટની ચંચળતા માફક મનની ચંચળતા પણ માપી શકાતી નથી.

કઈ પળે માણસ શું વિચારશે કે એનું મન કયા વિષયમાં રસ લેશે, એ કહેવું મુશ્કેલ બને છે.

અલબત્ત, મનને પરોક્ષ રીતે ચંચળ બનાવવામાં ભાગ ભજવતી બાબતોનો ફાળો નાનો-સૂનો તો નથી જ. માણસને મળેલા સંસ્કારો, પ્રાપ્ત કરેલું શિક્ષણ, ગમા-અણગમા અને પ્રાપ્તિ માટેના ધ્યેયના લક્ષ્યાંકો પણ ઘણીવાર માણસના મનને એક દિશામાંથી બીજી દિશામાં ખેંચી જતા હોય છે. આ ઉપરાંત સામાજિક દૃષ્ટિએ વિચારીએ તો માનવીને મળતો પ્રેમ કે માનવીની થતી ઉપેક્ષા પણ એના મનને વિચલિત કરી દેતી હોય છે. આ બધા પરિબળોને કારણે માનવી હંમેશાં મુંઝવણ અને અવઢવનો અનુભવ કરતો રહે છે.

કોઈ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવા માટે કે સંબંધોમાં સાતત્ય જાળવી રાખવા માટે મનની એકાગ્રતા જરૂરી હોય છે. વિદ્યાર્થી અભ્યાસમાં શ્રેષ્ઠતા પુરવાર કરવા માટે સ્થિર મનથી મહેનત કરતો હોય છે. આવી જ રીતે વિવિધ કલાના ક્ષેત્રો જેવા કે સંગીત, વિજ્ઞાન, નાટક, ચિત્ર, રમત-ગમત વગેરેમાં મનની એકાગ્રતા કેળવવી જરૂરી બની રહે છે; જે માનવીને સફળતાના શિખરે પહોંચાડી રહે છે.

કોઈ આ પ્રકારે મનની એકાગ્રતા કેળવવામાં સફળતા પ્રાપ્ત કરે છે અને લક્ષ્યને સિધ્ધ કરે છે; તો કોઈ મનની એકાગ્રતા નહીં કેળવી શકતાં નાસીપાસ થઈ, અન્ય વિષય કે ક્ષેત્રમાં પ્રયાસો કરે છે. **પણ મનની એકાગ્રતાના અભાવે અન્યત્ર પણ નિરાશાનો સામનો જ કરવો પડે છે.**

આમ આપણે કહી શકીએ કે જીવનમાં સફળતા કે નિષ્ફળતા મળે એ માટે મનનો ફાળો મહદ્ અંશે રહે છે.

ઈશ્વરની સાધનામાં લીન તપસ્વીઓ, સાધુ-સંતો પોતાના અહીં - ત્યાં ભટકતા મનને વશ કરવામાં સફળ થતા હોય છે.

આથી જ કહેવાયું છે કે, માનવીનું મન અકળ અને અગાધ ઊંડું છે કારણકે ક્યારેક માનવી પોતે જ પોતાના મનને સમજી શકતો હોતો નથી અને ત્યારે પોતાના અન્ય માનવી સાથેના સારા કે ખરાબ વર્તન વિશે આશ્ચર્યનો અનુભવ કરતો હોય છે.

*ડી-૧, ત્રિલોચન સોસાયટી,*
*ઘોઘા જકાત નાકા પાસે, રિંગ રોડ,*
*સુભાષનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.*
*મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭*

## જીવનનો રાહ

સહજ સ્વાર્થભરી આ દુનિયામાં ઉચ્ચ આદર્શો, સિદ્ધાંતો અને મૂલ્યો જાળવી રાખવા ખૂબ અઘરા છે.

ચતુર અને વ્યવહારદક્ષ ગણાતા લોકો કહે છે કે આ બધાં કહેવાતાં સદ્ગુણો તો હવે ઇતિહાસ થઈ ગયા. વેદિયાવેડા છોડો, વ્યવહારુ બનો.

પણ સત્યના આધાર વિનાનું જીવન હોઈ જ ના શકે. જીવનનું અસ્તિત્વ જ સત્ય, પ્રેમ, વિશ્વાસ અને પ્રાર્થનાના ચાર પાયા ઉપર ટકેલું છે.

મૂલ્યો અને સિદ્ધાંતો આકાશમાં ચમકતા તારા જેવા છે. એક સાહસિક સાગરખેડુ તોફાની સાગરનાં ઊંચા અફળાતાં મોજાં ઉપર આમથી તેમ ફંગોળાતો આકાશના તારા જોઈને પોતાનો માર્ગ શોધી લે છે. એ જ રીતે આપણે ઉચ્ચ આદર્શોની મદદથી જીવનનો રાહ નક્કી કરી શકીએ. એમ કરીને આપણા જીવનને પણ તારલાઓની જેમ ચમકાવી શકીએ.

*– હેલન સ્ટેઇનર રાઈસ*

## 'મંગલ મંદિર' – કોઈપણ બાબત સંબંધી સંપર્ક સૂત્ર

*'મંગલ મંદિર' સંબંધી કોઈપણ પ્રશ્નો, પૂછપરછ - તપાસ જેમ કે સામયિકના અંકો ન મળવા, સરનામા-ફેરફાર, વિજ્ઞાપન, લવાજમ, ડિજિટલ માધ્યમની કોઈપણ બાબત, સમાજ દર્પણમાં પ્રકાશિત કરવાની કોઈપણ લેખિત વિગત વગેરે સંદર્ભમાં કાર્યાલય સ્ટાફ શ્રી પરાગ સોનીનો મોબાઈલ નંબર : ૯૫૩૭૭ ૨૩૪૭૪ પર સંપર્ક કરવા અનુરોધ છે.*

*– તંત્રી મંડળ*



નોલેજ બેંક

# ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૫)

**(વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી)**



રમેશ પટેલ

- 'દેવાંશુ' તખલ્લુસ કયા કવિનું છે? (ગોવિંદ દરજી)
- કવિશ્રી રાજેન્દ્ર શાહનું ઉપનામ કયું? ('રામ વૃંદાવની')
- 'નિરાંત' અને 'મધુરપ' ગઝલ સંગ્રહો કયા કવિના છે? ('ગની' દહીંવાલા)
- 'ક્ષિતિજ', 'એતદ્' અને 'ઉહાપોહ' સામયિક કયા સાહિત્યકાર પ્રગટ કરતા હતા? (સુરેશ જોષી)
- 'ભૂમિપુત્ર'માં છેલ્લા પાનાની વાર્તાના સાતત્યપૂર્વક સર્જન કરનાર વાર્તાકાર કોણ છે? (આશા વીરેન્દ્ર)
- જયશંકર 'સુંદરી'ની આત્મકથા 'થોડાં આંસુ થોડાં ફૂલ'નું સંપાદન કાર્ય કોણે કર્યું છે? (પ્રિ. ડૉ. સોમભાઈ સી. પટેલ)
- ભૂપતરાય એમ. ઠાકરનું ઉપનામ કયું છે? ('ઉપાસક')
- 'ભૂરીની અજાયબ સફર' બાળ વાર્તાના પુસ્તકના લેખક કોણ છે? (નટવર પટેલ)
- 'નંદીગ્રામ' નિબંધ સંગ્રહ માટે નર્મદ ચંદ્રક મેળવનાર સાહિત્યકાર - કવિ કોણ છે? (ડૉ. પ્રવીણ દરજી)
- લોક ગુર્જરી : ડાંગી ભાષાના લેખક કોણ છે? (ઘેલુભાઈ નાયક)
- 'રંગોર્મિ' કાવ્ય સંગ્રહના કવિ કોણ? (હેતલ ગાંધી)
- 'ગઝલગ્રાફ' નામક વિવેચનાનું પુસ્તક કયા સાહિત્યકારનું છે? (ગુણવંત ઉપાધ્યાય)
- 'શબાબ' (૧૯૯૮) ગઝલ સંગ્રહ કોનો છે?(બેન્યાઝ ધ્રોલવી)
- 'તપોવન', 'કોશેટાનું ઘર', 'તાગ' લઘુ કથાના લેખક કોણ? (સુમંત રાવલ)
- ટહુકી રહ્યું ગગન, તે પહેલાં અને રેશમી રૂમાલમાં... કાવ્ય સંગ્રહના કવિ કોણ? (ફિલીપ ક્લાર્ક)
- 'ઇલેકટ્રિક ટ્રેન' નામક લલિત નિબંધ સંગ્રહ કોનો છે? (ગીતાબેન ભરતભાઈ નાયક)
- 'રાસયુગમાં પ્રકૃતિ નિરૂપણ' (૧૯૭૮) શોધ પ્રબંધ કયા કવિનો છે? (ડૉ. ધીરુ પરીખ)
- 'આપણા ગઝલ સર્જકો', 'ગઝલ વિલોકના' જેવા વિવેચન ગ્રંથોના લેખક કોણ છે? (ડૉ. રશીદ મીર)
- 'ઊડતા ફૂલો' બાળ કાવ્ય સંગ્રહના કવિ કોણ છે? (રમેશ પટેલ)
- નિમિષ, કસક, કદંબ, મયુરાત્રી, કિસલય, કે દેને તારો છંદ હરિ... જેવા કાવ્ય સંગ્રહો પ્રકટ કરનારા કવિ કોણ? (પીયૂષ પંડ્યા 'જ્યોતિ')
- 'લીલો ઉઘાડ' અને 'અમે અંધારે ઉગેલા પડછાયા' કાવ્ય સંગ્રહના કવિ કોણ? (પ્રા. યશવંત વાઘેલા)
- આકાશ, તિરાડ, સંભવામિ ગઝલે ગઝલે... વગેરે કાવ્ય સંગ્રહના કવિ કોણ? (રીષભ મહેતા)
- 'આંસુનો તરજુમો' ગઝલ સંગ્રહ કયા કવિનો છે? (ડૉ. વિરંચિ ત્રિવેદી)
- 'ઉદ્ગાર' અને 'અવકાશ' કાવ્ય સંગ્રહો કયા કવિના છે? (નલિન રાવલ)
- એકાંત, મીણની આંગળીએ સૂરજ ઊગ્યો, લીલા પાંદડે પાનખર, લીલોછમ તડકો... નવલકથાના લેખક કોણ છે? (ખલીલ ધનતેજવી)
- 'ક્યારેક' નામક માસિક કોણ પ્રગટ કરતું હતું? (કવિ સુધીર દેસાઈ)
- 'લેલીન' કાવ્ય સંગ્રહના કવિ કોણ છે?(પ્રિ. કેશુભાઈ પટેલ)
- 'નાટ્ય ઝરૂખો' સંપાદન કોણે કરેલ છે? (નિરંજન પંડ્યા)
- 'મરીઝોત્સવ' આસ્વાદ ગ્રંથના લેખકો કોણ છે? (મોહસીન અબ્બાસ વાસી, રઈશ મનીઆર, અનિલ ચાવડા)


*'પ્રાંજલ', ૩૦, આનંદ વાટિકા સોસાયટી,*
*સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯.*
*મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

## અવિચારી વાણી

કોઈના માટે અત્યંત વેધક કે કટાક્ષયુક્ત ટીકા કરવાનું મન થાય ત્યારે યાદ કરો કે વધારે પડતા મરીમસાલા ખોરાકને બેસ્વાદ બનાવે છે.

અવિચારી શબ્દોએ ઘણા મૂલ્યવાન સંબંધોને ખંડિત કર્યા છે, જ્યારે સદ્વ્યવહારથી કોઈએ ક્યારેય કંઈ ગુમાવ્યું નથી.

અન્યોને પોતાની રીતે વિકસવાની સ્વતંત્રતા આપો.



કારકિર્દી

# જિલ્લા કલેક્ટરની અતુલ્ય ભૂમિકા



હીરેન દવે

અનેક વિદ્યાર્થીઓ, જેઓ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે, તેમનો ડ્રીમ કલેક્ટરની પોસ્ટ હોય છે. આ પોસ્ટના પાવર અને તેનો રોલ એટલો બધો ઈન્સ્પાયરિંગ છે કે અનેક વિદ્યાશાખાઓના ગોલ્ડ મેડાલિસ્ટ પોતાનો પ્રોફેશન છોડીને કલેક્ટર બનવા UPSC/GPSC ની તૈયારી કરે છે અને દિવસ રાત મહેનત કરે છે. તો કલેક્ટરની જોબ પ્રોફાઈલ એક્ઝેક્ટ શું છે તે બધાનો કોમન પ્રશ્ન છે. જિલ્લા કલેક્ટરની પોસ્ટનું એક ઉડતી નજરે તેનું વિહંગાવલોકન કરીએ.

રાજ્ય સરકારની બ્યુરોક્રસીનો બૅકબોન મહેસૂલી તંત્ર છે. જેના જિલ્લા સ્તરે પ્રતિનિધિ જિલ્લા કલેક્ટર હોય છે. જિલ્લા કલેક્ટર ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ કે જિલ્લાધીશ પણ કહેવાય છે. બ્રિટીશ સમયમાં તો જિલ્લા કલેક્ટર જ સરકાર તરીકે ઓળખાતા હતા. જિલ્લા કલેક્ટર શબ્દ બ્રિટીશ સમયમાં પ્રયોજવામાં આવ્યો. સર વોરન હેસ્ટિંગ્ઝે ૧૭૭૨માં કલેક્ટરની પોસ્ટની રચના કરી. તેનું મુખ્ય કાર્ય જમીન મહેસૂલ ઉઘરાવવાનું હોવાથી તેમને જિલ્લા કલેક્ટર તરીકે ઓળખવામાં આવ્યા. જમીનના સંદર્ભમાં તેમની ભૂમિકા ખૂબ જ વ્યાપક હોય છે. જિલ્લાના જમીનના રેકર્ડ કે જેમાં ૧૮ નમુના હોય છે તેની જાળવણી કરવી, અપડેટ કરવી, સબોર્ડિનેટ ઓફિસર વતી આ કામગીરી સંપન્ન કરાવવી, તેમની ભૂમિકા છે. જમીનના ખરીદ વેચાણની વિધિ, જમીન વિવાદના કેસોમાં નીચેના મેજિસ્ટ્રેટોએ આપેલા ચુકાદા સામે અપીલ સ્વીકારી ફરિયાદોનું નિવારણ કરવું વગેરે તેમની ભૂમિકા છે. હાલના સમયમાં સરકારને વિવિધ કામગીરી માટે જમીન સંપાદન કરી આપવું પણ એક કી-રીસ્પોન્સિબિલિટી છે. ડિસ્ટ્રિક્ટ ટ્રેઝરી તેમની સત્તા હેઠળ હોય છે. આ ઉપરાંત સિંચાઈના નાણાં ઉઘરાવવા, આવક વેરો, ટેક્સ એરિયર્સ કલેક્શન, સરકારી એસ્ટેટની જાળવણી પણ તેમની જવાબદારી છે.

કાયદો અને વ્યવસ્થાનું પોલીસતંત્ર પણ કલેક્ટરના કંટ્રોલમાં છે. **પોલીસ તંત્ર પર તેમનો અંકુશ હોવાથી તેમને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ પણ કહે છે.** જિલ્લામાં જો કોઈ જરૂર જણાય તો ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ કરફ્યુ જાહેર કરી શકે છે. જિલ્લા જેલના કેદીઓને પેરોલ પર છોડવા, હથિયારોના પરવાના પ્રદાન કરવા, કોઈ પરિસ્થિતિને કાબૂમાં લેવા પોલીસને ફાયરિંગનો હુકમ આપવો તેમના પાવર છે.

**જિલ્લા સ્તરે વિવિધ વિભાગોની કામગીરીનું સંકલન કરે છે.** કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ મંત્રાલયો, વિભાગોની પ્રત્યેક જિલ્લામાં રહેલી કચેરીને કોઈ સમસ્યા જણાય તો કલેક્ટરનું ધ્યાન દોરે છે અને તેમના માર્ગદર્શન થકી કામ પાર પાડે છે. અનેક અધિનસ્થ કર્મચારીઓના પરફોર્મન્સ એપ્રાઈઝલ કલેક્ટર કરે છે. જિલ્લા સ્તરે અધિકારીઓ કે કર્મચારીઓને નડતી કોઈ સમસ્યા કે અસંતોષ જણાય તો તેનું નિરાકરણ કરે છે. **કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ચાલતી અનેક યોજનાઓ કલેક્ટર કચેરીને જિલ્લા સ્તરે નોડલ ભૂમિકા આપવામાં આવેલ હોય છે.** તેઓ આ યોજનાઓના અમલીકરણ માટે જવાબદાર છે. ડિસ્ટ્રિક્ટ રૂરલ ડેવલપમેન્ટ એજન્સી (ડી.આર.ડી.એ.)ના ચેરમેન તરીકે કાર્ય કરીને ગ્રામ વિકાસની યોજનાઓનો અમલ કરાવે છે. આ ઉપરાંત ચૂંટણી યોજવામાં જિલ્લા રીટર્નિંગ ઓફિસર તરીકે લોકસભા, વિધાનસભા વગેરેની ચૂંટણી યોજવા મતદાર યાદીઓ અપડેટ કરવાથી માંડીને સમગ્ર ચૂંટણીઓનું આયોજન કરવું અને પરિણામ જાહેર કરવા સુધીની જવાબદારી તેમની હોય છે. દર દસ વર્ષે વસ્તી ગણતરી માટે ડિસ્ટ્રિક્ટ સેન્સસ ઓફિસર તરીકે તેઓ રેવન્યુ મશીનરીના ઉપયોગથી વસ્તી ગણતરી યોજે છે.

તેમને ક્રાઈસિસ મેનેજર ઈન ચીફ પણ કહેવાય છે. જિલ્લા સ્તરે કોઈપણ આપત્તિ આવે, જેમકે કોરોના જેવો પેન્ડેમિક, પૂર, ભૂકંપ – તેવા સંજોગોમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ જિલ્લા કલેક્ટરને આવી પરિસ્થિતિને અંકુશમાં લેવા અમર્યાદિત સત્તા સોંપવામાં આવેલી છે. જિલ્લામાં કોઈ વી.વી.આઈ.પી.ની મુલાકાત હોય તો ચીફ પ્રોટોકોલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, વિદેશી મહેમાન, સંસદ સભ્યો, વિવિધ આયોગના અધ્યક્ષો જ્યારે જિલ્લાની મુલાકાતે આવે ત્યારે તેમની તમામ વ્યવસ્થાઓ સચવાય તે જોવાની વ્યક્તિગત જવાબદારી કલેક્ટરની છે.

**આમ, જિલ્લા કલેક્ટર એક એવું પદ છે કે જેની પાસે અનેક પ્રકારના પાવર હોય છે.** જો તે ધારે તો જિલ્લામાં એક એજન્ટ ઓફ ચેન્જ તરીકે ઘણા સારા ભવિષ્યનો પાયો નાખી શકે. ફ્રાન્સના પ્રિફેક્ટને બાદ કરતા સમગ્ર વિશ્વમાં કોઈ પોસ્ટ તેની જોડે સરખાવી શકાય નહીં. **'જિલ્લા કલેક્ટર એક નાનકડો કાચબો છે કે જે હાથી જેટલા વજનની જવાબદારીનું વહન કરે છે'** – બ્રિટીશ સમયની આ ઉક્તિ આજે પણ સાચી ઠરે છે. ■

## અડપલું થયું

તોડ્યું તો તણખલું થયું,
અડ્યા તો અડપલું થયું.

જળમાં પરપોટા થયા તો,
તરસનું છમકલું થયું.

અંતરમાં છે છબી એમની,
જોતાં જ નમન લાગલું થયું.

ત્યાં તો સ્થિર થઈને રહ્યું,
પાછું ફર્યું તો ડગલું થયું.

સાગર આમ બદનામ થયો,
કિનારે મોજું આછકલું થયું.

ધારે તો નમાવે કાં ઊંચકાવે,
જોરાવર આ કાટલું થયું.

*પરિગ્રહી માંડલીયા*
*મો. ૯૨૨૮૨ ૨૬૨૩૮*

## ફોટોગ્રાફ (મોનો ઇમેજ)

વાર્ધક્ય ટાણે
મારો જ ફોટોગ્રાફ જોઇ
હું
બની ગયો બાળક!

બાનો ફોટોગ્રાફ
હાલરડું ગાઈ
મને
ઊંઘાડે છે.

પર્વતનો ફોટોગ્રાફ જોઈ
મન ઝરણું બની
ઢાળ
ઊતરતું ગયું...

બાનો ફોટોગ્રાફ
એટલે
ઈશ્વરનો
ઓટોગ્રાફ.

જોઇને
સુંદર ફોટોગ્રાફ
ફૂલનો,
હું બની ગયો
પતંગિયું!

પુણ્યતિથિએ
બાના ફોટોગ્રાફને
સુખડનો હાર
પહેરાવતાં
સંભળાયાં મને
બાનાં ડૂસકાં....

*રમેશ પટેલ - સુરત*
*મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

## ગઝલ

ચોતરફ ઊંડાણને ઉછાળ વચ્ચે,
સાવ ડહોળાં નીર છે શેવાળ વચ્ચે.

મન વલોવાતું રહ્યું સંતાપ કરતું,
ના મળી રાહત ફરેબી આમ વચ્ચે.

વેડફી નાખ્યો સમય આઠે પ્રહરનો,
આંખ ચોળે કાન સૌ વાચાળ વચ્ચે.

ચોતરફ વેરાનમાં શોધું પગેરું,
માંહ્યલો મૂંઝાય છે દુષ્કાળ વચ્ચે.

કૈં ધરાશાયી થયેલાં વૃક્ષ જોઈ,
છે વિમાસણ સીમને રખવાળ વચ્ચે.

સાત ભવથી ત્યાં મડું લટકી રહ્યું,.
ધર્મસંકટ છે વિક્રમ - વેતાળ વચ્ચે.

*હસમુખ શાહ 'બેઝાર' - કઠલાલ*

## ભૂગોળ માટે મહત્ત્વપૂર્ણ

★ વિશ્વમાં કુલ કેટલા ટાઈમ ઝોન આવેલા છે? – ૨૪
★ પૃથ્વી પર કુલ કેટલા કટિબંધ આવેલા છે? – ૩
★ તળ ગુજરાતમાં કુલ કેટલા જિલ્લા આવેલા છે? – ૨૧
★ ગુજરાતમાં કેટલા જિલ્લા આવેલા છે? – ૩૩
★ ગુજરાતમાં કેટલા ટાઉન આવેલા છે? – ૨૬૪
★ ગુજરાતમાં કેટલી નગરપાલિકા આવેલી છે? – ૧૬૯
★ ગુજરાતમાં કેટલા તાલુકા આવેલા છે? – ૨૫૧
★ ગુજરાતમાં કેટલા ગામડાં આવેલા છે? – ૧૮,૨૨૫
★ ગુજરાતમાં માનવ વસ્તી ધરાવતા ગામડાં કેટલા છે? – ૧૮,૦૬૬
★ ગુજરાતનો સાક્ષરતા દર કેટલો છે? – ૭૯.૩૧%
★ ગુજરાતમાં કેટલા શહેરો આવેલા છે? – ૨૪૮
★ ગુજરાતમાં સૌથી વધુ શહેરો ધરાવતો જિલ્લો કયો છે? – વલસાડ
★ ગુજરાતમાં કેટલા બંદર આવેલા છે? – ૪૨
★ ગુજરાતમાં કેટલી નદીઓ આવેલી છે? – ૧૮૫
★ ગુજરાતમાં કેટલા રાષ્ટ્રીય ઉદ્યાન આવેલા છે? – ૪

# SOME GOLDEN THOUGHTS....

***Presentation : Dinesh R. Mehta***

*Friends are of Two Types :*
*One says :*
*If you are ever need anything I'll be there.*
*Other says :*
*You will never need anything*
*As long as I am there!*

*Everyday is special if you think so,*
*Every moment is memorable*
*if you feel so,*
*Everyone is unique if you see so.*
*Life is wonderful if you live so.*

*Great words from Shakespeare :*
*I'm not 'HANDSOME'*
*But I can give my "HAND" to "SOME"*
*who needs help,*
*Beauty is in Heart Not in Face.*

*Thought for lifetime :*
*"If you are not satisfied with*
*what are you getting*
*Check what You are giving."*
*"Give Better to Get Best!"*

*Being deeply loved by someone*
*gives you strength,*
*while loving someone deeply*
*gives you courage.*
*– Luo Tzu.*

*If you want to feel Rich,*
*Just count all of the things*
*you have that moeny can not buy.*

*The Vision of the self will only*
*be encountered by those*
*who are free of the delusion of desire,*
*and not by more*
*whose corrupted minds are full of desires*
*for sense object.*

*"Life is a question*
*Nobody can answer it.*
*and*
*Death is an answer*
*Nobody can question it.*

*F – E – A – R*
*TWO MEANING :*
*(1) Forget Everything and Run*
*(2) Face Everything and Rise...!*
*(The choice is yours....)*

*FOUR BLESSED WAYS OF LIVING:*
*1st : Look back & Thank God.*
*2nd : Look Forward & Trust God.*
*3rd : Look around & Serve God.*
*4th : Look within & find God!!*

*Awsome lines by Charlie Chaplin:*
*You need power,*
*only want to do something harmful...*
*Otherwise LOVE is enough*
*to get everything done...*

*"To know who I am and who I am not"*
*is called Absolute Knowledge (Gnan)"*
*– Dadashri*

# માહિતી

## ધૂમકેતુ વિશે જાણો

- ★ ધૂમકેતુનું કેન્દ્ર બરફનું બનેલું હોય છે. દરેક ધૂમકેતુના કેન્દ્ર જુદા જુદા કદનાં એક મીટરથી માંડી હજારો કિલોમીટરના વ્યાસના હોય છે. ધૂમકેતુ સૂર્ય નજીકથી પસાર થાય ત્યારે પોતાનું થોડું દળ ગુમાવે છે. કાળક્રમે ધૂમકેતુ બધું જ દળ ગુમાવી, તૂટી પડે છે.
- ★ ધૂમકેતુના કેન્દ્રમાં રહેલો બરફ થીજેલું પાણી નહીં પણ જામેલા મિથેન, એમોનિયા અને કાર્બન ડાયોક્સાઇડ વાયુઓ છે. તેમાં રજકણો અને અન્ય અવકાશી ઘન કણો પણ હોય છે.
- ★ ધૂમકેતુ પર પડતા પ્રકાશના કિરણોમાંથી ૯૬ ટકા કિરણોનું શોષણ થાય છે. બાકીના ૪ ટકા કિરણોનું પરાવર્તન કરે છે. ધૂમકેતુ ખૂબ જ ઝડપથી ગતિ કરે છે ત્યારે તેના કેન્દ્રની આસપાસના **ધૂળ વગેરેના રજકણો પાછળની તરફ ફંગોળાઇને પૂંછડી જેવો આકાર બને છે તેથી તેને પૂંછડિયા તારા પણ કહે છે.**
- ★ સૂર્યમાળામાં ૩૦૦૦ જેટલા ધૂમકેતુઓ ફરી રહ્યા છે.

## ડ્રોન વિમાન

યુધ્ધ વિષયક સમાચારોમાં ડ્રોન વિમાન દ્વારા હુમલાનો ઉલ્લેખ તમે સાંભળ્યો હશે. **યુધ્ધમાં વપરાતા ડ્રોન વિમાન એવા હેલિકોપ્ટર છે, કે જેમાં પાઇલટની જરૂર નથી.** ડ્રોન વિમાનનું જમીન ઉપરથી રીમોટ દ્વારા સંચાલિત થાય છે. આ વિમાનમાં શસ્ત્રો કે દારૂગોળો ભરી નિશ્ચિત સ્થળે હુમલા કરાય છે. ડ્રોન વિમાન ૧૨થી ૧૩ ફૂટ લંબાઇના હોય છે. તેનો પંખો ૨૦ ફૂટ વ્યાસનો હોય છે. ૯ ફૂટ ઊંચું આ વિમાન ૧૫૦ કિલોમીટરની ઝડપે ઉડે છે અને આસપાસના ૨૦૦ કિલોમીટરના વિસ્તારમાં હુમલા કરી શકે છે.

નાના કદના ડ્રોન વિમાનના અન્ય ઉપયોગો પણ જાણીતા બન્યા છે. એરિયલ ફોટોગ્રાફી માટે પણ કેમેરા સાથેના નાના કદના ડ્રોન બને છે.

## વિશ્વનું સૌથી મોટું વૃક્ષ : કોલકાતા બોટાનિકલ ગાર્ડનનો વડલો

વડ, એ વિશાળ અને ઘેઘૂર વૃક્ષ છે. તેનો ઘેરાવો વધે ત્યારે નવી ડાળીઓને ટેકો મળી રહે તે માટે તેમાંથી વડવાઈ નીકળી જમીનમાં ઉતરે છે અને જાણે બીજું થડ પેદા થાય છે. વિકાસ પામીને વડલો સેંકડો કિલોમીટરમાં ફેલાય છે.

કોલકાતામાં બોટાનિકલ ગાર્ડનમાં આવો જ વડલો જોવા મળે છે. **વિશ્વના સૌથી વિશાળ વૃક્ષ તરીકે જાણીતો આ વડલો ૩૩૦ મીટરના ઘેરાવામાં ફેલાયેલો છે.** આ વડલો બોટાનિકલ ગાર્ડનનું આકર્ષણ છે. **તેને ૨૮૦૦ જેટલી વડવાઇઓ છે.**

કોલકાતાનું આ ગાર્ડન જગદીશચંદ્ર બોઝ બોટાનિકલ ગાર્ડન તરીકે ઓળખાય છે. કોલાકાતા નજીક શીબપુર ખાતે ૧૦૯ હેક્ટરમાં ફેલાયેલા આ ગાર્ડનમાં અંદાજે ૧૨૦૦૦ જાતનાં વૃક્ષો છે. આ ગાર્ડન ૩૦૦ વર્ષ જૂનો છે.

બોટાનિકાલ ગાર્ડનના વડલા અંગે નવાઈની વાત એ છે કે ૧૯૨૫માં તેના મૂળ થડમાં સડો લાગતાં કાપી નાખવામાં આવ્યું હતું. તેનો ઘેરાવો ૧૬ મીટર હતો.

## કોમ્પ્યુટર નેટવર્ક વિશે જાણો

**ઘણા બધા કમ્પ્યુટર એકબીજા સાથે વાયર કે વાયરલેસ પદ્ધતિથી જોડાયેલા હોય તો તેને નેટવર્ક કહે છે.** નેટવર્ક માટે લેન, પેન, કેન જેવા શબ્દો તમે સાંભળ્યા હશે. આ બધા નેટવર્કના પ્રકાર છે.

નાના નેટવર્ક એક મુખ્ય હબ વડે એકબીજા સાથે જોડાયેલા રહે છે. જ્યારે મોટા નેટવર્કનું રૂટર મારફત પ્રસારણ થાય છે.

નેટવર્કના બધા કમ્પ્યુટર માહિતીની આપ-લે અને સંગ્રહ માટે સર્વરનો આધાર લે છે. **સર્વર, એ નેટવર્કના કમ્પ્યુટરોનો નેતા છે.**

એક વ્યક્તિને ઉપયોગી થાય તેવા નાના નેટવર્કને **પર્સનલ એરિયા નેટવર્ક એટલે કે પેન કહે છે. લેન એટલે લોકલ એરિયા નેટવર્ક** જે એક ઓફિસમાં બધા કમ્પ્યુટરને જોડે છે. મોટી યુનિવર્સિટી કે કોલેજના વિશાળ સંકુલમાં રહેલા નેટવર્કને **કેન એટલે કે કેમ્પસ એરિયા નેટવર્ક કહે છે. હવે પછી આવનારી પેઢીનું નેટવર્ક વાઇડ એરીયા નેટવર્ક હશે એને વેન કહે છે.** તે વિશ્વના બધા કમ્પ્યુટરને વાયરલેસ વડે જોડી શકશે.

*જીવનમાં ખરાબી ક્યારેય પણ આવી શકે છે,*
*પરંતુ જીવન ખરાબ ક્યારે પણ હોતું નથી.*

*જીવન એક અવસર છે, શ્રેષ્ઠ બનવાનો,*
*શ્રેષ્ઠ કરવાનો, શ્રેષ્ઠ મેળવવાનો.*

*જીવન એ ફૂલ છે કે જેમાં કાંટા તો બહુ જ છે*
*પરંતુ સૌંદર્યની પણ કોઈ કમી નથી.*

# આંજો કાગર

## 'મંગલ મંદિર' – પ્રતિભાવના પત્રો સંબંધી.....

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "મંગલ મંદિર"ના અંકો સંદર્ભે પ્રશંસાના પુષ્પોની વર્ષા કરતાં થોકબંધ પ્રતિભાવો પ્રાપ્ત થઈ રહ્યા છે. તે માટે દરેકનો ખૂબ ખૂબ આભાર. હકીકતમાં 'મંગલ મંદિર'ની પ્રતિષ્ઠા માટે તેમાં પ્રકાશિત થતી લેખન-સામગ્રીના તજજ્ઞ લેખકશ્રીઓ, સંકલનકર્તાશ્રીઓ અને સમગ્ર વાચકવર્ગ તેનાં આધારસ્તંભ સમાન છે. એટલે યશના ખરા અધિકારી તેઓશ્રી છે.*

*અત્રે એક અન્ય બાબત તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ તો પ્રાપ્ત થતા દરેક પ્રતિભાવોને સામયિકમાં સ્થાન આપવાનું શક્ય હોતું નથી. તે માટે ક્ષમા પ્રાર્થીએ છીએ. તે સાથે સામયિકના કોઈ પણ ક્ષેત્રે ઉણપ અંગે અથવા સર્વગ્રાહી ઉપયોગી સૂચનો સંબંધી પ્રતિભાવો પણ એટલા જ આવકારપાત્ર છે. આભાર સાથે...*

***– તંત્રી મંડળ***

## 'મંગલ મંદિર' – વૈવિધ્ય સાહિત્ય, જ્ઞાન વિજ્ઞાન પીરસતો અંક....

'મંગલ મંદિર' સપ્ટેમ્બર-૨૦૨૧નો વૈવિધ્ય સાહિત્ય - જ્ઞાન વિજ્ઞાન પીરસતો અંક મળ્યો. સંપાદકશ્રી અને તંત્રીશ્રીની સુઝને દાદ આપવી રહી.

**જાણીતા લેખકો અને નવોદિત લેખકોનું સર્જન માણી આનંદ થયો.**

'વર્ગીકૃત વિભાગો' આ 'મંગલ મંદિર' સામયિકની શોભા છે. તમામ લેખકો - સર્જકો - કવિઓને અભિનંદન.

મારા જૂના મિત્રો જોડેનો સંપર્ક પણ આ થકી સાંપડ્યો છે, એ બદલ આભાર વ્યક્ત કરું છું.

***રમેશ પટેલ - સુરત***
***મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫***

★

## 'મંગલ મંદિર' એક અત્યંત આકર્ષક અને વાંચનથી સભર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'નો માસ સપ્ટેમ્બર-૨૦૨૧નો અંક મળી ગયો છે. 'મંગલ મંદિર' ૪૬ વર્ષથી પ્રગટ થાય છે તે જાણી આનંદ થયો. આજે આ મેગેઝિન જોવા મળ્યું એનો વિશેષ આનંદ છે. ખૂબ જ સરસ અંક થયો છે. તંત્રીલેખ ગમ્યો. **પદ્મશ્રી કુમારપાળ દેસાઇ**ના બંને લેખો ખૂબ સરસ છે. **ડૉ. નવીન પારેખ**નો લેખ 'સંકટ મોચન જૈન મંત્ર અને મંત્રવિજ્ઞાન'માંથી ઘણું જાણવા મળ્યું. **શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ સાહેબ**નો લેખ 'ક્ષમા' ચિંતનાત્મક છે. **ભરતકુમાર પ્રા. ઠાકર**ની કલમે લખાયેલ વ્યક્તિ પરિચયના લેખો સારા થયા છે. તેમાં બે વ્યક્તિઓના વ્યક્તિત્વ વિશે સરસ જાણકારી મળી. આપનો લેખ 'પર્વાધિરાજ પર્યુષણ' પણ ખૂબ સરસ છે. ગમ્યો. **મનોજ પંડ્યા** દ્વારા નારી ગૌરવગાથા અંતર્ગત લખાયેલ લેખમાં જયશ્રીબેન ઝરુ વિશેનો લેખ પણ ખૂબ સુંદર છે. **ડૉ. મેહા**એ પણ ગિરનારજી વિશે સરસ લખ્યું છે. આ ઉપરાંત ભગવાન મહાવીર વિશે મહાનુભાવો કહે છે... પશુબલિ નિવારણ, પ્રભુ મહાવીરની શાશ્વત વાણી, સદાચારનો સ્વસ્તિક વગેરે લેખો પણ ગમ્યા.

**'સામાયિક તો સુલસાબાઇનો'**માંથી ગર્વ અનુભવાય તેવી વિગત મળી. કાવ્ય વિભાગમાં પણ ખૂબ સુંદર કાવ્યો વાંચવા મળ્યા. તેમાં મારી પણ એક રચના છે તે જોઈ ખૂબ આનંદ થયો.

**પ્રમાણમાં અત્યંત આકર્ષક અને વાંચનથી સભર અંક છે. આટલો સુંદર અંક મને મોકલવા બદલ આપનો તથા મંગલ મંદિરની સમગ્ર ટીમનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર. આટલું સરસ કામ કરો છો તે બદલ ધન્યવાદ.**

***શ્યામ ઠાકોર - ગોધરા***

★

## વાનગીઓનો અદ્ભુત, અનોખો, અજોડ રસથાળ એટલે 'મંગલ મંદિર''

'મંગલ મંદિર'નો જુલાઈ-૨૦૨૧નો અંક 'કચ્છડો બારેમાસ'ની ઉક્તિને અક્ષરસઃ ઉઘાડ આપે છે. અંક વાંચતા જઇએ તેમ તેમ કચ્છની ધીંગી ધરા, મીઠડા માનવી, કુદરતની કયામત, ધમધોકાર ચાલતા ધંધા, કવિઓની કાંઠાળી કવિતા, પથરાયેલા રણ પ્રદેશની રમણીયતા, સંસ્કૃતિનું સૌંદર્ય, વ્યક્તિ વિશેષની વાતો, વ્યવહાર તથા વ્યાપાર કુશળતા, ઈતિહાસનો ઉલ્લેખ, **શ્રી ચંદ્રકાંત પટેલ**નું આગવું આલેખન 'દિલની

જબાન', વરસાદી કાવ્યોનો વરસાદ અને એક સંભારું ત્યાં ભૂલાય એવી અને ગળચટ્ટી, ખાટી, મીઠી, ખારી, તીખી **વાનગીઓનો અદ્‌ભુત, અનોખો, અજોડ રસથાળ એટલે 'મંગલ મંદિર' – એવી પ્રતીતિ થાય છે.** તંત્રી - સહતંત્રી - લેખકો, કવિઓ અને સહભાગી સૌને અંતરના અભિનંદન. ખૂબ ખૂબ ધન્યવાદ અને મંગલ કામના સાથે મારો આનંદ પ્રગટ કરું છું.

*ડૉ. નટુભાઈ પી. પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩*

★

## 'મંગલ મંદિર' : દિલથી સૌને સલામ!

**વર્ષ ૨૦૧૧થી આજ સુધી જે માસિક મુખપત્ર નિયમિત વાંચવા ટેવાયેલી છું તેવા 'મંગલ મંદિર' મુખપત્રના તંત્રી મંડળને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.** સાથે આભાર પ્રગટ કરું છું કે આપના મુખપત્રને પ્રકાશિત કરવા અર્થે સંઘર્ષની ઘડીઓમાં તમામ પ્રયત્નો અવિરતપણે ચાલુ રાખ્યા.

મુખપત્ર મને એક દિવસ પણ પહોંચવામાં મોડું થાય તો વિલંબ સહન ન થાય તેવી મારી અધીરાઈથી સહતંત્રી શ્રી દિનેશભાઈ વાકેફ છે. મને તથા અન્ય લેખકશ્રીઓને મુખપત્ર સમયસર મળે તેવી તૈયારી સાથે મહેનત જોઇને તેમને દિલથી સૌ કોઈને સલામ કરવાનું મન થાય.

આપ જેવા સ્વજનો દ્વારા મહેનત અને સેવાની જ્યોત પ્રગટે છે એટલે જ અમારા જેવા લેખકોની કલમને વાચા મળે છે.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર' મારા પસંદગીના મેગેઝિનમાંનું એક છે. **મુખપત્રની વિશેષતા જેટલી ગણાવીએ તેટલી ઓછી પડે અને એ જ કારણ છે કે 'મંગલ મંદિર'ને વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી મળતી હોય છે.** મારા જેવા કેટલાય લેખકો અને કવિઓના દિલની ઈચ્છા હોય છે કે આ મુખપત્ર માટે લેખ લખવા અને છપાવવા અવસર પ્રદાન થાય.

'મંગલ મંદિર'નું અષાઢી બીજ એટલે કે કચ્છી નવા વર્ષની ઉજવણી પેટે રજૂ કરેલ જુલાઈ માસનું મુખપત્ર ખરેખર સરસ રહ્યું. કાર્યકારી જવાબદારી નિભાવતાં સહતંત્રી શ્રી દિનેશભાઈને હાર્દિક અભિનંદન. તે સાથે **શ્રી ચંદ્રકાંતભાઈ પટેલ 'સરલ'**ને તથા અન્ય જોડાયેલ તમામ સ્વજનોને પણ હાર્દિક અભિનંદન. જયહિંદ!

*ડૉ. પૂર્વિબેન ગોસ્વામી - ભુજ, કચ્છ*

## 'મંગલ મંદિર' પ્રકાશનમાં ચીવટ અને ખંતના દર્શન થાય છે...

સાદર નમસ્કાર. 'મંગલ મંદિર'ના અંક માટે તંત્રી મંડળને અભિનંદન. વિવિધ વિષયો પરના લેખો, કથા વિશેષ, નિબંધ અને કાવ્યોથી સભર એવો અંક 'મંગલ મંદિર' નામને સાર્થક કરે છે. અંક પ્રકાશનમાં ચીવટ અને ખંતના દર્શન થાય છે. **મુદ્રણ પણ સુરેખ, સુઘડ અને સુચારું છે.**

'મંગલ મંદિર' માસિક દ્વારા દૂર દૂર સુધી કલ્યાણ અને સૌંદર્યની સુવાસ પ્રસરતી રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ.

*કાલિન્દી પરીખ - અમરેલી*

★

## 'મંગલ મંદિર'નું સુભગ દર્શન ડાઇજેસ્ટ પ્રકારના આ સામયિકનું વાંચન વિવિધ રસનો સ્વાદ આપે છે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર' રૂપકડું અને જ્ઞાનસભર છે. **ડાયજેસ્ટ પ્રકારના આ સામયિકનું વાંચન વિવિધ રસનો સ્વાદ આપે છે.** ઓગસ્ટ-૨૦૨૧ના અંકનું આવરણ રાષ્ટ્રીય તિરંગાની યાદ આપે છે. વળી સ્વાતંત્ર્ય વીરોના નારા અને ફોટા જુસ્સો જગાવે એવા છે. તંત્રીલેખમાં સૂચનોની વાત હકારાત્મક રીતે થઈ છે. કવિતા, વાર્તા, નિબંધ અને લઘુકથાની સાથે આધ્યાત્મિક ચિંતન આ સામયિકને સંપૂર્ણ બનાવે છે.

કિશોરો, યુવાનો અને ગૃહિણીઓનો વિચાર પણ આ સામયિકના સૂત્રધારોએ કર્યો છે. કારકિર્દી ઘડતર, સ્વાસ્થ્ય સુધારણા અને સમાચાર દર્શનની સાથે શબ્દપૂરણી પણ અહીં છે.

ખાસ અભિનંદન **ચંદ્રકાંત પટેલ 'સરલ'**ને, કે જેમણે 'દિલની જબાન' વિભાગ અંતર્ગત મણકા-૯ માં આપણા અચ્છા શાયર મુસાફિર પાલનપુરી વિશે ખૂબ વિગતે અને શેર ટાંકીને વાત કરી છે. ઉર્દૂ, પાલનપુરી બોલી અને ગુજરાતી – ત્રણે ભાષામાં જેમની કલમ સડસડાટ ચાલતી જ રહી છે એવા કવિ વિશે વાંચીને ખૂબ આનંદ આવ્યો. આ ઉપરાંત **મણિલાલ હ. પટેલ**ની સુખ વિશેની વાત, **વાસુદેવ સોઢા**ની વાર્તા અને **પ્રતાપ નારણજી દંડ** દ્વારા કચ્છ વિશે જાણવાની પણ મજા આવી. આકર્ષક લે-આઉટ ધરાવતું અને સ્વચ્છ મુદ્રણથી ઓપતું આ સામયિક સુંદર કામ કરે છે તે માટે અભિનંદન.

*સંધ્યા ભટ્ટ - બારડોલી*
*મો. ૯૮૨૫૩ ૩૭૭૧૪*

*"બધાનું કલ્યાણ થાય" એવી ભાવના રાખવાથી પ્રથમ પોતાનું જ કલ્યાણ થાય છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૨૧-૨૨ના વરાયેલા નવા ટ્રસ્ટ મંડળ તથા નવી કારોબારી સમિતિની સંયુક્તપણે પ્રથમ મીટિંગ શનિવાર, તા. ૨૮-૮-૨૦૨૧ના રોજ સંસ્થાની ઓફિસ ખાતે મળી હતી. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

| | |
|---|---|
| *મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ* | શ્રી અશોકભાઈ મહેતા |
| *ઉપ પ્રમુખ-૧* | શ્રી ભરતભાઈ ઓઝા |
| *ઉપ પ્રમુખ-૨* | શ્રી નરસિંહભાઈ પટેલ |
| *ઉપ પ્રમુખ-૩* | શ્રી અતુલભાઈ સોની |
| *માનદ્ મંત્રી* | શ્રી હિમાંશુભાઈ ઠક્કર |
| *સહમંત્રી-૧* | શ્રીમતી રેખાબેન વિનોદભાઈ પટેલ |
| *સહમંત્રી-૨* | શ્રીમતી શીલ્પિબેન પ્રકાશભાઈ શાહ |
| *ખજાનચીશ્રી* | શ્રી મનુભાઈ કોટડિયા |
| *સહ ખજાનચી* | શ્રી સંજયભાઈ રાઠોડ |

તદુપરાંત 'કચ્છશ્રુતિ'ના તંત્રી મંડળમાં શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી હિમાંશુભાઈ ઠક્કરની વરણી કરવામાં આવી હતી. આ મીટિંગમાં વિદ્યાર્થી કેરિયર ડેવલપમેન્ટના વિવિધ પ્રકારના ક્લાસિસ શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેના માટે શ્રી હિમાંશુભાઈ ઠક્કર (મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪)નો સંપર્ક સાધી શકાશે, એમ તે સંસ્થાની એક પ્રેસનોટમાં જણાવાયું હતું.

## કચ્છી સાહિત્ય અકાદમી - ગાંધીનગર દ્વારા ૮ કચ્છી સર્જકોને શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક

કચ્છી ભાષા-સાહિત્યના વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક માટે ૮ કચ્છી સર્જકોની પસંદગી કચ્છી સાહિત્ય અકાદમી - ગાંધીનગર દ્વારા કરાઈ છે.

વાર્તા વિભાગમાં વિશ્રામ ગઢવીના પુસ્તક ''ઓમાણ'' પ્રથમ, ડૉ. રમેશ ભટ્ટના પુસ્તક ''ઉગ્યા કંધા'' દ્વિતીય અને રમેશ રોશિયાના પુસ્તક ''રાણા રાઈ'' તૃતીય તેમજ કવિતા વિભાગમાં પબુ ગઢવીના ''હિયાંરી''ને પ્રથમ, ડૉ. કાંતિ ગોર ''આરીસેજી આરપાર'' દ્વિતીય અને બાળ કવિતા વિભાગમાં ડૉ. મંજુલાબેન ભટ્ટના ''ગભૂરેં જ્યું ગાલિયું'' પુસ્તકને તૃતીય પુરસ્કાર જાહેર કરાયા છે.

વર્ષ ૨૦૧૯ માટે નાટક વિભાગમાં ડૉ. કાંતિ ગોરના ''હકલ કરે હિંયારી''ને પ્રથમ, વાર્તા વિભાગમાં મુંદ્રાના શામજી મહેશ્વરીને ''જુધાઈજી પીડા-૨'' માટે દ્વિતીય, કવિતા વિભાગમાં નલિયાના હરેશ દરજીના પુસ્તક ''ધીયરું'' પ્રથમ તેમજ નિબંધ વિભાગમાં વિશ્રામ એમ. ગઢવીના પુસ્તક ''ખીરોલા''ને દ્વિતીય પુરસ્કાર જાહેર કરાયા છે.

વર્ષ ૨૦૧૦થી ૨૦૧૫ સુધી 'દિવ્ય ભાસ્કર'માં 'વલો કચ્છ' કોલમના લેખન સંપાદક ડૉ. રમેશ ભટ્ટના વાર્તા સંગ્રહ 'ઉગ્યા કંધા' (તરસ્યા કાંઠા)ને ૨૦૧૯નું શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક જાહેર થયું છે. સાથે સાથે તેમના ધર્મપત્ની સ્વ. ડૉ. મંજુલા ભટ્ટના પુસ્તક 'ગભૂરેં જ્યું ગાલિયું'ને પણ પારિતોષિક જાહેર થયું છે. ડૉ. રમેશ ભટ્ટને તાજેતરમાં ૨૦૨૦નો કચ્છી સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર 'કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કાર' જાહેર થયો છે. તેઓ છેલ્લા ૪૦ વર્ષથી કચ્છી ભાષામાં ગદ્ય-પદ્યમાં અજોડ ખેડાણ કરી રહ્યા છે. તેમની ૨૦૧૫માં બંધ પડેલી કોલમ વલો કચ્છનો ફરીથી આરંભ થયો છે.

પબુ કરશન ગઢવી મૂળ માંડવી તાલુકાના કાઠડાના અને હાલે ભુજ રહે છે. તેમણે કચ્છ, ગુજરાત તેમજ રાજ્ય બહાર ૫૦૦ જેટલા કવિ સંમેલનોમાં ભાગ લીધો છે. તેમને તારામતી વિશનજી ગાલા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અને કચ્છ શક્તિ સાહિત્ય રત્ન રાષ્ટ્રીય ઍવોર્ડ મળ્યા છે.

માંડવી તાલુકાના મોટા લાયજાના વિશ્રામ એચ. ગઢવીએ ૭ કચ્છી પુસ્તકોનું સર્જન કર્યું છે. તેમને કચ્છી સાહિત્ય ક્ષેત્રે ખેડાણ કરવા બદલ બે વખત તારામતી વિશનજી ગાલા કચ્છી સાહિત્ય કલા પુરસ્કાર સહિત વિવિધ પારિતોષિક મળ્યા છે.

## ગીતાબેન રાંભિયાના સ્મારક પર પુષ્પાંજલિનો કાર્યક્રમ

ગૌરક્ષક ગીતાબેન રાંભિયાની શહાદતને ૨૮ વર્ષ પૂરા થતાં તા. ૨૭-૦૮-૨૦૨૧ના રોજ ગૌરક્ષક ગીતાબેન રાંભિયા શહીદ સ્મારક, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ ખાતે ગીતાબેનને શ્રદ્ધા સુમન અર્પણ કરવાનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં માનવજ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી કે.સી. લુઠિયા તેમજ આઈ.પી.એલ. ક્રિકેટર અરશદ પઠાણ, કલાકાર સીરાજ રંગવાલા તેમજ અન્ય અગ્રણીઓએ હાજરી આપી હતી. તે સાથે કચ્છ જિલ્લાના ગામ રામાણિયામાં પણ ગૌરક્ષક ગીતાબેન રાંભિયાના સ્મૃતિ સ્મારક પર ત્યાંના ગ્રામજનો દ્વારા શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ટ્રસ્ટ દ્વારા અમદાવાદ શહેર તેમજ આજુબાજુના વિસ્તારમાંથી સારી એવી સંખ્યામાં અબોલ જીવોને ગેરકાયદેસર કતલખાને જતાં બચાવીને અભયદાન આપવામાં આવે છે, એમ ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું હતું.

## એક અનોખો તહેવાર

કલ્પના પણ ન કરી શકીએ એવી હકીકત જેના જીવનની વાસ્તવિક્તા છે, તેવા સમર્પણ, બલિદાન અને સહાનુભૂતિથી ભરપૂર વ્યક્તિત્વ એટલે અમદાવાદમાં આવેલ દોશીવાડાની પોળમાં રહેતા હેમેન્દ્રભાઈ શાહ.

થોડા દિવસ પૂર્વે જ ઉજવાયેલ રક્ષાબંધન પર્વ પ્રસંગે હેમેન્દ્રભાઈને યાદ કરવાનું કારણ એ છે કે તેમણે કરેલ પારિવારિક તપસ્યા અનેક માટે પ્રેરણારૂપ છે. હેમેન્દ્રભાઈને ત્રણ સગી બહેનો છે. સૌથી મોટા બહેનનું નામ ભાનુબહેન છે. તેમની ઉંમર ૭૮ વર્ષ છે. બીજા બહેનનું નામ નીરુબહેન છે. તેમની ઉંમર ૭૩ વર્ષ છે. ત્રીજા બહેનનું નામ અલકાબહેન છે. તેમની ઉંમર ૫૩ વર્ષ છે. આ ત્રણેય બહેનો માનસિક વિકલાંગ છે. લગ્ન બાદ પત્નીને છૂટાછેડા આપ્યા પછી બહેનોને ભોજન વગેરેની તકલીફ ના પડે તે માટે ક્યારેક જાતે પણ રસોઈ કરવી, બહેનોને માથું ઓળી આપવું, રાત્રે બાથરૂમ જવું પડે તો બહેનોને હાથ પકડી લઈ જવા માટે અર્ધજાગ્રત સ્થિતિમાં જ રાત વિતાવવી, જેવા કાર્યો અનેક વર્ષોથી તેઓ કરી રહ્યા છે.

ત્રણ માનસિક વિકલાંગ બહેનોની જીવનભર સેવા એ જ એમના જીવનનું લક્ષ્ય બની ગયું છે. ૧૯૮૯ની સાલથી આજ સુધી તેઓ પોતાની ૩ બહેનોની સેવા એકલે હાથે કરી રહ્યા છે. ક્યારેક ઘણા સલાહકારો તેમને આ માનસિક વિકલાંગ બહેનોને વિકલાંગ સેન્ટરમાં મૂકી આવવા પણ જણાવે છે. પરંતુ આ ભાઈ જણાવે છે કે તેઓ પોતાની બહેનોને પોતાનાથી દૂર મોકલવા નથી માંગતા અને જીવનભર તેમની સેવા કરવા કટિબધ્ધ છે. **આ બહેનો ભલે માનસિક વિકલાંગતાનો ભોગ બની છે પરંતુ તેઓ નસીબદાર છે કે તેમને આવો ભાઈ મળ્યો છે.**

ત્રણ માનસિક વિકલાંગ બહેનો માટે જાતને ઘસી નાખનાર હેમેન્દ્રભાઈએ બહેનો માટે કરેલ તપસ્યા ખૂબ જ આશ્ચર્ય સાથે અહોભાવને ઉત્પન્ન કરનારી છે. તેઓ ભાગ્યને જરા પણ દોષ દીધા વગર અને આર્થિક તંગીનો સામનો કરીને પણ બહેનોની ખુશી માટે પ્રયત્નશીલ રહે છે. તેમના જણાવ્યા મુજબ તેઓ ક્યારેક આર્થિક સ્થિતિને પહોંચી વળવા પોતાનાથી શક્ય હોય તેવા દરેક પ્રયત્નો સતત કરે છે. મર્યાદિત આવક અને સતત ચાલતા દવા વગેરેના ખર્ચાને પહોંચી વળવા ક્યારેક તકલીફ પડે છે. તેમ છતાં પણ મક્કમ મનથી બહેનોની સેવાને જ પોતાનો ધર્મ માની રહેલ હેમેન્દ્રભાઈને ક્યારેક સેવાભાવી સંસ્થાઓ કે વ્યક્તિઓ તરફથી નાની-મોટી આર્થિક મદદ મળતી રહે છે. તેમનો સંપર્ક સૂત્ર ૯૮૨૪૮ ૪૩૬૭૭ છે. **કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા તેમનો સંપર્ક કરી તેમને આર્થિક મદદ કરવા દ્વારા અથવા છેવટે થોડા સારા શબ્દોથી પણ તેમનું ઉત્સાહવર્ધન કરી શકે છે.**

સંપન્ન પરિવારોમાં તથા બુદ્ધિજીવી લોકોમાં પણ ક્યારેક વ્યક્તિગત અહંકાર કે પારિવારિક ખટરાગ જેવા કારણોસર બહેનોને સન્માન ન મળતું હોય તેવા સમાજ વચ્ચે આ વ્યક્તિ એક ઉદાહરણરૂપ પ્રેરણા પૂરી પાડે છે. જીવનભર પોતાની માનસિક વિકલાંગ બહેનોની સેવાકાર્યની ધૂણી ધખાવીને બેઠેલા હેમેન્દ્રભાઈ માટે કહી શકાય કે તન-મન અને ધનથી બહેનોની સેવા દ્વારા રક્ષાબંધન પર્વના મર્મને તેઓ જીવનમાં આત્મસાત્ કરી ચૂક્યા છે.

***ડૉ. મેહા સંઘવી***
*સંઘવી એજન્સી, ૧૧, અંબિકા સોસાયટી,*
*હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૨ ૨૦૩૮૬*

## યુગ પ્રવર્તક સ્વામી વિવેકાનંદ

"માય ડિયર સિસ્ટર્સ એન્ડ બ્રધર્સ ઑફ અમેરિકા" – આ ચમત્કારીક સંબોધન થયું તે સ્થળ એટલે અમેરિકાના શિકાગો શહેરનો ભવ્ય કોલંબસ હોલ અને એ શુભ દિવસ હતો ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૩ અને એ અદ્‌ભુત સંબોધન કરનાર હતો ૩૦ વરસનો ભારતનો યુવાન સંન્યાસી, યુગ પ્રવર્તક, યુગાચાર્ય સ્વામી વિવેકાનંદ.

એ દિવસના ટૂંકા વ્યાખ્યાનમાં હૃદયદ્રાવક વાણીના અંતરની સચ્ચાઈના રણકારે કોલંબસ હોલમાં વિશ્વ ધર્મ પરિષદના વિશ્વના ધર્મ ધૂરંધરોને સ્તબ્ધ કરી દીધા. હિંદુ સંસ્કૃતિ વિશેના ખ્રિસ્તી ખેરખાંઓના ખ્યાલને તેમના જ પ્રદેશમાં આ યુવાવીરે દફન કરી દીધો હતો. **નાના કૂવામાં ડ્રાંઉ ડ્રાંઉ કરતા દેડકાંઓને તેમણે હિંદુ ધર્મના મહાસાગરનો ઉત્તમ પરિચય કરાવી દીધો.**

આ ઐતિહાસિક પરિષદ સમક્ષ આ ત્રીસ વરસના યુવાન સંન્યાસીએ ટૂંકા વ્યાખ્યાનમાં પણ હૃદયને સ્પર્શતી સચ્ચાઈ અને ધર્મ સહિષ્ણુતા બતાવી. જેથી શ્રોતાગણ, આયોજકો તથા વિદ્વાન વક્તાઓ મંત્રમુગ્ધ બની ગયા. બીજા દિવસે અમેરિકાના બધા જ અખબારોએ જાહેર કર્યું કે, 'સ્વામીજીનું વ્યાખ્યાન સર્વોત્તમ હતું.' આ એક જ વ્યાખ્યાને 'વેદાંત કેસરી' વિવેકાનંદને અમેરિકામાં જ નહીં, પરંતુ જગવિખ્યાત, જગતગુરૂ અને યુગાચાર્ય બનાવી દીધા. જગતને જણાયું કે યુગને એનો મહાપુરુષ સાંપડી ચૂક્યો છે.

આમ, પૂર્વમાંથી આવેલ અદ્‌ભુત સંન્યાસીએ પશ્ચિમની ધરતી ઉપર મહાભિનિષ્ક્રમણ કરી વિશ્વને વાકેફ કર્યું કે, 'વેદાંત તો વિઘ્નો તારનારી હિંદુસ્તાનની અણમોલ ભેટ છે.'

સપ્ટેમ્બર ૧૧, સને ૧૮૯૩એ સ્વામીજીનું પ્રથમ જાહેર પ્રવચન વિશ્વભરમાં આ સંબોધન - ઉદ્‌બોધનના પડઘા પડ્યા. સ્વામીજી માત્ર ૩૯ વર્ષની નાની ઉંમરે ૪ જુલાઈ, ૧૯૦૨ના ગોઝારા દિવસે મહાસમાધિમાં લીન થયા. એમનું જાહેરજીવન માત્ર નવ વરસનું છે. માત્ર નવ વર્ષમાં જ હિંદુસ્તાનના અને હિંદુત્વના આકાશમાં એક ઝળહળતા ધૂમકેતુની જેમ આવ્યા અને અદશ્ય થઈ ગયા.

યુવાનોના મનમાં અખૂટ શ્રદ્ધા સીંચનાર ભાવિ ભારતના સ્વપ્નદૃષ્ટા મહાન સંન્યાસી સ્વામીજીને કોટી કોટી વંદન.

***બી. જી. કાનાણી***
*પ્રિન્સિપાલ, શ્રી ઉમિયાજી મહિલા કોલેજ - ધ્રોળ*



ગેમ્સ ગેલેરી

# શુભ નવરાત્રી – ગેમ



ભાવના એ. ઝવેરી




સાતત્ય, સંસ્કૃતિ, સંસ્કારના ત્રિવેણી સંગમરૂપી શુભ નવરાત્રી ઉજવવાનો સમય આવી ગયો છે. આપણા વડીલોના જમાનાની ગરબીની યાદો જીવંત થતી હોય એવું નથી લાગતું...? આ તો માતાજીની ઈચ્છા છે અને આ જ સાચી ગરબીનો ડેમો આપણે બધાએ અપનાવી લેવા જેવો છે. હવે ઘરમાં રહીને જ નવરાત્રી કરવાની છે. તો તમારા માટે ખાસ ગેમ તૈયાર જ છે. ફેમિલી સભ્યો સાથે રમવા થઈ જાવ તૈયાર...

શુભ નવરાત્રીનું ચિત્ર આપેલું છે તેની સંખ્યા પ્રમાણે પ્રિન્ટ કરાવીને તૈયાર રાખો. તે સાથે બધાને પેન આપો. તેમાં આપેલ રાઉન્ડમાં ૧થી ૯૦ માંથી મનપસંદ અંક લખીને તૈયાર કરો. હાઉસીનું બોર્ડ અને ટોકન નંબર લઈ આ ગેમ રમાડો...

*નિયમ આ રીતે રાખી શકાય* :

★ જલ્દી પાંચ નંબર થાય તે.
★ પાંચેય ચિત્રોના વચ્ચેના નંબર કરવાના.
★ કુમારિકા પૂજન અને શુભ નવરાત્રીના નંબર કટ થાય તે વિજેતા.
★ કળશ અને શુભ નવરાત્રીના નંબર કટ થાય તે વિજેતા.
★ દાંડિયા અને શુભ નવરાત્રીના નંબર કટ થાય તે વિજેતા.
★ આરતી અને શુભ નવરાત્રીના નંબર કટ થાય તે વિજેતા.
★ દુર્ગા મા અને શુભ નવરાત્રીના નંબર કટ થાય તે વિજેતા.
★ બધા જ નંબર થાય તે વિજેતા...

***સરપ્રાઈઝ : અંતમાં બધા સાથે ગરબા કરો... રાસની રમઝટ બોલાવો... માતાજીની ધૂન, આરતી, છંદ બોલો....***

## પાણી ઉપર કહેવતો

૧. પાણી પાણી થઈ જવું.
૨. ટાઢા પાણીએ ખસ જવી.
૩. બળતા પર પાણી છાંટવું.
૪. આપણી સલાહ પથ્થર પર પાણી જેવી છે.
૫. ગરમ પાણીએ ઘર ન બળે.
૬. આંખમાં પાણી આવે એવી વાત.
૭. વાત ઉપર પાણી ફરી વળવું.
૮. પાણી ગુમાવી દેવું.
૯. પાણી ચઢાવવું.
૧૦. પાણી જોઈને પગલા ભરવા.
૧૧. પાણીમાં રહીને મગર સાથે વેર.
૧૨. પાણી પહેલા પાળ બાંધવી.
૧૩. કર્યા કરાવ્યા પર પાણી ફેરવવું.
૧૪. પાણીમાં બેસી જવું.
૧૫. જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવવા.
૧૬. પાણીના રેલાની જેમ દોડવું.
૧૭. પાણીમાં આગ લગાડવી.
૧૮. શાંત પાણી ઊંડા હોય.
૧૯. પેટનું પાણી હાલે તેમ નથી.
૨૦. પેટમાં પાણી ટકે નહીં.
૨૧. સો ગરણે પાણી ગાળવું.
૨૨. લોહીનું પાણી કરવું.
૨૩. અહીંનું પાણી સદી જવું.
૨૪. વહેતા પાણીમાં કાંકરા પણ હોય.

## NanoNine® શબ્દ રમત-૧૭૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ■ | ૫ | | ■ |
| ૬ | ■ | | ■ | ૭ | ૮ | | ■ | ૯ | | ■ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ■ | ૧૩ | | | ■ | ૧૪ | | | ૧૫ | |
| ૧૬ | | | | | ■ | ૧૭ | | | ■ | | ■ |
| ■ | | ■ | | ■ | ૧૮ | | ■ | ■ | ૧૯ | | ■ |
| ૨૦ | ■ | ૨૧ | | | ■ | ■ | ૨૨ | | | ■ | ૨૩ |
| ૨૪ | ૨૫ | | | ■ | ૨૬ | | ■ | ■ | ■ | ૨૭ | |
| ૨૮ | | ■ | ■ | ૨૯ | | ■ | ■ | ૩૦ | ૩૧ | ■ | |
| ૩૨ | | | ■ | ■ | ■ | ૩૩ | ૩૪ | | | ૩૫ | ■ |
| ૩૬ | ■ | ■ | ■ | ૩૭ | | ■ | | | ■ | ૩૮ | ૩૯ |
| ૪૦ | ૪૧ | ૪૨ | | | ■ | ■ | ૪૩ | | ■ | ૪૪ | |
| ■ | ૪૫ | | ■ | ૪૬ | | | ■ | ■ | ■ | ૪૭ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧૦-૨૦૨૧ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. પ્રતિકાર, આહ્વાન (૪)
૪. પરોઢિયું (૨)
૫. _____ પાસે કવચ અને કુંડળ હતા (૨)
૭. સમુદાય, મંડળી (૩)
૯. બાળ ભાષામાં ખાવાનું (૨)
૧૧. સમાજમાં _____ કપાઈ ગયું (૨)
૧૩. સર્વ, બધું (૩)
૧૪. લગ્નની ઋતુ, મોસમ (૫)
૧૬. જઠરમાં ઝરતો પાચક રસ (૫)
૧૭. હોમ, યજ્ઞ (૩)
૧૮. ન્યાયાધીશ (ઈ) (૨)
૧૯. મોરથુથુ, ગળી, રામની વાનર સેનાનો એક સેનાપતિ (૨)
૨૧. માખણ (૩)
૨૨. ચાકર, સેવક (૩)
૨૪. પ્રવાહની મધ્ય ધારા (૪)
૨૬. આકાશમાં રાત્રે ચમકતો સિતારો (૨)
૨૭. કસબ, ચંદ્રનો સોળમો ભાગ (૨)
૨૮. ભેજથી ધાતુ પર થતો રાતો પોપડો, પહોંચેલ (૨)
૨૯. સર્પ (૨)
૩૦. ડાળી, વિભાગ (૨)
૩૨. પરાકાષ્ઠા, છેલ્લી હદ, આંક (ઈ) (૩)
૩૩. ખાસ સત્તાથી કાઢેલો તાત્કાલિક હુકમ (૫)
૩૬. આંખ, નયન, લોચન (૨)
૩૭. કાગડાનો અવાજ, પિતાના ભાઈ (૨)
૩૮. ઓળ, પંક્તિ, પરાજય (૨)
૪૦. પલાયન કરી ગયેલું (૫)
૪૩. હૃદય, દિલ, છાતી (૨)
૪૪. કામ, કારણ, વાસ્તે (૨)
૪૫. દીવો, દીપક (૨)
૪૬. માંદગી (૩)
૪૭. લગની, ટેવ, વ્યસન (૨)

### ઊભી ચાવીઓ

૨. જો _____ ગયા, વો મર ગયા (૨)
૩. સાર, તત્ત્વ (૪)
૪. ક્યાં રાજા _____ ને ક્યાં ગંગો તેલી (૨)
૫. અપ્રીતિ, અભાવ (૩)
૬. ધાન્ય (૩)
૮. સામાન, પૂંજી (૨)
૯. છગન _____ તારે છાપરે લગન (૩)
૧૦. આકાશમાંથી પડતા કુદરતી બરફના ટુકડા (૨)
૧૨. ઝટ ભાંગે નહીં એવું, સખત (૩)
૧૩. એક છેડેથી બીજા છેડા સુધી (૫)
૧૪. રામનો પુત્ર (૨)
૧૫. પાણી (૩)
૧૭. મક્કાની જાત્રા (૨)
૧૯. જળ (૨)
૨૦. નર્મદા કિનારે આવેલું જ્યોતિર્લિંગ (૬)
૨૩. ઉલળતું, ગાડા જેવા વાહનના પાછળના ભાગમાં વધારે વજન હોવું તે (૩)
૨૫. ઘા, આંચકો, જોરબંધ ખેંચ (૩)
૨૬. છેડો, અંત, નીવેડો (૨)
૩૦. શરાફ, નાણાવટી (૪)
૩૧. રાખ, ધૂળ, મારેલી ધાતુ (૨)
૩૪. મજબૂત, ટકે એવું (૩)
૩૫. મહાદેવ (૪)
૩૬. પ્રાણીઓના માંસમાં રહેલો તૈલી પદાર્થ, મદ, અભિમાન (૩)
૩૯. રૂપું, ધોળાશ પડતું (૩)
૪૧. નાની પતંગ, નાનું પતંગિયું (૨)
૪૨. ચટ લઈને, એકદમ (૨)

*આપણે જાણીએ છીએ કે આ સંસારમાં કોઈ કોઈનું સગું નથી. સૌ કોઈ એકબીજાને છોડીને ચાલ્યું જવાનું છે. જે દેખાય છે એ બધો ભ્રમ છે અને ઈશ્વરે રચેલી આ બધી માયા છે. માટે સુખ કે દુઃખથી આપણે પર રહેવું જોઈએ અને ગમે એવા સંજોગોમાં પણ મનની શાંતિ જાળવવી જોઈએ.*

## NanoNine® શબ્દ રમત-૧૭૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધૂ | મ | સ | | અ | ર | સ | | શ | બ | ન | મ |
| મ્ર | | દા | સ | | જ | ગ | જા | હે | ર | | તિ |
| પા | ર | | જ | સ | ત | | સૂ | ર | | વ | |
| ન | ક | લ | | ર્વ | | ક | સ | | ક | ળ | શ |
| | મ | હે | ર | | ધા | ર | | પ | દ | | ણ |
| ઉ | | ર | મ | લ | | જ | મા | લ | | ગં | ગા |
| પા | ડા | | જા | વ | ક | | ત | કા | જો | | ર |
| દ્યા | | ગા | ન | | સ | ત્ય | | રો | ક | ડ | |
| ચ | મ | લ | | પ | ર | | એ | | ર | બ | ર |
| | ગ | | સ | ર | | સા | ક | ર | | લ | ક |
| આ | | ર | મ | ત | વા | ત | | વા | ટ | | ઝ |
| બા | લ | વ | ચ | | ર | મ | ચી | | ક | લં | ક |

*માસ જૂન-૨૦૨૧ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૭૧ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૩. દર્શના શાહ – અમદાવાદ
૪. ધર્મિષ્ઠા શાહ – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. ઈન્દુ પટેલ – અમદાવાદ
૭. દમયંતી દંડ – અમદાવાદ
૮. સ્મિતા શાહ – અમદાવાદ
૯. હસમુખ દેઢિયા – અડાલજ
૧૦. હસ્તી ઠાકર – ભુજ
૧૧. વાસંતી વોરા – અમદાવાદ

*માસ જુલાઈ-૨૦૨૧ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૭૨ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
૨. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૩. દમયંતી દંડ – અમદાવાદ
૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬ તનય શાહ – અમદાવાદ
૭. નિશી સંઘવી – અમદાવાદ
૮. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૯. જયંતીલાલ મહેતા – અમદાવાદ
૧૦. ઝરણા પારેખ – અમદાવાદ
૧૧. હસમુખ દેઢિયા – અડાલજ
૧૨. પ્રભા શેઠિયા – વલસાડ
૧૩. કંચન મોરબીયા – ભુજ
૧૪. હર્ષા મહેતા – ગાંધીધામ
૧૫. નગીન શાહ – નાગપુર
૧૬. ધનલક્ષ્મી મહેતા – મુંબઈ
૧૭. સાવિત્રી જેસરાણી – મુંબઈ

*માસ ઓગસ્ટ-૨૦૨૧ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૭૩ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. દમયંતી દંડ – અમદાવાદ
૩. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૪. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૫. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૬. પ્રભા શેઠિયા – વલસાડ

*શબ્દ રમત : ૧૭૧, ૧૭૨, ૧૭૩ના સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**સરલા શાહ – અમદાવાદ**

## પ્રમાણ

*કામ કરવામાં આનંદ આવે એટલા પ્રમાણમાં સ્વાસ્થ્ય*
*આપણી જરૂરિયાતો સંતોષી શકાય એટલું ધન*
*મુશ્કેલીઓનો સામનો કરી, તેને મ્હાત કરવા માટેનું બળ*
*પોતાની ભૂલ કબૂલ કરવા જેટલી મનની મોટાઈ*
*પરિશ્રમ કરીને સિદ્ધિ મેળવવા સુધીની ધીરજ*
*પડોશીઓમાં સજ્જનતા શોધી કાઢવા જેટલી ખેલદિલી*
*બીજાને ઉપયોગી થવા જેટલો પ્રેમ*
*ઈશ્વરની કૃતિઓને સમજવા માટેની શ્રદ્ધા*
*ભવિષ્યની ચિંતા અને ડર ન રહે એટલા પ્રમાણમાં આશા....*

***હે ઈશ્વર, તું મને આપજે....***

***કોઈ મારી પ્રશંસા કરે છે ત્યારે મારા અંતઃકરણમાં સુખ પેદા થતું નથી તો પછી કોઈ મારી નિંદા કરે તો એથી મને દુઃખ શું કામ થવું જોઈએ? જુઓ, આ રહ્યું ગુલાબ! એમાં કાંટા છે, ગુલાબ પણ છે. કોણ કોની પ્રશંસા કરે અને કોણ કોની નિંદા કરે? કાંટાની નિંદા થાય તો ગુલાબનું મહત્ત્વ વધે, ગુલાબની નિંદા થાય તો કાંટાનું મહત્ત્વ વધે, પણ છેવટે તો બંને એકબીજાની જ શોભા છે. આ સંસારમાં આપણા સૌના સંબંધ આવા જ છે. તે મારી નિંદા કરે છે એટલે મારું મહત્ત્વ વધે છે અને મારે લીધે એનું મહત્ત્વ વધે છે.***

## NanoNine® Sudoku

**જૂન-૨૦૨૧ ના અંકમાં છપાયેલ**
**સુડોકુ-૧૧૨૯ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. હેમલતા દેઢિયા – અડાલજ
૨. નિમિષ જૈન – અમદાવાદ
૩. અવંતી દંડ – અમદાવાદ
૪. સ્મિતા શાહ – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. મિનલ પટેલ – અમદાવાદ
૬. ઈન્દુબેન પટેલ – અમદાવાદ

**જુલાઈ-૨૦૨૧ ના અંકમાં છપાયેલ**
**સુડોકુ-૧૧૩૦ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. હેમલતા દેઢિયા – અડાલજ
૨. કાંતિ ગડા – મુંબઈ
૩. પ્રભા શેઢિયા – વલસાડ
૪. હર્ષા મહેતા – ગાંધીધામ
૫. અવંતી દંડ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૮. બિનોય ગોગરી – અમદાવાદ
૯. નયના ગોગરી – અમદાવાદ
૧૦. જયંતીલાલ મહેતા – અમદાવાદ
૧૧. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૨. ઝરણા પારેખ – અમદાવાદ
૧૩. તનય શાહ – અમદાવાદ

**ઓગસ્ટ-૨૦૨૧ ના અંકમાં છપાયેલ**
**સુડોકુ-૧૧૩૧ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. પ્રભા શેઢિયા – વલસાડ
૨. અવંતી દંડ – અમદાવાદ
૩. કલ્પના પાલાણી – અમદાવાદ
૪. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૫. ચાર્મિ દેઢિયા – અમદાવાદ
૬. ધર્મિષ્ઠા શાહ – અમદાવાદ

*સુડોકુ – ૧૧૨૯, ૧૧૩૦, ૧૧૩૧ના સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**ચાર્મિ દેઢિયા – અમદાવાદ**

## NanoNine® Sudoku

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

*સુડોકુ ક્રમાંક-૧૧૩૩અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૦-૨૦૨૧ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૩૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | 2 | | | 5 | 4 | |
| | | 5 | | 6 | | | 9 | |
| 6 | | 2 | 4 | | 5 | | 8 | |
| 3 | | 4 | | 1 | | | | 5 |
| 9 | | | 5 | | 6 | | | 4 |
| 5 | | | | 4 | | 9 | | 8 |
| | 3 | | 6 | | | 1 | | 9 |
| | 5 | | | 8 | | 4 | | |
| | 6 | 9 | | | 1 | | 5 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | 7 | | | 1 | | |
| 9 | 1 | | | | 4 | | | 3 |
| | | 8 | | 2 | | 6 | 1 | |
| 1 | | | | | 7 | 3 | | 2 |
| | 2 | | | 5 | | | 4 | |
| 5 | | 4 | 3 | | | | | 8 |
| | 5 | 1 | | 7 | | 4 | | |
| 8 | | | 2 | | | | 9 | |
| | | | 5 | | 3 | 8 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | 6 | | | | | 8 |
| 7 | | | | | 8 | 6 | 1 | |
| 6 | | 3 | 4 | 7 | | | 9 | |
| 1 | | 6 | | 4 | | | 7 | |
| | | 2 | 1 | | 7 | 8 | | |
| | 7 | | | 5 | | 9 | | 1 |
| | 4 | | | 8 | 6 | | | 7 |
| | 9 | 7 | 3 | | | | | 6 |
| 8 | | | | | 4 | 1 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | 6 | 8 | 5 | | | | |
| 7 | | | 1 | | | | 9 | 6 |
| | | 5 | 6 | | | 4 | 7 | |
| | 5 | | 2 | | | | | 1 |
| | | 2 | | 7 | | 9 | | |
| 4 | | | | | 3 | | 5 | |
| | 9 | 3 | | | 1 | | | |
| 2 | 8 | | | | 6 | | | 5 |
| | | | | 8 | 5 | 1 | | 9 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૩૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 9 | 3 | 1 | 5 | 4 | 6 | 2 |
| 5 | 3 | 4 | 8 | 2 | 6 | 1 | 7 | 9 |
| 2 | 6 | 1 | 4 | 7 | 9 | 8 | 3 | 5 |
| 9 | 4 | 8 | 5 | 3 | 1 | 6 | 2 | 7 |
| 6 | 1 | 7 | 2 | 9 | 4 | 3 | 5 | 8 |
| 3 | 2 | 5 | 7 | 6 | 8 | 9 | 1 | 4 |
| 4 | 9 | 6 | 1 | 5 | 7 | 2 | 8 | 3 |
| 1 | 5 | 2 | 9 | 8 | 3 | 7 | 4 | 6 |
| 7 | 8 | 3 | 6 | 4 | 2 | 5 | 9 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 6 | 4 | 9 | 3 | 7 | 8 | 1 | 5 |
| 7 | 5 | 3 | 6 | 8 | 1 | 4 | 9 | 2 |
| 1 | 8 | 9 | 4 | 5 | 2 | 6 | 3 | 7 |
| 5 | 9 | 6 | 2 | 4 | 3 | 1 | 7 | 8 |
| 8 | 4 | 2 | 7 | 1 | 5 | 9 | 6 | 3 |
| 3 | 7 | 1 | 8 | 6 | 9 | 5 | 2 | 4 |
| 9 | 2 | 8 | 5 | 7 | 6 | 3 | 4 | 1 |
| 4 | 3 | 7 | 1 | 9 | 8 | 2 | 5 | 6 |
| 6 | 1 | 5 | 3 | 2 | 4 | 7 | 8 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 8 | 5 | 9 | 7 | 3 | 1 | 4 | 2 |
| 3 | 4 | 7 | 6 | 2 | 1 | 5 | 8 | 9 |
| 1 | 9 | 2 | 8 | 4 | 5 | 6 | 3 | 7 |
| 2 | 1 | 9 | 4 | 6 | 8 | 7 | 5 | 3 |
| 8 | 6 | 3 | 5 | 1 | 7 | 2 | 9 | 4 |
| 5 | 7 | 4 | 3 | 9 | 2 | 8 | 1 | 6 |
| 4 | 2 | 6 | 1 | 5 | 9 | 3 | 7 | 8 |
| 7 | 3 | 1 | 2 | 8 | 4 | 9 | 6 | 5 |
| 9 | 5 | 8 | 7 | 3 | 6 | 4 | 2 | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | 6 | 9 | 1 | 5 | 4 | 8 | 7 |
| 9 | 4 | 5 | 8 | 6 | 7 | 3 | 2 | 1 |
| 8 | 7 | 1 | 3 | 2 | 4 | 5 | 9 | 6 |
| 3 | 6 | 9 | 5 | 8 | 2 | 1 | 7 | 4 |
| 4 | 2 | 8 | 7 | 3 | 1 | 6 | 5 | 9 |
| 5 | 1 | 7 | 6 | 4 | 9 | 2 | 3 | 8 |
| 1 | 9 | 2 | 4 | 7 | 3 | 8 | 6 | 5 |
| 7 | 8 | 3 | 1 | 5 | 6 | 9 | 4 | 2 |
| 6 | 5 | 4 | 2 | 9 | 8 | 7 | 1 | 3 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

## અભિનંદન

### ભારત અને વિશ્વ કક્ષાની સિધ્ધિ બદલ કેવલ અને કેયુરી મોરબીયાની સફળતાની વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે શાનદાર ઉજવણી થઈ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પરિવારના સભ્ય અને ભુજ મર્કેન્ટાઈલ બેંકના ફાઉન્ડર ચેરમેન અને MJV Allumni Association - ભુજના પાસ્ટ પ્રેસિડેન્ટ CA મહેન્દ્ર હરજીવન મોરબીયાના Twin સંતાનોની ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રની વિશેષ સફળતાની ઉજવણી, તાજેતરમાં પરિવારના વડીલ દાદીમા લીલાવંતીબેનની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે કરવામાં આવી હતી. ઈન્દુબેન અને મહેન્દ્રભાઈની સુપુત્રી ચિ. કેયુરીએ Chartered Accountancy ની બધી જ પરીક્ષાઓ પ્રથમ પ્રયત્ને પાસ કરવા ઉપરાંત ફાઈનલ પરીક્ષામાં ઓલ ઈન્ડિયા રેન્ક મેળવીને VBC જૈન સમાજ તથા કચ્છી જૈન સમાજનું ગૌરવ વધાર્યું છે. કેયુરીએ હાલે વિશ્વની ટોપ ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ કંપની JP Morgan Chase & Co. માં જોબ મેળવીને વ્યવસાયીક કારકિર્દીની શરૂઆત કરી છે.

સુપુત્ર ચિ. કેવલે ભુજની BMCB સ્કૂલમાંથી પ્રાથમિક એજ્યુકેશન અને અમદાવાદની દિવ્યપથ સ્કૂલમાંથી ધોરણ-૧૨ સાયન્સ પાસ કર્યા બાદ B.E. (Computer) ના અભ્યાસ માટે BITS Pilani માં એડમિશન મેળવી ૯.૭ CGPA સાથે યુનિવર્સિટી ટોપ રેન્ક મેળવેલો હતો. ત્યારબાદ MS Computer (Artificial Intelligence) ની પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી વિશ્વની ટોપ ૫ ક્રમાંકિત યુનિવર્સિટી ઓફ ઈલીનોઈસ એટ અર્બના સેઈમ્પેનમાં ૧૦૦ પર્સેન્ટાઈલ સાથે પ્રથમ રેન્ક મેળવીને વિશ્વ કક્ષાએ વિશેષ સિધ્ધિ હાંસલ કરી છે.

કેવલે યુ.એસ.એ.માં એમેઝોન અને માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓમાંથી ઈન્ટર્નશિપ કરીને હાલે MNC બ્લુમબર્ગ, ન્યુયોર્કમાં Senior A.I. Research Engineer તરીકે ૨૩ વર્ષની નાની ઉંમરે કરિયરનો પ્રારંભ કર્યો છે.

બંને સંતાનોની સફળતાની ઉજવણી Institute of Chartered Accountant of India ના એક્સ. પ્રેસિડેન્ટ CA સુનિલ તલાટીની ઉપસ્થિતિમાં કેક કટિંગ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અગ્રણીઓ શ્રી અશોકભાઈ મહેતા, શ્રી સંદીપભાઈ ગાલા, શ્રી પારસભાઈ સાવલા તથા VBC જૈન સમાજના એક્સ પ્રેસિડેન્ટ આર. આર. મહેતા (IAS) ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મહાવીર જૈન વિદ્યાલય - મુંબઈના માનદ્ મંત્રી CA હસમુખભાઈ ગઢેચા, અદાણી ગ્રુપના શ્રી પંકજભાઈ દોશી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના હોદ્દેદારો શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા CA ભાઈલાલભાઈ પટેલ વગેરેએ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવેલ હતા.

કેવલે ૩ વર્ષ અમેરિકામાં અનુભવ મેળવીને રોજગારીની તકો સર્જવા માટે ભારતમાં સ્ટાર્ટ-અપ શરૂ કરી સ્થાયી થવાની મહેચ્છા દર્શાવી છે.

કેવલ અને મયુરી ભુજ મર્કેન્ટાઈલ બેંક - અમદાવાદના જનરલ મેનેજર CA સ્મિત મોરબીયા અને એન્ટ્રપ્રિન્યોર નિર્મલ મોરબીયાના ભાઈ-બહેન છે. તેમણે સફળતાનો યશ માતા ઈન્દુબહેનની પ્રેરણા અને પિતા મહેન્દ્રભાઈના પ્રોત્સાહન અને પૂજ્ય સાધુ-સાધ્વીજીઓના આશીર્વાદને આપેલ છે.

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કોઈપણ વિદ્યાર્થીને અમેરિકામાં ઉચ્ચ અભ્યાસના માર્ગદર્શન માટે કેવલે હંમેશાં તત્પર રહેવાની ખાતરી આપી છે અને માર્ગદર્શન માટે મો. 84859 23995 (WhatsApp) પર સંપર્ક કરવા જણાવાયું છે.***

*YOU KNOW*
*That*
*I KNOW*
*And*
*YOU KNOW*
*That*
*YOU KNOW*
*That*
*I KNOW.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રી તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૨૧,૦૦૦/- શ્રી પૃથ્વી શાહ - ગાંધીનગર

દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૩૩મી અને ૩૪મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

સંસ્થાની ૩૩મી અને ૩૪મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૯-૦૯-૨૦૨૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળી હતી. સૌપ્રથમ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રીએ હાજર રહેલા સભ્યોને આવકાર આપ્યો હતો અને આજના દિવસે થનાર ચૂંટણીમાં પોતાની ઉમેદવારી નોંધાવનાર સભ્યોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લઇ ચૂંટણી ટાળવા માટે જે સહકાર આપેલ, તે બદલ સૌનો આભાર માન્યો હતો અને તેઓની ભાવનાને બિરદાવી હતી. ત્યારબાદ ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિમાં બિનહરીફ નીમવામાં આવેલ સભ્યોને આવકાર આપ્યો હતો.

આજની આ સામાન્ય સભામાં નીચે પ્રમાણે સભ્યશ્રીઓની બિનહરીફ વરણીની જાહેરાત કરવામાં આવી હતી.

**● ટ્રસ્ટ મંડળ ●**

| | | |
|---|---|---|
| **દાતા ગ્રુપ (૩ જગ્યા)** | : | *(૧) શ્રી પ્રતાપ નારાણજી દંડ* |
| | | *(૨) શ્રી હીરેન કુંવરજી શાહ* |
| | | *(૩) શ્રી ગિરીશ હીરજીભાઈ દેઢિયા* |
| **માનદ્ ગ્રુપ (૨ જગ્યા)** | : | *(૧) શ્રી મુકેશ મુળજી સાવલા* |
| | | *(૨) શ્રી વિશાલ મહેન્દ્રભાઈ શાહ* |
| **સ્વજન ગ્રુપ (૧ જગ્યા)** | : | *(૧) ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ* |

**● કારોબારી સમિતિ ●**

| | | | |
|---|---|---|---|
| **(૬ જગ્યા)** | : | *(૧) શ્રી દેવેશ દિલીપ દંડ* | *(૨) શ્રી રાજેશ ખીમચંદ ધરમશી* |
| | | *(૩) શ્રી મનિષ આણંદજી વીરા* | *(૪) શ્રી ધનરાજ રામજી દેઢિયા* |
| | | *(૫) શ્રી સંજય કીર્તિલાલ સંઘવી* | *(૬) કુ. કવિતા નવીનચંદ્ર સતરા* |

ત્યારબાદ સંસ્થાના માનદ્ મંત્રીશ્રીએ સંસ્થાની બે વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહી અને સેવાકીય પ્રવૃત્તિઓની વિગત સભા સમક્ષ રજૂ કરી હતી અને જણાવ્યું હતું કે સંસ્થાની ઉપરોક્ત પ્રવૃત્તિઓ ખૂબ જ સંતોષકારક રહેવા પામેલ હતી. જેને સર્વે સભ્યોએ ગ્રાહ્ય રાખેલ. ત્યારબાદ સંસ્થાના ખજાનચીશ્રીએ ગત બે વર્ષના ઓડિટ થયેલા હિસાબો સભા સમક્ષ રજૂ કર્યા હતા અને તેને સર્વે સભ્યોએ ગ્રાહ્ય રાખ્યા હતા. ત્યારબાદ આવતા વર્ષ માટે મે. નૌતમ આર. વકીલ એન્ડ કાં.ને સંસ્થાના ઓડિટર્સશ્રી તરીકે નિમણુંક કરવા માટેની દરખાસ્ત રજૂ કરી હતી. જેને ઉપસ્થિત સભ્યોએ ગ્રાહ્ય રાખી હતી. ત્યારબાદ સંસ્થાના મોભીઓ અને હાજર રહેલા કેટલાક સભ્યોએ સંસ્થાના હિત અને ઉન્નતિ માટે કેવી રીતે એક થઇને સેવાના કાર્યો કરવા જોઈએ તેની રજૂઆત કરી હતી.

ત્યારબાદ અન્ય કોઈ કાર્યવાહી બાકી ન રહેતાં મંત્રીશ્રીએ પ્રમુખશ્રીની મંજૂરીથી આજની સભાને બરખાસ્ત જાહેર કરી હતી.

***મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની રવિવાર, તા. ૨૬-૦૯-૨૦૨૧ના રોજ મળેલ મીટિંગમાં વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડની સર્વસંમતિથી વરણી કરવામાં આવી હતી અને ટ્રસ્ટ મંડળમાં નિયમ મુજબ ૨ **કો-ઓપ્ટ ટ્રસ્ટી તરીકે** *(૧) શ્રી ચંદ્રેશ વીરેન્દ્ર લોડાયા, (૨) શ્રી મનીષ મણિલાલ ગોસર* અને **આમંત્રિત ટ્રસ્ટી તરીકે** *(૧) ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ, (૨) શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા*ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ઓર્ગેનિક આહાર – "વેલ્યુ ફોર મની"

***મિત્રો,*** આપ સૌને ઓર્ગેનિક અને નોન ઓર્ગેનિક અનાજ - કઠોળ વિશે સામાન્ય માહિતી તો હશે જ. પરંતુ "વેલ્યુ ફોર મની"ના સિદ્ધાંતને પણ સમજવો જરૂરી છે.

આપણામાંથી મોટાભાગના લોકો અનાજ અને કઠોળનું મૂલ્યાંકન અને પસંદગી ફક્ત તેની વેચાણ કિંમત પરથી જ નક્કી કરતા હોય છે. કેટકેટલી ભ્રમણાઓ અને પૂર્વગ્રહો સાથે આપણે ખરીદી કરીએ છીએ, તે જુઓ : (૧) સસ્તું હશે તો ગુણવત્તા ખરાબ હશે. (૨) ઓર્ગેનિક હશે તો ખૂબ જ મોંઘુ હશે. (૩) પેકિંગ આકર્ષક હોવું જોઈએ. (૪) ઓર્ગેનિક છે તો કિંમત ઓછી કઈ રીતે હોઈ શકે? (૫) ઓર્ગેનિક છે એટલે ખરાબ ના જ થવું જોઈએ. (૬) ઓર્ગેનિક સર્ટિફિકેટ છે તો ૧૦૦% ગુણવત્તા હશે જ. (૭) ઓર્ગેનિક સર્ટિફિકેટ નથી તો કઈ રીતે માનવું કે ઓર્ગેનિક છે? વગેરે... – આવી બીજી અનેક પ્રકારની અટકળો અને પૂર્વધારણા સાથે છેવટે વેચાણ કિંમતમાં આપણા બજેટ પ્રમાણે જે સેટ થાય તે મુજબ આપણે ખરીદી કરીએ છીએ.

***તો શું છે આ "વેલ્યુ ફોર મની"નો સિદ્ધાંત? :*** "વેલ્યુ ફોર મની" – એટલે કે વસ્તુની વેચાણ કિંમતની સાથે વસ્તુની ગુણવત્તાનું મૂલ્યાંકન. આ રીતે જ્યારે આપણે પસંદગી કરીએ ત્યારે પૈસા સિવાય બીજા અન્ય પાસાઓ જેવા કે સ્વાદ, રંગ, રૂપ, પેકિંગ, પોષકતત્ત્વો, સ્વાસ્થ્ય માટે અનુરૂપ છે કે નહીં... વગેરે જેવા પરિબળો મુખ્ય બની જાય છે અને પછી વસ્તુની ખરીદી કરાય છે.

આ "વેલ્યુ ફોર મની"ના સિદ્ધાંત મુજબ આપણા "કચ્છ ઓર્ગેનિક્સ"માં મળતી તમામ વસ્તુઓનું મૂલ્યાંકન કરવાનો એક અનુરોધ છે. તો આવો, આપણે "વેલ્યુ ફોર મની"ના મહત્ત્વના મુદ્દાઓ વિશે ટૂંકમાં સમજીએ.

૧. **સ્વાસ્થ્ય માટે :** આપણે કોઈ પણ વસ્તુ કેમિકલ અને પેસ્ટિસાઇડ વગર અને હાનિકારક પદાર્થો ઉમેર્યા વગરના જ અનાજ અને કઠોળ ઉપલબ્ધ કરાવીએ છીએ. વધુમાં પ્રાકૃતિક રીતે તૈયાર કરેલા અનાજ અને કઠોળમાં પૌષ્ટિક તત્ત્વોની કોઈ ઉણપ હોતી નથી.

૨. આપણે ખરીદી કરવા માટે કોઈ વેપારી નહીં પરંતુ ખેડૂતમિત્ર અને તેમાં પણ જે મૂલ્યવર્ધિત પ્રવૃત્તિ કરે અને ખાસ કરીને કેમિકલ અને પેસ્ટિસાઇડ વગરની ખેતી કરે તેવા ખેડૂતોની પાસેથી જ ખરીદી કરાય છે. તેમાં વેપારીને કોઈ સ્થાન નથી. ખરીદી કરવા માટે ફક્ત ખેડૂત વર્ગ અને તેમાં પણ કચ્છ પ્રદેશના ખેડૂત હોય તો પહેલી પ્રાથમિકતા અપાય.

૩. આપણી જરૂરિયાત મુજબ ખરીદી કરીને પેકિંગ કરાય અને પછી ટ્રાન્સપોર્ટેશન અને વહીવટી ખર્ચ ઉમેરીને વેચાણ કિંમત નક્કી થાય છે. માટે જ અમુક સમયે આપણે કોઈ વસ્તુ માટે કદાચ રાહ જોવી પડે અથવા તો આકર્ષક પેકિંગ પણ કદાચ ના મળે. આપણે અહીં "વેલ્યુ ફોર મની"ના સિદ્ધાંત પ્રમાણે આકર્ષક પેકિંગને નહીં પરંતુ વસ્તુની ગુણવત્તાને પ્રાધાન્ય આપ્યું છે.

૪. બીજું એ કે આપણે કોઈ જથ્થાબંધ પ્રમાણે ખરીદીને સ્ટોર કરતા નથી પરંતુ આપણી જરૂરિયાત મુજબ જ ખરીદી કરીએ છીએ. તેથી સ્ટોરેજ કરવાનો ખર્ચ અને વસ્તુ બગડી જવાની કોઈ ચિંતા રહેતી નથી.

૫. સામાન્ય રીતે અનાજ કે કઠોળનો લોટ, તાજા શાકભાજી, ફળફળાદિ વગેરેમાં કોઈ પ્રિઝર્વેટિવ કે કેમિકલનો ઉપયોગ ના કરેલો હોય તો તે ભેજવાળા વાતાવરણમાં કે ખુલ્લી હવાના સંપર્કમાં આવતા ઝડપથી કરમાઈ જાય કે બગડી જાય અને જીવાત પણ પડતી હોય છે. પરંતુ બજારમાં મળતા અનાજ અને કઠોળ કે લોટ વગેરેમાં કોઈ જાતની બગડવાની કે જીવાત પડવાની ચિંતા નથી રહેતી કારણકે તેમાં પ્રિઝર્વેટિવ અને કેમિકલ નાખીને તેનો સંગ્રહ કરાય છે અને જીવજંતુને ખબર છે કે આ ન ખવાય કારણકે તેમાં કેમિકલ છે! પરંતુ આપણે તેને ખરીદી લઈએ છીએ, ભલે પછી તે આપણા સ્વાસ્થ્ય માટે નુકસાનકારક હોય!

જ્યારે આપણે પૈસાને વધુ મહત્ત્વ આપીએ અને પૌષ્ટિક, સ્વાદિષ્ટ તેમજ ગુણવત્તા સામે આંખ આડા કાન કરીએ અને સંતોષ માનીએ કે અમે ઉત્તમ ખરીદી કરીને પૈસા બચાવી રહ્યા છીએ ત્યારે એ ભૂલી જઈએ છીએ કે જીવલેણ બીમારી અને દવાખાનાના ખર્ચમાં બીજા અઢળક રૂપિયા વેડફાઈ જાય છે.તેના કરતા તો "વેલ્યુ ફોર મની"ના સિદ્ધાંત પ્રમાણે ખોરાકની ખરીદી કરી હોત તો દવાખાનાનો ખર્ચ પણ ઘટે અને સ્વાસ્થ્ય સુખાકારી પણ વધે.

જ્યારે આપણે કેમિકલ ફ્રી અને ઝેરમુક્ત ખોરાક ખરીદવાની શરૂઆત કરીએ છીએ ત્યારે ખરા અર્થમાં "અન્નદાતા સુખી ભવઃ"ના મંત્રને સાચા અર્થમાં સાર્થક કરીએ છીએ અને આ જ સિદ્ધાંત એટલે "વેલ્યુ ફોર મની."

હું વ્યવસાયે એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છું અને ગુજરાત સરકારની કંપનીમાં નોકરી કરું છું. સાથે સાથે ખેડૂત પણ છું. ઓર્ગેનિક ફાર્મિંગનો પ્રશિક્ષક છું. હોમ ગાર્ડનિંગ તેમજ કિડ્ઝ ગાર્ડનિંગ અને નક્ષત્ર વન પણ શીખવું છું. ગૌપાલનનો શિક્ષક છું. આર્ટ ઓફ લિવિંગના એગ્રિકલ્ચરલ ટ્રસ્ટમાં ગુજરાતમાં એપેક્ષ મેમ્બર તરીકે સેવા આપું છું અને બાગાયતી ખેતીમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગોવામાં ઝોનલ કો-ઓર્ડિનેટર તરીકે પણ સેવા આપું છું. કચ્છી સમાજ સાથે સંકળાઈને અને ખેડૂતોને મદદરૂપ થવા માટે આ પ્રવૃત્તિ કરવાનો મને એક મોકો મળ્યો છે તે બદલ હું સમગ્ર કચ્છી સમાજના લોકોનો આભારી છું.

ઉપર જણાવેલ દરેક મુદ્દાઓ "વેલ્યુ ફોર મની"ના સિદ્ધાંત પ્રમાણે ખરા ઉતરે છે અને તેને વેગ આપવા માટે આપ સૌના સહકારની જરૂર છે. – *(ચિંતન વ્યાસ : મો. ૯૮૨૫૦ ૭૩૦૦૮)*

***વિમેશ શાહ (મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭)***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***


વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Jalandhar
Ludhiana
Chandigarh
Punjab
Dehradun
Uttara khand
Meerut
Delhi
Ghaziabad
Noida
Bikaner
Gurgaon
Aligarh
Faridabad
Jaipur
Uttar Pradesh
Rajasthan
Jodhpur
Ajmer
Lucknow
Kanpur
Udaipur
Kota
Allahabad
Varanasi
Siliguri
Guwahati
Assam
Patna
Bihar
Ahmedabad
Gandhidham
Gujarat
Rajkot
Jamnagar
Bhavnagar
Madhya Pradesh
Ujjain
Bhopal
Jabalpur
Vadodara
Ankleshwar
Indore
Surat
Jharkhand
Durgapur
Ranchi
West Bengal
Kolkata
Chhattisgarh
Raipur
Rourkela
Vapi
Vadodara
Amravati
Nagpur
Nashik
Maharashtra
Cuttack
Odisha
Vasai
Bhiwandi
Aurangabad
Mumbai
Pune
Telangana
Warangal
Solapur
Sangli
Kolhapur
Hyderabad
Visakhapatnam
Kakinada
Rajahmundry
Vijayawada
Belgaum
Hubli
Guntur
Goa
Karnataka
Andhra Pradesh
Mangalore
Nellore
Tirupati
Bangalore
Mysore
Chennai
Pondicherry
Salem
Coimbatore
Erode
Kerala
Tiruppur
Madurai
Thrissur
Tamil Nadu
Kochi
Kollam
V-TRANS
Driving Excellence
TOOL BOX
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS®
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660, 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલ સામે,
પ્રહ્‌લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ :
gurjarprakashan@gmail.com
વેબસાઇટ :
www.gspbooksmall.com

## પાનેપાને પ્રેરણાની પરબ જેવું, વ્યક્તિત્વ-ઘડતર માટે
## ફાધર વાલેસનું અણમોલ સાહિત્ય




પ્રેરણાપરબ (પુરસ્કૃત)
₹ 100





વાણી તેવું વર્તન
₹ 500




શિક્ષણમંગલ
₹ 200





સદાચાર
₹ 125





વ્યક્તિઘડતર
₹ 120




વ્યક્તિમંગલ
₹ 280




યુવાધર્મ
₹ 50




સેવાધર્મ
₹ 90




સમાજમંગલ
₹ 200




ધર્મમંગલ
₹ 150




મુરલી
₹ 100




ગાંધીજી અને નવી પેઢી
₹ 100

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

**To,**